અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

20 APRIL-2026 MONDAY | Vol. : 17 | Issue : 287 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

હીટવેવ માનવ વસ્તી - વનસ્પતિ માટે નવું જોખમ : ન સહેવાય ન રહેવાય

4

એન્ટાર્કટિકામાં એમ્પરર પેંગ્વિનની વિલુપ્ત થવાની એરણે પહોંચ્યા

6

અજિત અગરકરને કડક નિર્ણયોનું ઈનામ, ચીફ સિલેક્ટર તરીકે કાર્યકાળ લંબાવાયો

7

સોમવારે તેજી સાથે ખુલી શકે છે બજાર: ગિફ્ટ નિફ્ટી 250 અંક વધ્યો, ઈરાન-અમેરિકા તણાવ સહિત 5 પરિબળો....

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિષ્ણુપુર પહોંચ્યા હતા**

# ચૂંટણી પછી ગુંડાઓને છોડીશું નહીં, ભ્રષ્ટાચારીઓનો હિસાબ કરાશે: મોદી

## છેલ્લા ૧૫ વર્ષમાં ટીએમસી સરકાર માત્ર જંગલરાજની જેમ નિર્દય શાસન ચલાવી રહી છે : આ સરકારે પ્રજાને ભયભીત કરીને રાખી છે : વડાપ્રધાન

**કોલકાતા, તા.19**

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી માટે ૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન યોજાવાનું છે. આ માટે તમામ રાજકીય પક્ષો જોરશોરથી ચૂંટણી પ્રચારમાં કરી રહ્યા છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ બંગાળના પુરુલિયામાં જનસભા સંબોધી બહુમતી સાથે ભાજપની સરકાર બનવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે, તેઓ ચૂંટણીમાં ક્યારે આગાહી કરતા નથી, ક્યારે બોલતા પણ નથી. તેઓ વર્ષોથી ચૂંટણી લડી રહ્યા અને આગાહીની વાતો ટાળતા રહ્યા છું. તેમણે એમ પણ કહ્યું કે, બંગાળમાં નાની વ્યક્તિથી લઈને ઘરમાં કામ કરનાર વ્યક્તિઓ ભાજપની જ સરકાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ‘સાથીઓ, હું સામાન્ય રીતે ચૂંટણીમાં ક્યારેય આગાહી કરતો નથી. શું પરિણામ આવશે તે વિશે હું ક્યારેય બોલતો નથી. હું વર્ષોથી ચૂંટણી લડી રહ્યો છું, પરંતુ હું આવી વાતો ટાળું છું. પરંતુ આ વખતે, જે પણ મળે છે - પછી તે કોઈ નાની વ્યક્તિ હોય કે ઘરમાં કામ કરનાર વ્યક્તિ હોય - દરેકના મોઢે એક જ વાત છે... આ વખતે બધા જ કહે છે કે, ભાજપની સરકાર પાક્કી છે. આ બધું જોયા પછી, સાંભળ્યા પછી અને મારા રાજકીય અનુભવના આધારે હું કહી રહ્યો છું કે, આ વખતે ભાજપ ખૂબ જ ભારે બહુમતી સાથે સરકાર બનાવવા જઈ રહી છે. અને જ્યારે હું ‘ભારે બહુમતી‘ કહું છું, ત્યારે તેનો અર્થ એ છે કે હું પૂરા વિશ્વાસ સાથે કહી રહ્યો છું કે આ વખતે સરકાર ભારે બહુમતીથી ભાજપની જ બનવાની છે.‘

વડાપ્રધાન મોદીએ પુરુલિયાના મુફસ્સિલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા રાયબાઘિની દેવી મેળા મેદાનમાં જનસભાને સંબોધતી વખતે તૃમણૂલ કોંગ્રેસ (TMC) સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે દાવો કર્યો કે, ‘બંગાળની પ્રજા હવે ડરના માહોલમાંથી બહાર નીકળી ગઈ છે. આ વખતે ભાજપની જ સરકાર બનશે. છેલ્લા ૧૫ વર્ષમાં ટીએમસી સરકાર માત્ર જંગલરાજની જેમ નિર્દય શાસન ચલાવી રહી છે. આ સરકારે પ્રજાને ભયભીત કરીને



રાખી છે, જોકે ટીએમસીએ જેટલી નિર્દયતા કરી છે, પ્રજાનો ભાજપ પરનો વિશ્વાસ તેટલો જ મજબૂત થયો છે. જે રીતે આસામમાં કોંગ્રેસને અને ત્રિપુરામાં માર્કસવાદી કોમ્યુનિસ્ટ પાર્ટીને ઉખેડી ફેંકવામાં આવી છે, તેવી જ રીતે બંગાળમાં પણ ઈતિહાસનું પુનરાવર્તન થશે.’

પીએમ મોદીએ અત્યંત આક્રમક તેવરમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના કાર્યકરો અને નેતાઓને ચેતવણી આપતા કહ્યું કે, ‘હું ટીએમસીના તમામ ગુંડાઓ, સિન્ડિકેટ અને ભ્રષ્ટાચારીઓને છેલ્લી તક આપું છું. ૨૯ એપ્રિલ પહેલા પોતપોતાના પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કરી લો, કારણ કે ૪ મે પછી કોઈ બચશે નહીં. તેમણે ઉમેર્યું કે, હવે બંગાળની જનતા બંગાળ ટાઈગર બનીને દહાડી રહી છે કે ‘હવે નહીં સહીએ, નિર્મમ સરકારને હટાવીને રહીશું‘.

બંગાળની બહેનો માટે પીએમ મોદીએ યોજનાઓનો પટારો ખોલતા જણાવ્યું કે ભાજપ સરકાર બન્યા બાદ, માતૃશક્તિ ભરોસા કાર્ડ: દરેક બહેનને વર્ષે ૩૬,૦૦૦ રૂપિયા મળશે. મહિલાઓને ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા મળશે (આયુષ્માન યોજના). દીકરીઓના શિક્ષણ માટે ૫૦,૦૦૦ રૂપિયાની મદદ આપવામાં આવશે. તેમને ૨૧,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય મળશે, જ્યારે બાળકના જન્મ પર કેન્દ્ર સરકાર તરફથી અલગથી ૫,૦૦૦ રૂપિયા અપાશે. મહિલાઓને પાકું ઘર બનાવવા માટે ૧.૫ લાખ રૂપિયાની મદદ અપાશે.

પીએમએ ટીએમસી પર આદિવાસી વિરોધી હોવાનો આરોપ લગાવતા કહ્યું કે, આખું વિશ્વ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું સન્માન કરે છે, પરંતુ ટીએમસીએ તેમનું અપમાન કર્યું છે. બંગાળની બહેનો આ ક્યારેય ભૂલશે નહીં. તેમણે વધુમાં જણાવ્યું કે, ઘૂસણખોરોને ફાયદો કરાવવા માટે ટીએમસી તમામ કાયદા તોડી રહી છે અને ધર્મના આધારે અનામત આપીને બંધારણનું ગળું ઘોંટી રહી છે.

પીએમએ બાંગ્લા નવ વર્ષ અને અક્ષય તૃતીયાના પાવન અવસર પર બંગાળની જનતાને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે બંગાળમાં દરેક સભા પહેલા કરતા મોટી થઈ રહી છે, જે આ નિર્મમ સરકાર સામેના આક્રોશનું પ્રતિક છે. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળની ૨૯૪ વિધાનસભા બેઠકો માટે બે તબક્કામાં મતદાન યોજાશે. રાજ્યના મતદારો ૨૩ એપ્રિલે ૧૫૨ બેઠકો માટે અને ૨૯ એપ્રિલે ૧૪૨ બેઠકો માટે મતદાન કરશે. જ્યારે ૪ મે-૨૦૨૬ના રોજ ચૂંટણીના પરિણામ જાહેર થશે. આ વખતે રાજ્યમાં મુખ્ય તૃમણૂલ કોંગ્રેસ (TMC) અને ભારતીય જનતા પાર્ટી (BJP) વચ્ચે ટક્કર જોવા મળવાની છે. મુખ્યમંત્રી મમતા બેનરજી ચોથી વખત સરકાર બનાવવા માટે પ્રયાસો કરી રહી છે, તો ભાજપ શુભેન્દુ અધિકારીના નેતૃત્વમાં બંગાળ પર સત્તા હાંસલ કરવાના પ્રયાસો કરી રહી છે.

### "થેન્ક્યુ બેટા, તેં મને ભાવુક કરી દીધો"

## બંગાળમાં ચૂંટણી રેલી દરમિયાન ઈમોશનલ થયા વડાપ્રધાન મોદી

### નાનો બાળક પોતાની સાથે વડાપ્રધાન અને તેમની માતાની તસવીર લઈને આવ્યો હતો : માતાની તસવીર જોઈને તેઓ ભાવુક થઈ ગયા

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી નજીક છે. એવામાં રાજકીય પક્ષોની તૈયારીઓ પૂર ઝડપે ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપ માટે ચૂંટણી પ્રચાર કરવા આજે પશ્ચિમ બંગાળ પહોંચ્યા છે. તેમણે પુરુલિયામાં જનમેદનીને સંબોધિત કરી હતી. આ દરમિયાન પીએમ મોદી ભાવુક જોવા મળ્યા હતા. પીએમ મોદીએ પુરુલિયામાં પોતાનું ચૂંટણી ભાષણ રોકીને એક નાના બાળક સાથે વાત કરી હતી. મીડિયાને આપેલા એક ખાસ ઈન્ટરવ્યૂમાં બાળક અને તેની માતાએ પોતાનો અનુભવ શેર કર્યો હતો.

ચૂંટણી પ્રચાર દરમિયાન પુરુલિયા જિલ્લાના રાયબાઘિની મેદાનમાં પહોંચેલા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અચાનક ભાવુક થઈ ગયા હતા. પોતાના ભાષણની વચ્ચે તેમણે એક નાના બાળક ચિરાગ પર ધ્યાન આપ્યું અને તરત જ પોતાની વાત રોકી દીધી.

જણાવવામાં આવી રહ્યું છે કે, નાનો બાળક પોતાની સાથે વડાપ્રધાન અને તેમની માતાની તસવીર લઈને આવ્યો હતો. આ જોઈને વડાપ્રધાને એસપીજીને નિર્દેશ આપીને તે તસવીર પોતાની પાસે મંગાવી અને કહ્યું કે, માતાની તસવીર જોઈને તેઓ ભાવુક થઈ ગયા.

સભા પૂરી થયા પછી તે નાના બાળક ચિરાગ અને તેની માતાએ જણાવ્યું કે, મોદીજીએ તેમની સાથે વાત કરી, જેનાથી તેઓ ખૂબ ખુશ છે. ચિરાગે જણાવ્યું કે, પીએમ મોદીએ તેને કહ્યું છે કે તેઓ તેને પત્ર લખશે.

પશ્ચિમ બંગાળની ૨૯૪ બેઠકો માટે બે તબક્કામાં મતદાન થવાનું છે. રાજ્યમાં ૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ૧૫૨ બેઠકો પર અને ૨૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ૧૪૨ બેઠકો પર મતદાન કરાવવામાં આવશે. તેમજ ૪ મે, ૨૦૨૬ના રોજ ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવશે. આ ચૂંટણીમાં મુખ્ય ટક્કર સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને ભારતીય જનતા પાર્ટી (BJP)વચ્ચે જોવા મળી રહી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતાની ચોથી ઈનિંગ માટે કમર કસી રહ્યા છે. જ્યારે ભાજપ શુભેન્દુ અધિકારીના નેતૃત્વમાં ચૂંટણી મેદાનમાં છે.

# તમિલનાડુની ફટાકડા ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ, 16નાં મોત: 6 ઘાયલ, ઘણા લોકો કાટમાળ નીચે દટાયા...

**કોલકાતા, તા.19**

તમિલનાડુના વિરુધુનગર જિલ્લામાં એક ફટાકડા ફેક્ટરીમાં રવિવારે વિસ્ફોટ થયો. ફાયર એન્ડ રેસ્ક્યુ વિભાગના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 16 લોકોના મૃતદેહ મળી આવ્યા છે. દુર્ઘટના સમયે ફેક્ટરીમાં 30 લોકો કામ કરી રહ્યા હતા. 6 લોકોને ગંભીર ઈજા થવાને કારણે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યારે ઘણા લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે.

ફાયર બ્રિગેડ, પોલીસ અને રાહત ટીમો ઘટનાસ્થળે પહોંચીને કાટમાળ હટાવવા અને ફસાયેલા લોકોને બહાર કાઢવામાં લાગી છે. હાલમાં વિસ્ફોટનું કારણ સ્પષ્ટ નથી. તમિલનાડુના CM એમકે સ્ટાલિને X પર લખ્યું- આ દુર્ઘટનામાં ઘણા લોકોના મોત થયાના સમાચાર અત્યંત દુઃખદ છે. હું મૃતકોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું.

સીએમએ મંત્રીઓને તાત્કાલિક ઘટનાસ્થળે જવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે તેમણે જિલ્લા કલેક્ટર સાથે વાત કરીને તમામ જરૂરી સહાય પહોંચાડવા માટે તમામ વ્યવસ્થા કરવાના નિર્દેશ આપ્યા.

આ પહેલા 13 એપ્રિલે



વિરુધુનગર સત્તૂર નજીક સથિરાપટ્ટી વિસ્તારમાં એક ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો. જેમાં બે મજૂરોના મોત થયા હતા. પાંડી નામના મજૂરનું ઘટનાસ્થળે દાઝી જવાથી મોત થયું હતું. જ્યારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરુપ્પાસામી (33)નું મોત થયું હતું.

છત્તીસગઢ પાવર પ્લાન્ટ દુર્ઘટનાઃ અત્યાર સુધીમાં 19નાં મોત;36 લોકો દાઝી ગયા; વેદાંતા મૃતકોના પરિવારજનોને 35-35 લાખ વળતર અને નોકરી આપશે

છત્તીસગઢના સક્તિ જિલ્લામાં વેદાંતા પાવર પ્લાન્ટ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 19 લોકોના મોત થયા છે. 4 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે 6 લોકોના રાયગઢ મેડિકલ કોલેજમાં, 5 લોકોના જિલ્લા હોસ્પિટલ રાયગઢમાં અને 2 લોકોના રાયપુરની કાલડા હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયા હતા. મંગળવારે બપોરે પ્લાન્ટમાં બોઈલર ફાટ્યું હતું.

આ દુર્ઘટનામાં કુલ 36 લોકો દાઝી ગયા છે, 18 ઘાયલોની અલગ-અલગ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. હાલમાં 4 મૃતકોની ઓળખ ઠંડારામ અને પપ્પુ કુમાર અને અમૃત લાલ પટેલ (50) અને યુપીના બ્રિજેશ કુમાર તરીકે થઈ છે. બાકીનાની ઓળખ કરવામાં આવી રહી છે.

# અજમેરમાં 200-ફૂટ ઊંડી ખીણમાં બસ ખાબકી, બે મહિલાના મોત: 31 મુસાફરો ઘાયલ

**અજમેર, તા.19**

અજમેરમાં મુસાફરોથી ભરેલી બસ 200 ફૂટ નીચે ખીણમાં ખાબકી. અકસ્માતમાં બે મહિલાઓના મોત થયા. 31 લોકો ઘાયલ થયા. પુષ્કર જઈ રહેલી બસમાં 33 લોકો સવાર હતા. તેઓ પીસાંગણ (અજમેર)માં મામેરુ ભરવા જઈ રહ્યા હતા.

આ દરમિયાન પુષ્કર ઘાટીમાં બસ બેકાબૂ થઈ ગઈ. અકસ્માત પુષ્કરથી લગભગ 3 કિલોમીટર પહેલા રવિવારે બપોરે લગભગ 12 વાગ્યે થયો. ઘટનાસ્થળેથી પસાર થઈ રહેલા લોકોએ કપડાંમાંથી દોરડું બનાવી ઘાયલોને ખીણમાંથી બહાર કાઢ્યા.

તમામ મુસાફરોને પહેલા પુષ્કરની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ત્યાંથી તેમને અજમેરની જેએલએન હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા. અકસ્માત બાદ પુષ્કર ઘાટીમાં લાંબો જામ થયો હતો.

સીઓ ગ્રામીણ રામચંદ્ર ચૌધરીએ જણાવ્યું- અજમેરથી પુષ્કર તરફ જતી વખતે સાંજીસરથી થોડે આગળ આ અકસ્માત થયો હતો. બસ અચાનક મેઈન રોડ પરથી ખીણમાં ઉતરી ગઈ. લગભગ 200 ફૂટ નીચે આવીને ઝાડીઓમાં ફસાઈ ગઈ.

લોકોની મદદથી 33 મુસાફરોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. તેમાંથી પૂજા (28) પત્ની વિજય સિંહ ગુર્જર અને વિમલા દેવી (50) પત્ની ઓમ પ્રકાશ ગુર્જરનું મૃત્યુ થયું. બંને અજમેરના રહેવાસી હતા.



જ્યારે એક ઘાયલને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. ડ્રાઈવરની શોધખોળ ચાલી રહી છે. મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

અજમેરમાં બચાવ કામગીરી હાથ ધરનાર કોબ્રા ટીમના સુખદેવ ભટ્ટે જણાવ્યું હતું કે બસ ખીણમાં પડી હોવાની માહિતી મળ્યા બાદ અમે ત્યાં પહોંચ્યા હતા. એક મહિલાએ અમને જણાવ્યું હતું કે બસ પડી તે પહેલાં ડ્રાઈવર કૂદી પડ્યો અને ભાગી ગયો હતો.

# પહેલગામ હુમલાની વર્ષગાંઠ પહેલા કાશ્મીરમાં સુરક્ષામાં વધારો: 22 એપ્રિલે લશ્કરના આતંકવાદીઓએ 26 લોકોની હત્યા કરી હતી

**પહેલગામ, તા.19**

પહેલગામ આતંકી હુમલાની પ્રથમ વરસી પહેલા કાશ્મીરભરના ટુરિસ્ટ સ્પોટ્સ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. તમામ સુરક્ષા એજન્સીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓ પહેલગામ હુમલાની વર્ષગાંઠ પર ટુરિસ્ટ સ્પોટ્સની આસપાસ, કોઈપણ સંભવિત આતંકી હુમલાને લઈને સતર્ક રહે. પહેલગામ આવતા ટુરિસ્ટોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે. દરેક સર્વિસ પ્રોવાઈડરની તપાસ કરવામાં આવી છે. તેમને રજિસ્ટર્ડ કર્યા છે. તેમને યુનિક QR કોડ આપવામાં આવ્યો છે. આમાં વ્યક્તિની અંગત માહિતી અને બીજી વિગતો છે. ગયા વર્ષે 22 એપ્રિલે લશ્કર-એ-તૈયબાના આતંકીઓએ પહેલગામની બૈસરન ઘાટીમાં 26 લોકોને ગોળી મારીને હત્યા કરી દીધી હતી. હુમલાના કારણે જમ્મુ-કાશ્મીરથી ટુરિસ્ટોએ આવવાનું બંધ કરી દીધું હતું. લગભગ 50 ટુરિસ્ટ સ્પોટ બંધ કરી દેવામાં આવ્યા હતા. બાદમાં સિક્યોરિટી ઓડિટ પછી કેટલાક સ્પોટ ફરીથી ખોલવામાં આવ્યા. જમ્મુ-કાશ્મીરની બહારથી આવીને અહીં કામ કરતા વેન્ડરોનું પણ



પોલીસે સંપૂર્ણ વેરિફિકેશન કર્યું છે, જેથી સુરક્ષામાં કોઈ કમી ન રહે. આ જ કારણે તેમને અલગ-અલગ QR કોડ આપવામાં આવ્યા છે. આ QR કોડમાં વ્યક્તિનું નામ, પિતાનું નામ, પૂરું સરનામું, મોબાઈલ નંબર, આધાર નંબર, રજીસ્ટ્રેશન નંબર, કામનું ક્ષેત્ર નોંધાયેલું હોય છે. આ સાથે એ પણ માહિતી હોય છે કે તેનું પોલીસ વેરિફિકેશન થયું છે કે નહીં. પહેલગામમાં કામ કરતા તમામ લોકો જેવા કે પોની રાઈડ ચલાવનારા, ફોટોગ્રાફર, વેન્ડર અને અન્યને તપાસ કર્યા પછી જ QR કોડ આપવામાં આવ્યા છે. અમેરિકામાં ભારતીય દૂતાવાસ કેપિટલ હિલ પર મંગળવારે એક પ્રદર્શન યોજશે, જેમાં પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ પર ફોકસ કરવામાં આવશે. ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રા ‘ધ હ્યુમન કોસ્ટ ઓફ ટેરરિઝમ’ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે. તેનો ઉદ્દેશ્ય આતંકવાદથી થતા નુકસાન અને તેની અસરને સામે લાવવાનો છે.

આ એક ડિજિટલ પ્રદર્શન હશે, જેમાં 1993ના મુંબઈ બોમ્બ ધડાકા, 2008ના મુંબઈ હુમલા અને પહેલગામ હુમલા જેવા કિસ્સાઓ દર્શાવવામાં આવશે. આ સાથે આ હુમલાઓ પાછળ રહેલા સંગઠનો અને તેમની સાથે સંકળાયેલા લોકોની માહિતી પણ આપવામાં આવશે. પહેલગામ હુમલાનો બદલો લેવા માટે ભારતીય વાયુસેનાએ 6-7 મે 2025ની મધરાતે 1:05 વાગ્યે પાકિસ્તાન અને PoKમાં એર સ્ટ્રાઈક કરી. માત્ર 25 મિનિટ ચાલેલા ઓપરેશનમાં 7 શહેરોમાં 9 આતંકી ઠેકાણાં ઉડાવી દીધા હતા.



# ચૂંટણીપંચના અધિકારી-કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે ઉગ્ર બોલાચાલી

## આચારસંહિતા ભંગની ફરિયાદ બાબતે પોતાને ત્યાં તપાસ માટે આવેલી ટીમને નિકુલસિંહ ભાજપ ઉમેદવારના ઘર-ઓફિસ પર લઈ ગયા



અમદાવાદ, તા.19

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો જંગ હવે ધીમે ધીમે શરૂ થયો છે. કુબેરનગર વોર્ડમાં પોલિંગ બૂથની 200 મીટરની જગ્યામાં કાર્યાલય અને ઝંડા લગાવવાની બાબતને લઈને કોંગ્રેસના ઉમેદવાર નિકુલસિંહ તોમર ચૂંટણી પંચના અધિકારીઓને લઈને ભાજપના ઉમેદવાર ગિરિવરસિંહ શેખાવતના ઘરે પહોંચી ગયા હતા અને અધિકારીઓને બતાવ્યું હતું કે પોલિંગ બૂથની અડીને ઘરની દીવાલ આવેલી છે અને ત્યાં ઝંડા લગાવેલા છે તેને જોઈ લો. ચૂંટણી પંચના અધિકારીઓને ઉમેદવારની સામે કહ્યું હતું કે જો હવે કોઈપણ એક પાર્ટીનો પક્ષ લઈને કામ કરશો તો સારું નહીં રહે. મારી ખાનગી જગ્યામાં મારી પરવાનગી વિના આવશો તો છોડીશ નહીં તેવી વાત કરી હતી. આ સમગ્ર ઘટના અંગેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. અમદાવાદ મહાનગરપાલિકામાં ભાજપ અને કોંગ્રેસમાં સૌથી વધારે જો રાજકીય જંગ હોય તો કુબેરનગર વોર્ડમાં જોવા મળી રહ્યો છે. કુબેરનગર વોર્ડના કોંગ્રેસના ઉમેદવાર નિકુલસિંહ ઉંમરનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. પોલિંગ બુથના 200 મીટરમાં નિકુલસિંહ તોમરે એક જમણવાર રાખવામાં આવ્યો છે અને ઝંડા લગાવેલા તે અંગેની ચૂંટણી પંચના અધિકારીઓને ફરિયાદ મળી હતી. જેને લઈને તપાસ કરવા માટે પહોંચ્યા હતા અને નિકુલસિંહ તોમર અને તેમના કાર્યકર્તાઓએ તેમને જગ્યા બતાવી દીધી હતી જ્યાં જમણવારની જગ્યામાં કોઈ પણ પ્રકારના ઝંડા લાગેલા નથી અને ધાર્મિક કાર્યક્રમ ચાલે છે અને ક્યાંય પણ રાજકીય પાર્ટીનો ઝંડો નથી તેવું બતાવ્યું હતું. ચૂંટણી પંચના અધિકારીઓએ કહ્યું હતું કે અમને ફરિયાદ મળી હતી જેના કારણે થઈ અને અમે અહીંયા તપાસ કરવા માટે આવ્યા હતા. ત્યારબાદ નિકુલસિંહ તોમરે કહ્યું હતું કે જો તમે ફરિયાદ મળી હતી અને અહીંયા આવ્યા છો તો ભગવતી સ્કૂલ પાસે 200 મીટરની જગ્યામાં ભાજપના ઉમેદવારનું ઘર આવેલું છે અને ત્યાં પણ પાર્ટીના ઝંડા લગાવેલા છે તો આવા ઝંડા તમે દૂર કરશો. નિકુલસિંહ તોમર તેમના કાર્યકર્તાઓ સાથે ચૂંટણી પંચના અધિકારીઓને લઈને ભગવતી સ્કૂલ પાસે આવેલા ભાજપના ઉમેદવાર ગિરિવરસિંહ શેખાવતના ઘરે ગયા હતા. જ્યાં તેમણે બતાવ્યું હતું કે એમના ઘરની દીવાલ પોલિંગ બુથને અડીને આવેલી છે અને અહીંયા પણ ઝંડા લાગેલા છે. ચૂંટણી અધિકારીઓને કહ્યું હતું કે હવે તમે જો મારી પરવાનગી વિના મારી ખાનગી મિલકતમાં પ્રવેશ કરશો અને કોઈ એક રાજકીય પાર્ટી માટે કામ કરશો તો સારું નહીં થાય.

કુબેરનગર વોર્ડના કોંગ્રેસના ઉમેદવાર નિકુલસિંહ તોમરે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ભાજપના વોર્ડ પ્રમુખ ચૂંટણી પંચના અધિકારીઓને લઈને ફરિયાદ કરવા માટે આવ્યો હતો અને તેમની સાથે પણ આવ્યો હતો. પરંતુ હું આવ્યો એ પહેલા જતો રહ્યો હતો. ચૂંટણી પંચના અધિકારીઓ આવ્યા હતા અને મને કહ્યું હતું કે અહીંયા કાર્યાલય ખોલવામાં આવ્યું છે પોલિંગ બુથના 200 મીટરમાં રાજકીય પાર્ટીના ઝંડા હોવા જોઈએ નહીં. જે અમે કોઈપણ રાજકીય પાર્ટીના ઝંડા લગાવ્યા વિના ત્યાં જમણવાર ધાર્મિક કાર્યક્રમ માટે કરેલો હતો.

વધુમાં તેમણે કહ્યું હતું કે જો આવી ફરિયાદ માટે તપાસ કરવા આવ્યા છો તો ભાજપના ઉમેદવાર ગિરિવરસિંહ શેખાવતનું ઘર પણ પોલિંગ બુથની અડીને જ આવેલું છે અને ત્યાં પણ ઝંડા લાગેલા છે જેથી અમે ચૂંટણી પંચના અધિકારીઓને લઈને તેમના ઘરે ગયા હતા અને બતાવ્યું હતું. જો મારી પરવાનગી વિના ખાનગી મિલકતમાં પ્રવેશ કર્યો તો સારું નહીં થાય એવું સ્પષ્ટ કહ્યું હતું. ગિરિવરસિંહ શેખાવતને પણ આ બાબતે ધ્યાન દોર્યું હતું. ભાજપના વોર્ડ પ્રમુખને લઈને આવ્યા હતા તો તમે તેમના નોકર નથી. જો ફરિયાદ મળ્યો તો તમારે એકલાએ આવવાનું હોય એને સાથે લઈને શા માટે આવ્યા હતા. તમારે કોઈપણ પક્ષપાત વિના કામ કરવાનું હોય છે એવું પણ સ્પષ્ટ કહી દીધું હતું. કુબેરનગર વોર્ડના ભાજપના ઉમેદવાર ગિરિવરસિંહ શેખાવતે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ચૂંટણી પંચના અધિકારીઓને ફરિયાદ મળી હતી કે પોલિંગ બૂથ પાસે નિકુલસિંહ તોમરે કાર્યાલય બનાવ્યું છે જેથી તેઓ ત્યાં ગયા હતા. પોલિંગ બૂથ નજીક 200 મીટરમાં ક્યાંય પણ રાજકીય પાર્ટીની કોઈ પ્રવૃત્તિ ન થતી હોવી જોઈએ પરંતુ તેને કાર્યાલય ખોલ્યું હતું અને અમારા ત્યાં આવ્યા હતા અને ચૂંટણી પંચના અધિકારીઓ અને તેઓ બોલતા હતા પણ શું બોલ્યા એ મારું વધારે ધ્યાન નહોતું પણ વીડિયોમાં બધું જોવા મળી રહ્યું છે. મારી ત્યાં ઓફિસ આવેલી છે એવું બતાવવા માટે નિકુલસિંહ તોમર આવેલો છે પરંતુ મારુ ઘર ત્યાં આવેલું છે અને હું તો સંમતિ પત્ર સાથે ત્યાં મારી ખાનગી જગ્યાએ ઓફિસ બનાવી શકું છું પરંતુ પોલિંગ બુથ પાસે ત્યાં ઓફિસ ના બનાવી શકાય.

# HCના ક્લાસ-1 અધિકારીની પાઉંમાં ફૂગ તો ડોક્ટરના પિત્ઝામાં વાળ નીકળ્યો

## ઝેપટોના સંચાલકે ગલ્લા-તલ્લા કરતા પોલીસ બોલાવી, વિલિયમ જ્હોન્સ પિત્ઝા સામે AMCમાં ફરિયાદ




અમદાવાદ, તા.19

બહાર જમવાના શોખીનો માટે વધુ બે લાલબત્તી સમાન કિસ્સા સામે આવ્યા છે. શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલા વિલિયમ જ્હોન્સ પિત્ઝામાં અનલિમિટેડ ભોજનનો આનંદ લેવા ગયેલા એક ડોક્ટરના પહેલા પિત્ઝામાંથી જ વાળ નીકળતા હંગામો મચી ગયો હતો. આ બાબતે ડોક્ટરે રેસ્ટોરન્ટ સંચાલકો સામે રોષ પ્રગટ કરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) માં લેખિત ફરિયાદ નોંધાવી છે.

બીજા બનાવમાં ગુજરાત હાઈકોર્ટમાં ફરજ બજાવતા ક્લાસ-1 અધિકારીએ ઓનલાઈન મંગાવેલી બ્રેડ-પાઉં વાસી અને ફૂગ વાળી નીકળી હતી. અધિકારીએ સ્ટોર પર હાજર વ્યક્તિને આ બાબતે વાત કરતા તેણે ગલ્લા-તલ્લા કર્યા હતા, જેથી અધિકારીએ 112 નંબર ઉપર ફોન કરી પોલીસ બોલાવી હતી અને ફરિયાદ નોંધાવી છે. શાહીબાગમાં રહેતા ડો. ધ્રુવ પટેલ તેમના મિત્ર સાથે વિલિયમ જ્હોન્સ પિત્ઝામાં જમવા ગયા હતા. તેમણે પહેલા સલાડ ખાધું અને ત્યારબાદ પિત્ઝા ઓર્ડર કર્યા હતા. જેવો પહેલો માર્ગેરીટા પિત્ઝા ટેબલ પર આવ્યો, તે ખાવા જતાં જ તેમાં મોટો વાળ જોવા મળ્યો હતો. સ્વચ્છતાના અભાવે ડોક્ટરે તાત્કાલિક તે પિત્ઝા પડતો મૂકી સંચાલકોને જાણ કરી હતી.

ડો. ધ્રુવ પટેલે આરોપ લગાવ્યો હતો કે, જ્યારે મેં કર્મચારીઓને પિત્ઝામાં વાળ હોવાની ફરિયાદ કરી, ત્યારે તેમણે માત્ર પિત્ઝા બદલી આપવાની વાત કહીને સંતોષ માની લીધો હતો. મેનેજર સાથે વાત કરવાની માંગ કરી ત્યારે કર્મચારીઓ એકબીજા પર ખો આપતા રહ્યા અને મેનેજરે પણ કોઈ યોગ્ય પ્રતિસાદ ન આપ્યો.

આ મામલે વિલિયમ જ્હોન્સ પિત્ઝા (શાહીબાગ)ના ફ્રેન્ચાઈઝી માલિક અભયભાઈએ જણાવ્યું હતું કે, બનાવતી વખતે ભૂલથી વાળ આવી ગયો હોઈ શકે છે. અમે આ બાબતે તકેદારી રાખીશું અને બીજી વખત વાળ નહીં આવે.

ગાંધીનગર પાસે આવેલા સુઘડ નજીક રહેતા અને ગુજરાત હાઈકોર્ટમાં ક્લાસ-1 ઓફિસર તરીકે ફરજ બજાવતા ઓઝા યોગેન્દ્ર કુમારે ઝેપટો એપ્લિકેશન મારફતે કભી ભી કંપનીના બ્રેડ-પાઉં અને અન્ય સામાન મંગાવ્યો હતો. જે ડિલિવરી બોય લઈને આવ્યો, ત્યારે પાઉં ફૂગ વાળી અને વાસ મારતી હતી. જે બાબતે ડિલિવરી બોયને વાત કરી તો તેણે જણાવ્યું કે, મોટેરા ખાતે આવેલી ઝેપટો કંપનીના સ્ટોરમાંથી આ સામાન લઈને આવ્યો છે. ઓનલાઈન ટેબલેટનું એડ્રેસ મેળવીને જ્યારે યોગેન્દ્ર કુમાર સ્ટોર ઉપર પહોંચ્યા, ત્યારે હાજર વ્યક્તિને જવાબ આપવામાં ગલ્લા-તલ્લા કર્યા હતા. આ બાબતે યોગેન્દ્ર કુમારે 112 નંબર બોલાવીને ચાંદખેડા પોલીસ સ્ટેશન અને ફૂડ વિભાગમાં ઝેપટો સ્ટોરના વહીવટ કર્તાઓ અને માલિક વિરોધ ફરિયાદ કરી છે. જાહેર જીવનમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરવા બદલ તેમણે ફરિયાદ નોંધાવી છે.

# ઉમરેઠ પેટાચૂંટણી, કુંજરાવમાં ભાજપનું વિજય સંમેલન: પ્રદિપસિંહ જાડેજા, અલ્પેશ ઠાકોર સહિતના દિગ્ગજો હાજર રહ્યા



આણંદ, તા.19

ઉમરેઠ વિધાનસભા બેઠકની આગામી પેટાચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ પ્રચાર અભિયાનનો પ્રારંભ કર્યો છે. ખંભોળજ જિલ્લા પંચાયત વિસ્તારના કુંજરાવ-ભીલેશ્વર ખાતે એક વિશાળ 'વિજય વિશ્વાસ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ભાજપના દિગ્ગજ નેતાઓ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં રાજ્યના પૂર્વ ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, ભાજપના અગ્રણી નેતા અલ્પેશ ઠાકોર અને આણંદના સાંસદ મિતેશભાઈ પટેલ ખાસ હાજર રહ્યા હતા. આ ઉપરાંત, પૂર્વ ધારાસભ્યો ભૂષણ ભટ્ટ, રમણભાઈ સોલંકી, હસમુખભાઇ અને કાંતિભાઈ સોઢા પણ મંચ પર ઉપસ્થિત રહી કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો હતો.

નેતાઓએ ઉમરેઠ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર હર્ષદ પરમાર અને ખંભોળજ જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર સુનિલ સોલંકીને જંગી મતોથી વિજયી બનાવવા માટે મતદારોને અપીલ કરી હતી. વક્તાઓએ સરકારની વિકાસગાથા અને લોકકલ્યાણના કાર્યોને લોકો સુધી પહોંચાડવા કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું.

કુંજરાવ અને આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં મતદારો અને પક્ષના કાર્યકરો આ સંમેલનમાં ઉમટી પડ્યા હતા, જે ભાજપની સંગઠન શક્તિનું પ્રદર્શન હતું. ઉપસ્થિત તમામ મહાનુભાવો અને કાર્યકરોએ આગામી પેટાચૂંટણીમાં ભવ્ય વિજય મેળવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ સંમેલન સાથે જ ઉમરેઠ પંથકમાં ચૂંટણીનો માહોલ ગરમાયો છે.

# માતરમાં યુવાન પર પાંચ શખ્સોનો હુમલો: જમીન વિવાદના સમાધાન બાદ જાનથી મારી નાખવાની ધમકી



નડિયાદ, તા.19

ખેડા જિલ્લાના માતર ગામમાં વાણંદ સમાજની પંચની વાડી પાસે પાણી અને જમીનના વિવાદમાં સમાધાન થયા બાદ પણ જૂની અદાવત રાખી ફરિયાદી પર પાંચ શખ્સોએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે ફરિયાદીને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા માતર પોલીસ મથકે પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ ઘટનાની વિગત મુજબ માતર ગામની તુલસી વિલા સોસાયટીમાં રહેતા ઉમંગ શર્માએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. માતર ગામમાં તેમના સમાજની પંચની જમીનનો વિવાદ ચાલતો હતો જેનું તાજેતરમાં જ 300 રૂપિયાના સ્ટેમ્પ પેપર પર લખાણ કરી સમાધાન કરવામાં આવ્યું હતું. આ સમાધાનમાં ગામના વિશાલ રબારી સહિતના લોકોએ બાંહેધરી આપી હતી. જોકે આ સમાધાન બાદ પણ મનદુઃખ રાખીને ગત 17 એપ્રિલના રોજ રાત્રે સાડા દસ વાગ્યાના સુમારે જયેશ રબારીએ ઉમંગ શર્માને ફોન કર્યો હતો.

જયેશ રબારીએ ફોન પર ઉમંગ શર્માને જણાવ્યું હતું કે મારે તને મળવું છે અને જો તું નહીં આવે તો અમે તારા ઘરે આવીશું. આ સાંભળીને ઉમંગ શર્મા તેમના પિતા નીલેશભાઈ અને અન્ય સાહેદો સાથે વાણંદ ખડકીમાં આવેલી પંચની મિલકત પાસે પહોંચ્યા હતા. ત્યાં અગાઉથી જ જયેશ રબારી, વિશાલ રબારી અને પકો રબારી હાજર હતા. ત્યાં પહોંચતા જ જયેશ રબારીએ યુવકને પ્રશ્ન કર્યો હતો કે તું અમારા સમાજ વિશે કેમ બોલે છે અને તને આ વાતો કોણે કહી છે તેના નામ આપ તો જ તને જવા દઈશું.

ઉમંગ શર્માએ કોઈનું નામ આપવાની ના પાડી હતી અને જો ભૂલ થઈ હોય તો માફી માંગવાની તૈયારી બતાવી હતી. તેમ છતાં ઉશ્કેરાયેલા વિશાલ રબારીએ ફરિયાદીને ધક્કામુક્કી કરી માથાના ભાગે મુક્કા મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન ત્યાં ભોલો રબારી અને પાર્થ અર્જુન રબારી પણ આવી પહોંચ્યા હતા. પાર્થ રબારીએ ગાળો આપીને ઉમંગ શર્માને લાફા અને ગડદાપાટુનો માર માર્યો હતો. અન્ય આરોપીઓએ ઉમંગને ઘેરી વળીને હુમલો ચાલુ રાખ્યો હતો.

ઉમંગને માર મારતા જોઈ ત્યાં હાજર તેમના પિતા અને અન્ય મિત્રોએ તેમને છોડાવવા માટે વચ્ચે પડ્યા હતા. આ દરમિયાન હુમલાખોરોએ વચ્ચે છોડાવવા આવેલા મુકેશભાઈ નામના વ્યક્તિને પણ પેટના ભાગે મુક્કા માર્યા હતા.

# રાજ્યમાં આકરી ગરમી વચ્ચે કમોસમી વરસાદની આગાહી: મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર, 8 જિલ્લામાં માવઠાની શક્યતા



અમદાવાદ, તા.19

રાજ્યમાં આકરી ગરમીના રાઉન્ડ શરૂ થયો છે. મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર પહોંચી રહ્યો છે. તો બીજી તરફ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા આજથી ત્રણ દિવસ અલગ અલગ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.આજે 8 જિલ્લામાં માવઠાની શક્યતા છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. જેના પ્રભાવના કારણે 19, 20 અને 21 એપ્રિલના અનેક જિલ્લાઓમાં વરસાદ થઈ શકે છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ત્રણ દિવસ સુધી કમોસમી વરસાદ થવાની શક્યતા છે. જોકે 24 કલાકમાં તાપમાનમાં કોઈ પણ મોટો બદલાવ જોવા મળ્યો નથી. જેમાં સૌથી વધુ તાપમાન રાજકોટમાં જોવા મળ્યું છે. તેમજ અમદાવાદમાં પણ 41 ડિગ્રી તાપમાન નોંધાયું છે. તેમજ તાપમાનમાં ખાસ કોઈ બદલાવ જોવા મળી શકે તેમ નથી. તેમજ 5 દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવા માટેની પણ સૂચના આપવામાં આવી છે. 15થી 20 કિલોમીટર સુધી પવન ફૂંકાઈ શકે છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, રાજ્યમાં સુરતને બાદ કરતા અન્ય જિલ્લાઓના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. હાલમાં ગુજરાતના 5 શહેરમાં ગરમીનો પારો 41Cને પાર પહોંચી ગયો છે. 18 એપ્રિલે 41.9 ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર રહ્યું હતું. તો અમદાવાદમાં પણ ગરમીનો પારો 41.8 અને સુરેન્દ્રનગરમાં 41.7 ડિગ્રીએ પહોંચ્યો હતો. જો કે આજથી 21 એપ્રિલ સુધી કમોસમી વરસાદની આગાહીને પગલે વિવિધ શહેરોના મહતમ તાપમાનમાં 2થી 4 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

દેશના ઉત્તર-પશ્ચિમના રાજ્યો અને મધ્ય ભારતમાં ભીષણ ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. શનિવારે છત્તીસગઢના રાજનાંદગામ અને મહારાષ્ટ્રના વર્ધામાં તાપમાન 45C નોંધાયું હતુ. શનિવારે દેશના 10 સૌથી ગરમ શહેરમાં ઉત્તરપ્રદેશના બાંદામાં 44.6, તેલંગણાના આદિલાબાદમાં 44.3, મહારાષ્ટ્રના નાગપુર-અમરાવતીમાં 44.2 અને મધ્યપ્રદેશના રતલામમાં 44Cનો સમાવેશ થાય છે.

રાજસ્થાન, યૂપી, મધ્યપ્રદેશ, ઓડિશા, તેલંગણા અને છત્તીસગઢના અનેક શહેરમાં તાપમાન 43Cથી વધારે રહ્યું. એટલે કે મે પહેલા જ મહતમ તાપમાનમાં જબરજસ્ત વધારો થયો છે.હવામાન વિભાગે આજે છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડમાં રાત્રિના સમયે લૂનું એલર્ટ જાહેર કર્યું છે. સતત ત્રીજા દિવસે આ રાજ્યોમાં ગરમીનો પારો 40Cથી વધારો નોંધાયો હતો.

# ચાંદખેડા વોર્ડમાં વિરોધના કારણે સ્ટાર પ્રચારકે મિટિંગ સ્થળ બદલવું પડ્યું: જીજ્ઞેશ મેવાણી પ્રચારમાં આવતા સુબોધ કુમુદ સિવાયના એક પણ ઉમેદવાર ન ફરક્યાં, કાર્યકર્તાઓએ જ વિરોધ કર્યો



અમદાવાદ, તા.19

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈ કોંગ્રેસમાં કકળાટ વધુ વકર્યો છે. વડગામના ધારાસભ્ય અને સ્ટાર પ્રચારક જીગ્નેશ મેવાણીને ચાંદખેડા વોર્ડમાં પ્રચાર માટે જગ્યા બદલવી પડી હતી. ગઈકાલે 18 એપ્રિલે જીગ્નેશ મેવાણી ચાંદખેડા વોર્ડમાં પ્રચાર માટે આવવાના હતા. જે માટે સાંજે 6.30 વાગ્યે આઈ.ઓ.સી.રોડ પર આવેલા સ્નેહપ્લાઝામાં કરિશ્મા એવેન્યુમાં મિટિંગનુ આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ સ્થાનિક કાર્યકર્તાઓના વિરોધના કારણે 6.40એ જગ્યા બદલી હેમાંગી ફ્લેટના કોમનપ્લોટમાં રાખવામાં આવી હતી. તેમજ પ્રચારમાં માત્ર સુબોધ કુમુદ જ જોવા મળ્યા હતા. પેનલના અન્ય ઉમેદવારો પણ પ્રચારમાં હાજર રહ્યા નહતા. જેથી સ્ટાર પ્રચારકે માત્ર એક ઉમેદવાર સુબોધ કુમુદ અને અન્ય કાર્યકર્તાઓને સાથે રાખીને પ્રચાર કરવો પડ્યો હતો. ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ તેમના નજીક વ્યક્તિ સુબોધ કુમુદને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ચાંદખેડા વોર્ડમાં ટિકિટ અપાવી છે. સ્થાનિક ઉમેદવારને ટિકિટ ન મળવાથી આ વોર્ડના કાર્યકર્તાઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. તેમજ વિસ્તારમાં પેરાશૂટ ઉમેદવાર નહીં ચાલે તેવા પોસ્ટર પણ લગાવ્યા હતા. જે બાદ ગુજરાત કોંગ્રેસ દ્વારા 40 સ્ટાર પ્રચારકમાં જીગ્નેશ મેવાણીને પણ મેદાને ઉતારવામાં આવ્યા છે. જેથી જીગ્નેશ મેવાણી ચાંદખેડા વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવારોના પ્રચાર માટે આવ્યા હતા. વોર્ડના તમામ હોદ્દેદારો, વિવિધ ડિપાર્ટમેન્ટના હોદ્દેદારો થતા કાર્યકરોની અગત્યની મિટિંગ માટેનું સ્ટાર પ્રચારક જીગ્નેશ મેવાણીએ આયોજન કર્યું હતું. જો કે અગાઉથી નક્કી કરેલા સ્થાન પર મિટિંગ પણ કરવા દેવામાં આવી નહતી. માત્ર એટલું જ નહીં જે જગ્યાએ મિટિંગ કરવાની હતી.

# સાયબર ક્રાઈમનો ફરાર આરોપી અમદાવાદથી ઝડપાયો: 4 મહિનાથી પોલીસ જાપ્તામાંથી ફરાર હતો, 25 પાસબુક, 43 ATM કાર્ડ અને 23 સીમકાર્ડ જપ્ત



અમદાવાદ, તા.19

જૂનાગઢ પોલીસની સ્પેશિયલ ઓ પરેશન ગ્રુપ (SOG) ને સા ય બર ક્રાઈમના એક ગંભીર ગુ નામાં મોટી સફળતા મળી છે. શીલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ સા ય બર છેતરપિંડીના ગુનામાં છેલ્લા ચાર મહિનાથી પોલીસને હં ફાવી રહેલા આરોપી કેવિન ર મે શ ભાઈ દેકીવાડીયાને અમ દા વાદના મેમનગર વિ સ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે.

જૂનાગઢ રેન્જ આઈજી અને પોલીસ અધિક્ષકની સૂચના મુજબ નાસતા ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ અંતર્ગત SOGની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આ ઓપરેશન પાર પાડ્યું હતું.

આરોપી કેવિન દેકીવાડીયા, જે મૂળ જૂનાગઢના ઝાંઝરડા રોડનો રહેવાસી છે, તે અમદાવાદના મેમનગર સ્થિત નિલમણી સોસાયટીના ઓક્સફોર્ડ ટાવરમાં મકાન ભાડે રાખીને છુપાયો હતો. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે તે અહીંથી પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો છે. આ બાતમીના આધારે SOGની ટીમે દરોડો પાડીને તેની અટકાયત કરી હતી.

તપાસ દરમિયાન તેની પાસેથી જે મુદ્દામાલ મળી આવ્યો છે તે જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી છે. તેની પાસેથી અલગ-અલગ બેંકોની 25 પાસબુકો, 43 જેટલા ATM કાર્ડ્સ, 23 સીમકાર્ડ અને 5 મોબાઈલ ફોન મળી આવ્યા છે.

પકડાયેલ આરોપી વિરુદ્ધ BNS Act ની કલમ 317(2), 317(4) અને IT Act ની કલમ 66(ડી) મુજબ ગુનો નોંધાયેલો હતો. તેની પાસેથી મળી આવેલ મુદ્દામાલની કિં મત અંદાજે 42,000 રૂપિયા આંકવામાં આવી છે. આટલી મોટી સંખ્યામાં પાસબુક અને ATM કાર્ડ મળી આવતા પોલીસને આશંકા છે કે આ એક મોટા સાયબર ફ્રોડ નેટ વર્કનો ભાગ હોઈ શકે છે. હાલમાં આ તમામ મુદ્દામાલ બાબતે બી- ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અલગ થી જાણવાજોગ દાખલ કર વા ની તજવીજ હાથ ધરવામાં આવી છે.

આ સફ ળ કામગીરીમાં SOG ના ઈન્ચાર્જ પોલીસ ઈ ન્સ્પે ક્ટર કૃણાલ એમ. પટેલ, એ.એસ. આ ઈ. વિક્રમભાઈ ચાવડા તેમજ પો.કોન્સ. કૃણાલસિંહ પરમાર અને મયુરભાઈ ઓડેદરા સહિતના સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આરોપી આ ટલા બધા બેંક એકાઉ ન્ટ્સ અને સીમકાર્ડનો ઉપયોગ કોના નામે અને કઈ રીતે કરતો હતો. આગામી દિવસોમાં આ કેસમાં વધુ મોટા ખુલાસા થવાની શક્યતા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# મમતાએ કહ્યું- PMએ રાષ્ટ્રને સંબોધનમાં પ્રચાર કર્યો: ચૂંટણી પંચને ફરિયાદ કરીશ, મોદીએ કહ્યું - અનામતનો વિરોધ કરનારાઓને મતથી સજા આપો

**કોલકાતા, તા.19**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વડાપ્રધાન મોદી પર રાજકીય પ્રચાર માટે સરકારી મશીનરીનો 'દુરુપયોગ' કરવાનો આરોપ લગાવ્યો. હુગલી જિલ્લાના તારકેશ્વરમાં એક ચૂંટણી રેલીને સંબોધતા બેનર્જીએ કહ્યું કે મોદીએ મહિલા અનામત બિલ અંગે રાષ્ટ્રને કરેલા સંબોધનનો ઉપયોગ ભાજપને પ્રોત્સાહન આપવા માટે કર્યો. 'અમે ચૂંટણી પંચમાં ફરિયાદ કરીશું.

આ દરમિયાન, પીએમ મોદીએ પશ્ચિમ બંગાળના વિષ્ણુપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધન કરતા કહ્યું, તૃણમૂલ કોંગ્રેસ સરકારે બંગાળની દીકરીઓ સાથે દગો કર્યો છે. આગામી વિધાનસભા ચૂંટણીમાં મહિલાઓ ચોક્કસપણે તેમને આ માટે સજા આપશે.

તેમણે એમ પણ કહ્યું કે બંગાળની મમતા બેનર્જી સરકાર નથી ઈચ્છતી કે બંગાળની દીકરીઓ મોટી સંખ્યામાં સાંસદ બને. તેથી, તેણે અનામત સંબંધિત કાયદો સંસદમાં પસાર થવા દીધો નહીં.

પીએમએ કહ્યું- હું ટીએમસીના સભ્યોને તેમના સંબંધિત પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કરવાની છેલ્લી તક આપી રહ્યો છું. કારણ કે 4 મે પછી કોઈ ગુનેગાર બચી શકશે નહીં.

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું, ભારતીય મુસ્લિમો અમને મોટી સંખ્યામાં મત આપે છે. મને લાગે છે કે ભાજપ પશ્ચિમ બંગાળમાં 'બેવડી સદી' અને આસામમાં 'સદી' ફટકારશે.

અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયની પાર્ટી, ટીવીકેએ હાઈ-પ્રોફાઈલ એડાપ્પડી વિધાનસભા બેઠક પર એક અપક્ષ ઉમેદવારને સત્તાવાર રીતે સમર્થન આપ્યું છે.

પીએમ મોદીએ કહ્યું, હું બંગાળની બહેનોને ટીએમસીના દુષ્કૃત્યો વિશે ચેતવણી આપવા માંગુ છું. ટીએમસી 'મા, માટી, માનુષ'ની વાત કરીને સત્તામાં આવી હતી, પરંતુ તેણે માતાઓ સાથે દગો કર્યો છે. હાલમાં, તમે સંસદમાં પણ જોયું કે ભાજપે 2029માં શરૂ થતી ચૂંટણીઓમાં મહિલાઓ માટે અનામત લાગુ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મહિલા વિરોધી ટીએમસીએ સંસદમાં તેનો વિરોધ કર્યો.

પશ્ચિમ બંગાળના ઝારગ્રામમાં એક રેલીને સંબોધતા પીએમએ કહ્યું, 'એક તરફ, ટીએમસી વીજળી ચોરીમાં લાગેલી છે, જ્યારે બીજી તરફ, મોદી તમારા વીજળી બિલને શૂન્ય કરવા માંગે છે. અમે 'પીએમ





સૂર્યઘર મફત વીજળી યોજના' શરૂ કરી છે, જેના હેઠળ દરેક પરિવારને આશરે 80 હજાર રૂપિયા આપવામાં આવી રહ્યા છે. પરંતુ દુર્ભાગ્યપૂર્ણ છે કે ટીએમસી બંગાળમાં આ યોજનાને યોગ્ય રીતે લાગુ કરવા દેતી નથી.

ભાજપે 2029થી મહિલાઓને અનામતનો લાભ મળવાનું શરૂ થાય તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો. જોકે, મહિલા વિરોધી ટીએમસીએ સંસદમાં તેનો વિરોધ કર્યો.

બંગાળની 33 ટકા મહિલાઓને ધારાસભ્ય અને સાંસદ બનતા અટકાવવા માટે ટીએમસીએ દરેક પ્રકારની છેતરપિંડી અને કપટ કર્યું. હવે, બંગાળની મહિલાઓએ આ પાપ માટે ટીએમસીને સજા આપશે.

પીએમએ કહ્યું, 'તમે નિર્દય ટીએમસી સરકારને 15 વર્ષ આપ્યા. પંદર વર્ષ એ ઓછો સમય નથી. ટીએમસી સરકારે 15 વર્ષમાં તમને શું આપ્યું, અને આદિવાસી વિસ્તારોને શું મળ્યું? શિક્ષણ નથી, આવક નથી, દવા નથી, સિંચાઈ નથી. અહીં બધું જ ખરાબ હાલતમાં છે.'

બંગાળમાં આ ચૂંટણી આ ભૂમિના સમૃદ્ધ વારસાને જાળવવા વિશે છે. તે બંગાળની ઓળખને બચાવવા વિશે છે. આજે, એવો ભય છે કે બંગાળ તેની ઓળખ ગુમાવશે. ટીએમસીનો એજન્ડા ખૂબ જ ખતરનાક છે. ટીએમસીનો ધ્યેય એવી સરકાર બનાવવાનો છે જે સ્વદેશી લોકો કરતાં ઘુસણખોરોના ધર્મ, ભાષા અને રિવાજોનું રક્ષણ કરવાને પ્રાથમિકતા આપે.

મમતા બેનર્જીએ પીએમ મોદી પર રાજકીય પ્રચાર માટે સરકારી મશીનરીનો 'દુરુપયોગ' કરવાનો આરોપ લગાવ્યો. હુગલી જિલ્લાના તારકેશ્વરમાં એક ચૂંટણી રેલીને સંબોધતા મમતાએ કહ્યું, 'મોદીએ મહિલા અનામત બિલ અંગે રાષ્ટ્રને સંબોધન દ્વારા ભાજપનો પ્રચાર કર્યો . અમે ચૂંટણી પંચમાં ફરિયાદ કરીશું.

આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાએ કહ્યું, 'બાંગ્લાદેશથી આવેલા લોકોએ મને મત ન આપવો જોઈએ. ભારતીય મુસ્લિમો અમને મોટી સંખ્યામાં મત આપે છે. મારું માનવું છે કે ભાજપ પશ્ચિમ બંગાળમાં બેવડી સદી અને આસામમાં સદી ફટકારશે.'

મોદીએ આરોપ લગાવ્યો કે ટીએમસીએ બંગાળના લોકોને જુલમ, લૂંટ અને ભ્રષ્ટાચાર સિવાય કંઈ આપ્યું નથી. શાસક પક્ષને કમિશન આપ્યા વિના કોઈ કામ થઈ શકતું નથી. જો ભય હોય તો રાજ્યોમાં રોકાણ આવતું નથી; જ્યારે વિશ્વાસ હોય ત્યારે જ ફેક્ટરીઓ લાગે છે.

મોદીએ કહ્યું- ટીએમસીના 'મહા જંગલ રાજ' હેઠળ, આદિવાસી પ્રભુત્વ ધરાવતા જિલ્લાઓ વિકાસ અને માળખાગત સુવિધાઓની દ્રષ્ટિએ પાછળ રહી ગયા છે. બંગાળમાં, ટીએમસી સિન્ડિકેટોએ આદિવાસી જમીન પર કબજો કર્યો છે.

પીએમ મોદી આજે બંગાળમાં ચાર રેલીઓ અને જાહેર સભાઓ કરશે. બિષ્ણુપુર અને પુરુલિયા પછી, તેઓ ઝારગ્રામ અને પછી મેદનીપુર જશે. આ રેલીઓનું વિશેષ મહત્વ છે. આ એ જ વિસ્તારો છે જ્યાં ભાજપે છેલ્લી લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં મજબૂત પ્રદર્શન કર્યું હતું.

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રવિવારે કહ્યું કે તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે વડાપ્રધાને તેમના સંબોધનમાં રાષ્ટ્રને ગેરમાર્ગે દોરવાનું પસંદ કર્યું. અમે સીમાંકન પ્રક્રિયાનો વિરોધ કરીએ છીએ, જેને મોદી સરકાર મહિલાઓનો ઢાલ તરીકે ઉપયોગ કરીને આગળ વધારવાનું કાવતરું ઘડી રહી છે. આ સંઘીય લોકશાહી પર હુમલો છે. અને અમે ચૂપચાપ જોઈ શકીએ નહીં.

તૃણમૂલ કોંગ્રેસ હંમેશા મહિલાઓ માટે વધુ રાજકીય પ્રતિનિધિત્વની હિમાયત કરે છે. સંસદ અને રાજ્ય વિધાનસભા બંનેમાં ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓનું પ્રમાણ અમારી પાસે સૌથી વધુ છે.

લોકસભામાં, અમારા ચૂંટાયેલા સભ્યોમાંથી 37.9% મહિલાઓ છે. રાજ્યસભામાં અમે 46% મહિલા સભ્યોને નોમિનેટ કર્યા છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ સોમવારથી તમિલનાડુમાં બે દિવસના ચૂંટણી પ્રવાસ પર નીકળશે. આ પ્રવાસ રાજ્યની ચૂંટણીઓ પહેલા NDAના જનસંપર્ક અભિયાનનો એક ભાગ છે.

પહેલા દિવસે, તેઓ કોઈમ્બતુરમાં તેમનો પ્રવાસ શરૂ કરશે. તેઓ બપોરે ત્યાં એક મોટી જાહેર સભાને સંબોધન કરશે, ત્યારબાદ તેઓ હોસુર અને પછી જાહેર સભા માટે થલ્લી જશે.

23 એપ્રિલની વિધાનસભા ચૂંટણી પહેલા અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયની પાર્ટી, TVKએ સત્તાવાર રીતે હાઈ પ્રોફાઈલ એડપ્પાડી વિધાનસભા બેઠક પર એક અપક્ષ ઉમેદવારનું સમર્થન આપ્યું છે.

# મેલોનીને બથ ભરીને બે કિસ કરી લીધી: રેડ સૂટમાં જોઈને મેક્રોને કંટ્રોલ ગુમાવ્યો

## મેલોની ઘડીક તો ગભરાઈ ગયાં, ફ્રાન્સના રાષ્ટ્રપતિની હરકતનો વીડિયો વાયરલ

**લંડન, તા.19**

યુરોપિયન દેશો હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી કેવી રીતે ખોલવું તેની યોજના બનાવવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. જોકે, જ્યારે આ નેતાઓ મળ્યા ત્યારે એક એવી ક્ષણ બની જે વાયરલ થઈ ગઈ. જ્યારે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની મળ્યા. મેલોની રેડ સૂટમાં કારમાંથી ઉતર્યા. ફ્રાન્સના રાષ્ટ્રપતિ કંટ્રોલ ના રાખી શક્યા ને મેલોનીને બથ ભરીને બે કિસ કરી લીધી. જ્યોર્જિયા મેલોની મેક્રોનની હરકતથી ઘડીક તો ગભરાઈ ગયાં, પછી સ્થિતિ સંભાળી લીધી. આ વીડિયો એવા સમયે આવ્યો છે જ્યારે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને પહેલાથી જ ડોનાલ્ડ ટ્રમ્પે નિશાન બનાવ્યા છે. તેમણે તેમની પત્ની, બ્રિજિટ મેક્રોન અંગે ટ્રમ્પના ટોણાનો સામનો કર્યો હતો. પશ્ચિમી



મીડિયામાં તેમની ઉંમરનો તફાવત, અંગત જીવન અને અન્ય વિવિધ મુદ્દાઓની પણ મજાક ઉડાવવામાં આવી હતી. પરિણામે, મેક્રોનનું અંગત જીવન પણ ખૂબ ગપસપનો વિષય બની ગયું છે. દરમિયાન ઈટાલીના વડા પ્રધાનને બંને ગાલ પર કિસ કરીને અભિવાદન કરતા તેમના એક વીડિયોએ સોશિયલ મીડિયા યુઝર્સને ટોકિંગ પોઈન્ટ આપી દીધો છે. મેક્રોનના હાવભાવ પછી મેલોની થોડાં અસ્વસ્થ દેખાયાં હતાં. મેલોની અને મેક્રોનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીનું સ્વાગત કરતા દેખાય છે. બંને નેતાઓ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ મુદ્દા પર ચર્ચા કરવાના હતા પરંતુ તે પહેલાં મેક્રોને મેલોનીને યુરોપિયન સ્ટાઈલમાં બંને ગાલ પર કિસ કરી. મેલોની થોડાં અસ્વસ્થ થઈ જાય છે પછી સ્થિતિ સંભાળી લે છે. તે પગથિયાં ચડીને ફોટો પડાવવા ઊભા રહે છે, ત્યારે પણ મેક્રોન મેલોનીનો હાથ પકડી લે છે. આ વીડિયો ફક્ત 18 સેકન્ડનો જ છે, પરંતુ તેનાથી ભારતીય સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. ઘણા યુઝર્સે લખ્યું, 'હવે મેક્રોન તેની પત્નીને ભૂલી ગયા છે.' કેટલાક લોકોએ ટિપ્પણી કરી તેને મેક્રોન અને તેની પત્નીના પહેલાના વીડિયો સાથે જોડી દીધો. કેટલાકે તેને ડિપ્લોમસીનું નવું સ્વરૂપ ગણાવ્યું, જ્યારે અન્ય લોકોએ તેની મજાક ઉડાવી. રાજકીય વિશ્લેષકો કહી રહ્યા છે.

# ઈરાની રાષ્ટ્રપતિ બોલ્યા- અમારો પરમાણુ અધિકાર છીનનારા ટ્રમ્પ કોણ?: અમે યુદ્ધ ઈચ્છતા નથી, માત્ર આત્મરક્ષા કરી રહ્યા છીએ, અમેરિકા પર ભરોસો નથી

**તેહરાન, તા.19**

ઈરાની સૂત્રોએ સીએનએનને જણાવ્યું હતું કે સોમવારે ઈસ્લામાબાદમાં યુએસ-ઈરાની શાંતિ વાટાઘાટોનો બીજો રાઉન્ડ યોજાવાની અપેક્ષા છે. જ્યારે વોશિંગ્ટને વાટાઘાટોની પુષ્ટિ કરી નથી, ત્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે તેહરાન તેના અત્યંત સમૃદ્ધ યુરેનિયમને છોડી દેવા માટે સંમત થયું છે અને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે કરાર થઈ શકે છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝાકિયાને રવિવારે કહ્યું હતું કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ઈરાનના પરમાણુ અધિકારોને પ્રતિબંધિત કરવાનો કોઈ અધિકાર નથી. ઈરાની સમાચાર એજન્સી ISNA અનુસાર, પઝાકિયાને કહ્યું હતું કે, 'ટ્રમ્પ કહે છે કે ઈરાન તેના પરમાણુ અધિકારોનો ઉપયોગ કરી શકે નથી, પરંતુ તેઓ કયા ગુના માટે? તે સ્પષ્ટતા કરતા નથી. કોઈ દેશને તેના અધિકારોથી વંચિત રાખનાર તે કોણ છે?' પઝાકિયાનનું નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે યુદ્ધવિરામની સમયમર્યાદા સમાપ્ત થવાની છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને હોર્મુઝ સ્ટ્રેટના નિયંત્રણ અંગે મતભેદો સાથે અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો મડાગાંઠમાં છે.

પઝાકિયાને પુનરોચ્ચાર કર્યો કે ઈરાન યુદ્ધ ઈચ્છતું નથી અને તે ફક્ત સ્વ-બચાવમાં કાર્ય કરી રહ્યું છે. તેમણે અમેરિકા અને ઈઝરાયલ પર નાગરિક માળખાને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો, તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું. અગાઉ, ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘરે કહ્યું હતું કે અમેરિકા પર ભરોસો કરી શકાય નહીં અને પરિસ્થિતિ ગમે ત્યારે વધુ ખરાબ થઈ શકે છે.

ઈરાને કહ્યું છે કે તેને અમેરિકા પર ભરોસો નથી. સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેરે કહ્યું કે, પરિસ્થિતિ ગમે ત્યારે બગડી શકે છે. આ જ



કારણોસર સેના સંપૂર્ણપણે તૈયાર છે. ગાલિબાફે કહ્યું કે જો ઈરાનના જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર નહીં થઈ શકે, તો કોઈ અન્ય દેશના જહાજોને પણ ત્યાંથી પસાર થવા દેવામાં આવશે નહીં.

તેમણે અમેરિકા દ્વારા ઈરાની બંદરો પર લગાવવામાં આવેલી નાકાબંધીને ખોટો અને બેદરકાર નિર્ણય ગણાવ્યો. તેમણે કહ્યું કે આ પગલું ક્ષેત્રમાં તણાવ વધારી રહ્યું છે. ગાલિબાફે ચેતવણી આપી કે હોર્મુઝમાં માઈન-ક્લિયરિંગ જેવી કોઈપણ કાર્યવાહીને યુદ્ધવિરામનું ઉલ્લંઘન માનવામાં આવશે અને તેનો જવાબ આપવામાં આવશે.

તેમણે એમ પણ કહ્યું કે ઈરાન વાતચીત માટે તૈયાર છે, પરંતુ તેને નબળાઈ ન સમજવી જોઈએ. સાથે જ દાવો કર્યો કે અમેરિકા પાસે સંસાધનો અને હથિયારો હોવા છતાં, વ્યૂહાત્મક રીતે તે ઈરાન સામે નબળું પડ્યું છે. ભારતીય જહાજો પર ફાયરિંગ- ઈરાને હોર્મુઝમાં 2 ભારતીય જહાજો પર ફાયરિંગ કર્યું. 14 જહાજો રોકવામાં આવ્યા, 13 પાછા ફર્યા. ભારતે રાજદૂતને બોલાવી વિરોધ નોંધાવ્યો.

હોર્મુઝ સ્ટ્રેટ ફરી બંધ- ઈરાને અમેરિકા પર યુદ્ધવિરામ ભંગનો આરોપ લગાવતા સ્ટ્રેટ ફરીથી બંધ કરી. યુએસએ 2.6 કરોડ બેરલ તેલ જારી કર્યું- સપ્લાય સંકટ વચ્ચે અમેરિકાએ ઈમરજન્સી રિઝર્વમાંથી 2.6 કરોડ બેરલ તેલ કાઢીને કંપનીઓને આપ્યું. યુએસ-ઈરાન વાટાઘાટોનો આગલો રાઉન્ડ સંભવ- સોમવારે પાકિસ્તાનમાં નવી વાટાઘાટો થઈ શકે છે. બંને પક્ષોએ હજુ સત્તાવાર પુષ્ટિ કરી નથી. ટ્રમ્પે કહ્યું- નાકાબંધી ચાલુ રહેશે- ટ્રમ્પ બોલ્યા- સમજૂતી નજીક છે, પરંતુ ડીલ ન થાય ત્યાં સુધી ઈરાન પર નૌકાદળની નાકાબંધી ચાલુ રહેશે.

ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પઝશકિયાંએ કહ્યું કે અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓ હતાશા દર્શાવે છે. તેમણે ઈરાની સૈન્યની પ્રશંસા કરતા કહ્યું કે મોટી શક્તિઓના દબાણ અને ધમકીઓ છતાં તેણે મજબૂત રીતે લડાઈ લડી.

અલ જઝીરાના અહેવાલ મુજબ, પઝશકિયાંએ આરોપ લગાવ્યો કે તેમના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયા પછી દુશ્મન હવે શાળાઓ, હોસ્પિટલો, યુનિવર્સિટીઓ અને જાહેર સ્થળો જેવા નાગરિક માળખાંને નિશાન બનાવી રહ્યું છે. આ આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈરાન સાથે આ અઠવાડિયે વાટાઘાટો ફરી શરૂ થશે અને અમેરિકાનું પ્રતિનિધિત્વ કરવા માટે ખાસ દૂત સ્ટીવ વિટકોફ સોમવારે પાકિસ્તાન પહોંચશે.

# હીટવેવ માનવ વસ્તી - વનસ્પતિ માટે નવું જોખમ : ન સહેવાય ન રહેવાય

શહેરોમાં તો અર્બન હીટ આઈલેન્ડ ઈફેક્ટને કારણે પણ સ્થિતિ વધારે વકરેલી અનુભવાય છે. ખાસ કરીને કોંક્રિટ, આસ્ફાલ્ટ અને ગ્લાસના કારણે ગરમી દિવસ દરમિયાન શોષાય છે અને જેમ જેમ અંધારું થતું જાય અને દિવસ આથમતો જાય તેમ ગરમી વધે છે : જાણકારો માને છે કે, શહેરી વિસ્તારોમાં રાત્રિના તાપમાનમાં જે વધારો થયો છે તેમાં 60 ટકા જેટલો ભાગ સ્થાનિક સ્તરે વધી રહેલી ગરમીના કારણે છે જ્યારે 40 ટકા ગ્રીનહાઉસ ગેસના સ્તરમાં થયેલો વધારો ભાગ ભજવે છે : ભારતના કિનારાના રાજ્યો અને શહેરોમાં વર્ષ 2012થી 2022 સુધીની સ્થિતિ જોઈએ તો અહીં ભેજનું પ્રમાણ 30-40 ટકાથી વધીને 40 થી 50 ટકા સુધી પહોંચી ગયું છે. તેના પગલે પણ રાત્રે તાપમાન ઘટતું નથી અને લોકોને હાલાકી પડી રહી છે


ભારતમાં એપ્રિલ મહિનામાં કાળઝાળ ગરમી પડી રહી છે અને હજી તો મે મહિનો આવવાનો બાકી છે ત્યાં લોકોની હાલત કફોડી થઈ રહી છે. દિવસ દરમિયાન અને ખાસ કરીને બપોરે તો અતિશય ગરમી હોય છે. તેમાંય ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ કે ઉત્તર પ્રદેશમાં તો બપોરે ૪૦ ડિગ્રીની આસપાસ ગરમી પહોંચી રહી છે. જાણકારોના મતે ભારતમાં ગરમીની જે સમસ્યા છે તે ખરેખર તો વકરી રહી છે. ભારતમાં સાંજ પડતાની સાથે જ ગરમીની સમસ્યાનો અંત આવી જાય છે તેવું નથી. દેશના મોટાભાગના રાજ્યોમાં સૂર્ય આથમ્યા બાદ પણ કાળઝાળ ગરમીમાંથી છુટકારો મળતો નથી.

હવામાન ખાતે જ જણાવ્યું હતું કે, ભારતમાં દિવસ કરતા રાત્રી સરેરાશ વધારે ગરમ થઈ રહી છે. મહારાષ્ટ્ર અને તેલંગણાને બાદ કરતા દેશના મોટાભાગના રાજ્યોમાં દિવસ કરતા રાત્રીનું સરેરાશ તાપમાન વધારે આવી રહ્યું છે. દિવસ કરતા રાત્રી વધારે ગરમ થઈ રહી છે. જાણકારોના મતે છેલ્લાં કેટલાક વર્ષોથી સતત દિવસ કરતા રાત્રીના તાપમાનમાં મોટાપાયે વધારો થઈ રહ્યો છે. તેમ છતાં તંત્ર દ્વારા કે લોકો દ્વારા રાત્રીના વધી રહેલા તાપમાન તરફ ઓછું ધ્યાન આપવામાં આવી રહ્યું છે કે, તેના અંગે ગંભીરતા દાખવવામાં આવી રહી નથી. હાલમાં તો દિવસ દરમિયાન પણ ભારતના રાજ્યોનું તાપમાન ભયાનક સ્તરે વધેલું છે. હાલમાં તો ઘણા વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રી પહોંચવા આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, મે મહિના સુધીમાં અનેક શહેરોનું તાપમાન સરેરાશ ૪થી આઠ ડિગ્રી વધી જવાની શક્યતા વચ્ચે મહારાષ્ટ્ર, છત્તીસગઢ, યુપી, ઓડિશા, તેલંગણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, ઝારખંડ જેવા રાજ્યોમાં હીટવેવ એલર્ટ અપાયું છે. અમરાવતી, વર્ધા, નાગપુર, દિલ્હી સહિતના અનેક શહેરોમાં તાપમાન બે દિવસમાં જ ત્રણથી ચાર ડિગ્રી વધી જતાં લોકોને અસહ્ય ગરમીનો અનુભવ થયો હતો. ઉત્તર પ્રદેશના બાંદામાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રી નોંધાયો હતો. મધ્યપ્રદેશના નર્મદાપુરમ્ ૪૩ ડિગ્રીથી શેકાયું હતું. છત્તીસગઢમાં આકરી ગરમીના કારણે શાળાઓમાં ૧૧ દિવસની રજા આપી દેવામાં આવી છે. મધ્યપ્રદેશના ઘણાં જિલ્લાઓમાં બપોરને બદલે શાળાઓનો સમય સવારે કરી દેવાયો છે અને સમય પણ ઘટાડાયો છે.

ચિંતાજનક બાબત એવી પણ છે કે, વિશ્વના અસહ્ય ગરમ ૫૦ સ્થળોમાં ૨૦ શહેરો ભારતના છે. ઉનાળામાં સરેરાશ તાપમાનની રીતે ૩૭ ડિગ્રી સાથે ચીનના યુન્નાન પ્રાંતનું જિંગહોંગ શહેર પહેલા નંબરે છે. તે પછી બીજા નંબરે ૩૬ ડિગ્રી સાથે ઓડિશાનું બ્લાંગિર આવે છે. વિએટનામનું સોન લા ત્રીજું છે તો વળી ચોથા અને પાંચમા ક્રમે ભારતના મહારાષ્ટ્રનું ચંદ્રપુર અને છત્તીસગઢનું રાયપુર છે. એ પછીના ક્રમે પણ મહારાષ્ટ્રનું ગડચાંદૂર, છત્તીસગઢનું મહાસમુંદ, બિહારનું સાસારામ, છત્તીસગઢનું ભીલાઈ, તેલંગણાનું કોથાપેટ, છત્તીસગઢનું બિલાસપુર જેવા શહેરો પણ આવે છે.

આ બધાની વચ્ચે હવામાન ખાતા દ્વારા રાત્રીના વધતા તાપમાન અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. જાણકારોના મતે જ્યારે રાત્રીનું તાપમાન સરેરાશ તાપમાન કરતા ૪.૫ ડિગ્રીથી ૬.૪ ડિગ્રી જેટલું વધારે રહેતું હોય ત્યારે ગરમ રાત્રી જેવી કેટેગરી નક્કી કરવામાં આવતી હોય છે. અતિશય ગરમ રાત્રી ત્યારે કહેવાય છે જ્યારે રાત્રીનું તાપમાન સરેરાશથી ૬.૪ ડિગ્રી કરતા વધારે રહેતું હોય. હીટવેવની સ્થિતિમાં આવું થતું હોય છે. સામાન્ય રીતે જ્યારે દિવસનું તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર રહેતું હોય ત્યારે રાત્રીનું તાપમાન પણ વધી જતું હોય છે. ગત વર્ષે રજૂ



થયેલા એક અભ્યાસમાં જણાવાયું હતું કે, ૧૯૮૦થી ૨૦૨૦ વચ્ચે ભારતમાં રાત્રીનું તાપમાન સરેરાશ સ્તરે વધ્યું છે. ભારતની ગરમ રાત્રીઓની વાત કરીએ તો તેમાં સરેરાશ એક દાયકામાં આઠ દિવસ જેટલો વધારો થયો છે. તેમાંય નોર્થઈસ્ટ, નોર્થ વેસ્ટ અને કિનારાના રાજ્યોના તાપમાનમાં વધારો જોવા મળ્યો છે. કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાર્યમેન્ટ એન્ડ વોટર દ્વારા ગત વર્ષે આવી જ સ્થિતિનો અહેવાલ રજૂ કરાયો હતો. તેમાં એવું પણ જણાવાયું હતું કે, દેશના મોટા શહેરોમાં તાપમાનમાં વ્યાપક વધારો જોવા મળ્યો છે. અહેવાલ જણાવે છે કે, મુંબઈમાં જ ૨૦૧૨થી ૨૦૨૨ દરમિયાન દરેક ઉનાળા દરમિયાન સરેરાશ ૧૫ જેટલી ગરમ રાત્રીઓ ઉમેરાઈ છે. આ દાયકામાં આટલી મોટી સંખ્યામાં ગરમ રાત્રીઓનું પ્રમાણ વધવું તે ચિંતાજનક છે. તેવી જ રીતે બેંગ્લુરુમાં ૧૧ રાત્રી, ભોપાલ અને જયપુરમાં અનુક્રમ ૭-૭ રાત્રીનો તથા દિલ્હીમાં ૬ રાત્રીનો સમાવેશ થાય છે. જાણકારોના મતે આ વર્ષે અલનિનોને પગલે દિવસ અને રાતના સરેરાશ તાપામાનમાં વદારો થઈ રહ્યો છે. તેમાંય આ વર્ષે ગરમ રાત્રીઓને વ્યાપક વધારો થવાની શક્યતા છે. તેમાંય આ વર્ષે અલ નિનો ઈફેક્ટ હોવાથી ઋતુચક્રમાં ફેરફાર છે અને વર્ષ ૨૦૨૬નો શિયાળો સામાન્ય રહ્યો છે. તે ઉપરાંત આ વર્ષે અને આગામી વર્ષે ઉનાળો પણ મહત્ત્વનો રહેવાનું હવામાન ખાતાનું માનવું છે.

મહત્ત્વની વાત એ છે કે, ક્લાઈમેટ ચેન્જ અને સ્થાનિક શહેરીકરણને પગલે ભારતના શહેરોના તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. બીજી તરફ ગ્રીનહાઉ ગેસનું જે રીતે ઉત્સર્જન થઈ રહ્યું છે તે દિવસ દરમિયાન તો મુશ્કેલી સર્જે જ છે પણ દિવસ આથમ્યા બાદ પણ આ ગેસના ઉત્સર્જનમાં વધારો થયો છે જેના કારણે રાત્રે પણ વાતાવરણ ગરમ જ હોય છે. તેના પગલે દિવસ આથમ્યા બાદ પણ ભારતના શહેરોમાં ગરમીમાં સરેરાશ વધારાનો અનુભવ થાય છે. ભારતીય શહેરોમાં તો અર્બન હીટ આઈલેન્ડ ઈફેક્ટને કારણે પણ સ્થિતિ વધારે વકરેલી અનુભવાય છે. ખાસ કરીને કોંક્રિટ, આસ્ફાલ્ટ અને ગ્લાસના કારણે ગરમી દિવસ દરમિયાન શોષાય છે અને જેમ જેમ અંધારું થતું જાય અને દિવસ આથમતો જાય તેમ તે ગરમી વધે છે. બીજી મોટી સમસ્યા એ છે કે, શહેરી વિસ્તારોમાં હાઈરાઈઝનું પ્રમાણ વધારે છે. તેના કારણે ગરમ હવા ઉપર ઉઠતી નથી અને નીચે જ ફર્યા કરે છે. તેના કારણે ગરમીમાં પણ ઘટાડો થતો નથી. જાણકારો માને છે કે, શહેરી વિસ્તારોમાં રાત્રીના તાપમાનમાં જે વધારો થયો છે તેમાં ૬૦ ટકા જેટલો ભાગ સ્થાનિક સ્તરે વધી રહેલી ગરમીના કારણે છે જ્યારે ૪૦ ટકા ગ્રીનહાઉસ ગેસના સ્તરમાં થયેલો વધારો ભાગ ભજવે છે.

બીજી તરફ ભેજના પ્રમાણમાં પણ જે વધારે થઈ રહ્યો છે તેના કારણે પણ સ્થિતિ વધારે વણસી રહી છે. જાણકારોના મતે ભેજવાળી હવામાં ગરમીનું પ્રમાણ વધારે હોય છે અને તેના કારણે દિવસ આથમ્યા બાદ પણ ભેજવાળો પવન આવતો હોય તો ગરમી વધારે લાગે છે. ભારતના કિનારાના રાજ્યો અને શહેરોમાં ગરમી દરમિયાન ભેજનું પ્રમાણ ૬૦-૭૦ ટકા જેટલું હોય છે અને તેથી તેની અસર વ્યાપક રીતે થાય છે. વર્ષ ૨૦૧૨થી ૨૦૨૨ સુધીની સ્થિતિ જોઈએ તો આ રાજ્યોમાં ભેજનું પ્રમાણ ૩૦-૪૦ ટકાથી વધીને ૪૦થી ૫૦ ટકા સુધી પહોંચી ગયું છે. બીજી તરફ દિલ્હી, ચંડીગઢ, જયપુર અને લખનઉ જેવા શહેરોમાં પણ ભેજનું પ્રમાણ નવ ટકા જેટલું વધી ગયેલું નોંધાયું છે.

ચિંતાજનક વાત એ છે કે, શહેરી વિસ્તારોમાં જે રીતે એરકન્ડિશનિંગ વાતાવરણ રાખવામાં આવે છે અને વ્યાપક રીતે એસીનો ઉપયોગ કરવામાં આવે છે તેના કારણે શહેરોમાં ભેજનું પ્રમાણ વધ્યું છે. એસી દ્વારા ભેજવાળી હવા બહાર ધકેલવામાં આવે છે તેના કારણે પણ શહેરી તાપમાન વધી રહ્યું છે. સ્થિતિ એવી થઈ રહી છે કે, દિવસ દરમિયાન તો લોકોને ગરમીને ભોગ બનવું પડે છે અથવા તો હીટવેવ સહન કરવી પડે છે. પ્રદુષણ અને અન્ય કારકોના લીધે રાત્રીનું જે તાપમાન વધી રહ્યું છે તે લોકો માટે વધારે જોખમી છે. લોકોને તેમાં રાહત મળી રહી નથી.

૨૦૦૧થી ૨૦૨૪ વચ્ચે કરવામાં આવેલા અભ્યાસમાં સામે આવ્યું હતું કે, શ્રીનગરમાં દિવસ દરમિયાન સૌથી વધારે ગરમીનો વધારો નોંધાયો છે. બીજી તરફ દાહોદ ગુજરાત અને વારાણસી યુપીમાં રાત્રી દરમિયાન હીટવેવનો અનુભવ થયાનું નોંધાયું છે.

દિવસ કરતા રાત્રીના તાપમાનમાં થયેલા વધારાના કારણે લોકોને શારીરિક અને માનસિક વધારે મુશ્કેલી પડી રહી છે. જાણકારોના મતે રાત્રીના સમયે વધી રહેલા તાપમાનને પગલે લોકોની ઉંઘમાં ખલેલ પડી રહી છે. તે ઉપરાંત દિવસની ગરમીના કારણે શરીર જે ગરમ થયું હોય છે તે રાતની ઠંડકમાં સામાન્ય થતું હોય છે. રાતની જ ગરમીમાં વધારો થવાના કારણે દિવસ દરમિયાન ગરમ થયેલું શરીર રાત્રે ઠંડુ થઈ શકતું નથી અને તેના કારણે રાત્રે પણ લૂ લાગવાની શક્યતાઓ વધી ગઈ છે. આ સિવાય ડિહાઈડ્રેશન, ઉંઘમાં ખલેલ પડવી અને હૃદયરોગની પણ શક્યતાઓ વધી ગઈ છે. જે લોકોને હૃદય અથવા શ્વાસની તકલીફ છે તેમને વધારે મુશ્કેલી પડે છે તથા વૃદ્ધો, નાના બાળકોને પણ ગરમીના કારણે વધારે હેરાન થવાનું આવે છે. આ સિવાય બેચેની, થાક, ચામડી બળવી, આંખોમાં બળતરા થવી જેવી સમસ્યાઓ તો થતી જ રહે છે. ચિંતાજનક બાબત એ છે કે, દેશમાં મોટાભાગના તંત્ર દ્વારા હીટવેવ માટેના જે આયોજનો કરાયા છે, તૈયારીઓ કરવામાં આવી છે તે બધું જ દિવસ માટે કરવામાં આવ્યું છે. દિવસે લોકોને ગરમી ઓછી લાગે, લૂ ન લાગે અથવા તો અતિશય ગરમીમાં રાહત મળે તેના માટે કામગીરી કરાઈ રહી છે પણ ગરમ થઈ રહેલી રાત્રી માટે કોઈ પ્લાનિંગ કરાયું નથી. લોકોમાં પણ આ મુદ્દે જાગૃતી આવી નથી અથવા તો હજી લાવવામાં આવી જ નથી. આ સિવાય શહેરોમાં ગ્રીનકવર ઘટયા છે અને હાઈરાઈઝ બિલ્ડિંગોમાં સતત વધારો થયો છે તેણે પણ શહેરોમાં રાત્રી દરમિયાન ગરમીમાં વધારો કર્યો છે. તેમાં પણ પરિવર્તન લાવવું પડશે.

## તંત્રી લેખ

# વડાપ્રધાન શેહબાઝ શરીફને દૂર હડસેલીને મુનીર સર્વસ્વ બની ગયા

પાકિસ્તાનમાં સત્તાનું કેન્દ્ર કોની પાસે છે તે ચર્ચાનો વિષય બન્યો છે. અમેરિકન પ્રેસિડેન્ટ પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફને બદલે લશ્કરી વડા અસીમ મુનીરની પીઠ થાબડી રહ્યા છે. પાકિસ્તાનની આંતરિક સત્તાવાર સંરચના લાંબા સમયથી ચર્ચાનો વિષય રહી છે, પરંતુ તાજેતરની ઘટનાઓ સૂચવે છે કે પાકિસ્તાનનો ખરેખરો હવાલો મુનીર પાસે છે. સત્તાવાર રીતે ચૂંટાયેલા શેહબાઝને સાઇડમાં ધકેલી દેવાયા છે. જ્યારથી પાકિસ્તાન અમેરિકા-ઈરાનની શાંતિ મંત્રણામાં સક્રિય છે ત્યારથી તે ફૂલીને ફાળકો થઈને ફરે છે. અહીં હકીકત ભૂલવી ન જોઈએ કે ઈરાનને અણુબોંબની ટેક્નોલોજી પહોંચાડનાર પાકિસ્તાન છે. પાકિસ્તાનના અણુ વિજ્ઞાનીએ ટેક્નોલોજી આપ્યા બાદ ઈરાન અણુ શસ્ત્રો બનાવવાની દિશામાં આગળ વધ્યું હતું. હવે પાકિસ્તાન મોટે ઉપાડે મધ્યસ્થી કરવા જાય છે, પણ વિવાદમાં પાયામાં જ ખુદ પાકિસ્તાન સંડોવાયેલું છે.

મોટાભાગના લોકશાહી દેશોમાં ઉચ્ચ સ્તરીય રાજદ્વારી વાટાઘાટોનું નેતૃત્વ ચૂંટાયેલા નેતાઓ દ્વારા કરવામાં આવે છે. પરંતુ પાકિસ્તાનના કિસ્સામાં અલગ પ્રકારનો તફાવત ઊભો થયો છે. ઈસ્લામાબાદમાં તાજેતરમાં થયેલી અમેરિકા-ઈરાન મંત્રણા દરમિયાન, આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર કેન્દ્રસ્થાને હતા. તેમણે પ્રતિનિધિમંડળોનું સ્વાગત કર્યું, અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ સાથે સીધી વાતચીત કરી અને સમગ્ર મંત્રણા દરમિયાન સક્રિય રહ્યા. આ દરમિયાન વડાપ્રધાન શેહબાઝ શરીફ સહિતનું નાગરિક નેતૃત્વ આ મહત્વપૂર્ણ રાજદ્વારી કવાયતમાંથી મોટે ભાગે ગેરહાજર જણાતું હતું. પાકિસ્તાનમાં મુનીરનું જોર વધ્યું છે ત્યારે સાબિત થયું કે જ્યારે મુનીર વોશિંગ્ટન અને તેહરાન વચ્ચેના મુખ્ય મધ્યસ્થી તરીકે ચર્ચા ચાલુ રાખવા માટે તેહરાનની મુલાકાત લીધી. પાકિસ્તાનનું નેતૃત્વ પાકિસ્તાનના સૈન્ય પાસે છે તે મામલે કોઈને કશી શંકા નથી.

પૂર્વ માહિતી મંત્રી ફવાદ ચૌધરીએ આ વાસ્તવિકતાને સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરતા કહ્યું, 'સાચું કહું તો, આમાં કોઈ બે-મત નથી. અત્યારે પાકિસ્તાનનું નેતૃત્વ જનરલ અસીમ મુનીર કરી રહ્યા છે. તેઓ પાકિસ્તાનના વાસ્તવિક નેતા છે. તમામ નિર્ણયો અત્યારે ફિલ્ડ માર્શલ દ્વારા લેવામાં આવી રહ્યા છે.' તેમણે વધુમાં ઉમેર્યું કે વૈશ્વિક સ્તરે પણ આ જ મનાય છે. 'ગઈકાલે જ રાષ્ટ્રપતિ ટ્રમ્પે જનરલ અસીમ મુનીરને પાકિસ્તાનના નેતા તરીકે સંબોધ્યા હતા, તેમણે શેહબાઝ શરીફ વિશે વાત કરવાની તસ્દી પણ લીધી ન હતી.'

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનોએ પાકિસ્તાનના સત્તાવાર નેતૃત્વ અને વાસ્તવિક સત્તાના કેન્દ્ર વચ્ચેના તફાવતને વધુ ઘેરો બનાવ્યો છે. ટ્રમ્પે અસીમ મુનીરને 'શાનદાર' વ્યક્તિ ગણાવ્યા છે, પરંતુ તે જ સંદર્ભમાં શેહબાઝ શરીફનો ભાગ્યે જ ઉલ્લેખ કર્યો છે. ટ્રમ્પે મુનીરને 'મહાન ફાઈટર' અને 'અસાધારણ માણસ' તરીકે પણ નવાજ્યા છે.

મુનીર તેહરાનમાં ઈરાન સાથે સંવેદનશીલ મંત્રણાઓમાં વ્યસ્ત હતા, ત્યારે વડાપ્રધાન શેહબાઝ શરીફ સાઉદી અરેબિયા, કતાર અને તુર્કીની પૂર્વ-આયોજિત મુલાકાતે હતા. મુનીરની મુલાકાત વૈશ્વિક શક્તિઓ સાથે જોડાયેલા સંઘર્ષના નિરાકરણ માટે હતી, જ્યારે શરીફનો પ્રવાસ આર્થિક અને સામાન્ય રાજદ્વારી સંબંધો પર કેન્દ્રિત હતો. આ ફેરફાર માત્ર વ્યક્તિગત નથી પરંતુ સંસ્થાકીય પણ છે. સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ ફેસિલિટેશન કાઉન્સિલ (SIFC) વિદેશી રોકાણના સંચાલન માટેની મુખ્ય વ્યવસ્થા બની ગઈ છે. સત્તાવાર રીતે તેનું નેતૃત્વ વડાપ્રધાન પાસે છે, પરંતુ સૈન્યની 'ગેરંટર' (બાંહેધરી આપનાર) તરીકેની ભૂમિકાએ સત્તાનું કેન્દ્ર બદલી નાખ્યું છે. પાકિસ્તાનનું શાસન મૉડેલ ઘણીવાર 'હાઈબ્રિડ વ્યવસ્થા' તરીકે ઓળખાય છે. કાગળ પર પાકિસ્તાન શેહબાઝ શરીફના નેતૃત્વ હેઠળની ચૂંટાયેલી સરકાર ચલાવે છે, પરંતુ વ્યવહારમાં સત્તાનું કેન્દ્ર સૈન્ય નેતૃત્વ તરફ સરકી ગયેલું જણાય છે. સૌથી મહત્વપૂર્ણ નિર્ણયોમાં લશ્કર નેતૃત્વ કરે છે અને નાગરિક નેતૃત્વ ગૌણ હોય છે.

ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (આઈયુસીએન)ના અહેવાલ પ્રમાણે તેમણે હાલમાં એમ્પરર પેંગ્વિનને વિલુપ્ત થવાની એરણે પહોંચેલી પ્રજાતી જાહેર કરી દીધી છે. જો ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની સ્થિતિ કાબુમાં નહીં લેવામાં આવે 2080 સુધીમાં આ વસતી વર્તમાન સંખ્યાથી પણ 50 ટકા ઘટી જશે : 2016માં એન્ટાર્કટિકામાં સમુદ્રી બરફના સ્તરમાં રેકોર્ડ ઘટાડો નોંધાયો હતો. અહેવાલો પ્રમાણે સમુદ્રી બરફ તુટવાના કારણે તે વર્ષે અંદાજે 10,000 બચ્ચાં મૃત્યુ પામ્યા હતા

# એન્ટાર્કટિકામાં એમ્પરર પેંગ્વિનની વિલુપ્ત થવાની એરણે પહોંચ્યા

## ગ્લોબલ વોર્મિંગને પગલે ઘટી રહેલા બરફને કારણે છેલ્લાં 17 વર્ષમાં પેંગ્વિનની વસતી 22 ટકા ઘટી 5.95 લાખ થઈ ગઈ, એન્ટાર્કટિક ફર સીલની પ્રજાતી પણ ઘટી



હાલમાં એમ્પરર પેંગ્વિનની વસતીની ગણતરી કરીએ તો તેઓ અંદાજે 5,95,000 જેટલાં જ વધ્યા છે. 2009 કરતા તેમની વસતીમાં 22 ટકાનો અધધ ઘટાડો જોવા મળ્યો છે : હાઈલી પેથોજેનિક એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા એટલે કે બર્ડ ફ્લૂના કારણે એલિફન્ટ સીલની વસતી ઘટી રહી છે. 2020થી વૈશ્વિક ધોરણે બર્ડ ફ્લૂના કારણે 485 પક્ષીઓની પ્રજાતી અને 48 સસ્તનવર્ગના પ્રાણીઓની પ્રજાતીને અસર થઈ છે. જાણકારોના મતે આ રોગચાળાને કારણે તેમના નવજાત બચ્ચાના મોતમાં અધધ 90 ટકાનો વધારો થયો છે.

ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના કારણે માત્ર દુનિયાભરના ઋતુચક્ર બદલાયા છે તેવું નથી. તેના કારણે દુનિયાના અનેક દેશોમાંથી પશુ-પક્ષીઓ, જીવજંતુઓ અને અન્ય સજીવ સૃષ્ટિ પણ વિલુપ્ત થવા લાગી છે. જંગલો કપાવાના કારણે અને નદીઓ, તળાવો, સમુદ્રો અને મહાસાગરોમાં પ્રદુષણ ફેલાવા ઉપરાંત દુનિયાના સૌથી ઠંડા પ્રદેશ એન્ટાર્કટિકામાં પણ પ્રદુષણ અને ગ્લોબલ વૉર્મિંગની અસરને પગલે સજીવસૃષ્ટિના અસ્તિત્વ ઉપર ખતરો સર્જાયો છે. તાજેતરમાં આવેલા એક અહેવાલે જણાવ્યું કે, ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની અસરને પગલે એન્ટાર્કટિકાના સૌથી જાણીતા એમ્પરર પેંગ્વિન વિલુપ્ત થવા લાગ્યા છે.

ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (આઈયુસીએન)ના અહેવાલ પ્રમાણે તેમણે હાલમાં એમ્પરર પેંગ્વિનને સંકટગ્રસ્ત સ્થિતિમાંથી બાદ કરીને વિલુપ્ત થવાની એરણે પહોંચેલી પ્રજાતી જાહેર કરી દીધી છે. આઈયુસીએનના અધિકારીઓ અને સંશોધકોના મતે જો ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની સ્થિતિ કાબુમાં નહીં લેવામાં આવે ૨૦૮૦ સુધીમાં આ વસતી વર્તમાન સંખ્યાથી પણ ૫૦ ટકા ઘટી જશે અને કદાચ આ સદી પૂરી થવા સુધીમાં નાશ પામે તેવું પણ બને. આ ઉપરાંત તેમની સાથે એન્ટાર્કટિકામાં અસ્તિત્વ ધરાવતા એન્ટાર્કટિક ફર સીલની પણ વસતી મોટાપાયે ઘટી રહી છે. આગામી દાયકાઓમાં તેમના અસ્તિત્વ ઉપર સંકટ સર્જાય તેમ છે.

જાણકારોના મતે ત્રણ દિવસ પહેલાં જ આ અહેવાલ સામે આવ્યો છે. તેમાં જણાવાયું છે કે, એન્ટાર્કટિકામાં બરફ ઝડપથી ઓગળી રહ્યો છે. પેંગ્વિનના નેચરલ હેબિટેટમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત સમુદ્રી બરફ પણ ઓછો થઈ રહ્યો છે. એમ્પપર પેંગ્વિન સામાન્ય રીતે પેંગ્વિન પ્રજાતીમાં સૌથી ભારે અને મોટા હોય છે. તેઓ સમુદ્રી બરફ ઉપર જ આધારિત હોય છે. આઈસબર્ગથી વિપરિત સમુદ્રી બરફ એક એવો બરફ છે જે સમુદ્રનું ખારું પાણી થીજીને બને છે. આ થીજેલું પાણી તેમને એક નક્કર પ્લેટફોર્મ પૂરું પાડે છે. પેંગ્વિન આ બરફ ઉપર જ પ્રજનન કરે છે અને પોતાના બચ્ચાનો ઉછેર કરે છે. તે ઉપરાંત તેના થકી જ બચ્ચાને શિકારીઓથી પણ બચાવે છે.

સંશોધકોના મતે ૧૯૯૯ બાદ આ પેંગ્વિનની વસતીમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. થોડા વર્ષો પહેલાં તેમને અસ્તિત્વ ઉપર જોખમ ધરાવતી પ્રજાતિ જાહેર કરવામાં આવી હતી. તેમને સાચવવા અને બચાવવા પ્રયાસ કરાઈ રહ્યા છે પણ તે પૂરતા પ્રમાણમાં નથી. ૨૦૨૨માં તેમને યુએસ સ્ટેટ એન્ડેન્જર્સ સ્પિસિસ એક્ટ ૧૯૭૩ હેઠળ વિલુપ્તતાના આરે પહોંચેલી પ્રજાતિ જાહેર કરવામાં આવ્યા છે. બીજી તરફ ૨૦૦૦ના વર્ષ બાદ એન્ટાર્કટિક ફર સીલ અને એલિફન્ટ સીલની પ્રજાતિ પણ સતત ઘટી રહી છે. એન્ટાર્કટિક ફર સીલની પ્રજાતિમાં ૫૦ ટકા જેટલો તોતિંગ ઘટાડો નોંધાયો છે. બીજી તરફ એલિફન્ટ સીલને પણ સતત ઘટી રહેલી વસતીને પગલે હવે વિલુપ્ત થવાના આરે પહોંચલી પ્રજાતિ જાહેર કરવામાં આવી છે. આ પ્રજાતિમાં વકરેલા રોગચાળાને પગલે તેમની વસતીમાં વ્યાપક ઘટાડો થયો છે.

જાણકારોના મતે ૨૦૧૬માં એન્ટાર્કટિકામાં સમુદ્રી બરફના સ્તરમાં રેકોર્ડ ઘટાડો નોંધાયો હતો. સામાન્ય રીતે વસંત ઋતુ દરમિયાન અથવા તો તેની પહેલાં જો એ સમુદ્રી બરફ પીગળી જાય છે કે તુટી જાય છે તો પેંગ્વિનની તાજા જન્મેલા બચ્ચાં ડૂબી જાય છે. ઘણી વખત તેઓ પાણીમાં પડી જાય છે અને પછી બરફની સાથે થીજી પણ જાય છે અને તેમની વસતીમાં ઘટાડો થાય છે. તાજા જન્મેલા બચ્ચાંની પાંખો વોટરપ્રુફ હોતી નથી તેના કારણે તેઓ પાણીમાં અસ્તિત્વ ટકી શકતા નથી. તેના પગલે તેમની વસતીમાં વ્યાપક ઘટાડો નોંધાયો છે. સેટેલાઈટ તસવીરો દ્વારા સામે આવ્યું છે કે, ૨૦૦૯થી ૨૦૧૮ની વચ્ચે તેમની વસતીમાંથી લગભગ ૨૦,૦૦૦ જેટલા પુખ્ત પેંગ્વિન ગાયબ થઈ ગયા હતા. જે તેમની કુલ વસતીના ૧૦ ટકા જેટલા થતા હતા. બીજી તરફ ૨૦૨૨માં આવેલા અહેવાલે એ પણ જણાવ્યું કે, બેલિંગશોસેન દરિયામાં આવેલી એમ્પરર પેંગ્વિનની પાંચ અલગ અલગ કોલોનીઓ કુદરતી આપત્તિઓને પગલે નાશ પામી હતી. તેમાં હજારોની સંખ્યામાં પેંગ્વિન અને તેમના બચ્ચાંનો પણ જીવ ગયો હતો. અહેવાલો પ્રમાણે સમુદ્રી બરફ તુટવાના કારણે તે વર્ષે અંદાજે ૧૦,૦૦૦ બચ્ચાં મૃત્યુ પામ્યા હતા. હાલમાં એમ્પરર પેંગ્વિનની વસતીની ગણતરી કરીએ તો તેઓ અંદાજે ૫,૯૫,૦૦૦ જેટલાં જ વધ્યા છે. ૨૦૦૯ કરતા તેમની વસતીમાં ૨૨ ટકાનો અધધ ઘટાડો જોવા મળ્યો છે. જાણકારો માને છે કે, જે રીતે એમ્પરર પેંગ્વિનની કોલોની ઘટી રહી છે તે પ્રમાણે તો ૨૦૮૦ સુધીમાં તેમની વસતી વર્તમાન સંખ્યા કરતા પણ અડધી થઈ જશે.

જાણકારોના મતે ગ્લોબલ વૉર્મિંગના કારણે પોલર રિજન્સમાં જીવલેણ રોગ અને વાઈરસ સંક્રમણને કારણે દરિયાઈ જીવસૃષ્ટિની વસતી ખૂબ જ ઝડપથી ઘટી રહી છે. ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં પહેલાં આ સજીવસૃષ્ટિ સુધી માનવોનો પગપેસારો થયો નહોતો અને પ્રદુષણ ફેલાયું નહોતું. ચિંતાજનક બાબત એ છે કે, હવે આર્કટિક અને એન્ટાર્કટિકામાં પણ પ્રદુષણ વધી રહ્યું છે અને તેના કારણે આ જીવસૃષ્ટિ પણ નાશ પામવાના આરે પહોંચવા લાગી છે.

સંશોધકો માને છે કે, હાલમાં પૃથ્વી ઉપર જેટલી પક્ષીની પ્રજાતિઓ વિલુપ્ત થવાના આરે છે અથવા તો જેમના અસ્તિત્વ ઉપર જોખમ છે તેમાં સૌથી મોખરે આવે છે. એમ્પરર પેંગ્વિન લુપ્તપ્રાય: સ્થિતિમાં આવી જાય તે સૌથી મોટી ચેતવણી છે કે, ગ્લોબલ વૉર્મિંગની સ્થિતિ કાબુ બહાર જતી રહી છે. ક્લાઈમેટ ચેન્જ સમુદ્રી બરફને વ્યાપક અસર કરી રહ્યા છે અને તેના કારણે પેંગ્વિનની વસતીમાં મોટો ઘટાડો થયો છે. દુનિયાભરના દેશોએ પોતાના અર્થતંત્રને ગતિમાન રાખવાની સાથે સાથે કાર્બન મુક્ત બનાવવા ઉપર તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

જાણકારોના મતે આઈયુસીએન દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા અહેવાલને પગલે સમાજના તમામ ક્ષેત્રો અને સ્તરે આપણે ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ જેવા પરિબળોને નાથવા માટે નક્કર અને નિર્ણાયક પગલાં લેવા જ પડશે. આઈયુસીએન દ્વારા સતત ઘટી રહેલી એમ્પરર પેંગ્વિનની સંખ્યા તથા એન્ટાર્કટિક ફર સીલ અને એલિફન્ટ સીલની ઘટી હેલી સંખ્યાને ધ્યાનમાં રાખીને તેમને રેડ લિસ્ટમાં રાખવામાં આવ્યા છે. આ તમામ પ્રજાતિઓની ઘટતી સંખ્યા હવે ક્લાઈમેટ ચેન્જને નાથવું પડશે તેની સ્પષ્ટ અને ખતરારૂપ ચેતવણી છે. હવે આ વાસ્તવિકતાથી આપણે મોઢું ફેરવી શકાશે નહીં.

આગામી મહિને દુનિયાભરના દેશો એન્ટાર્કટિક સંધિ અંગે બેઠક કરવાના છે. તે દરમિયાન આ જીવોની વસતી ઘટવાના પરિબળો અને તેને સાચવવાની પદ્ધતિઓ અંગે નક્કર વિચાર કરવા પડશે. આપણી ધરતી ઉપર રહેલું એન્ટાર્કટિકા કુદરતની અનોખી ભેટ છે અને મનુષ્યો તથા અન્ય સજીવો માટે અદ્વિતિય વિસ્તાર છે. તેના રક્ષણ માટે હવે પ્રયાસ નહીં કરવામાં આવે તો ઘણું મોડું થઈ જશે. જાણકારો માને છે કે જેમ અનેક શૂરવીર રાજાઓ કાળની ગર્તામાં સમાઈ ગયા અને ખોવાઈ ગયા તેવી જ રીતે માનવીય ભૂલોના કારણે પેંગ્વિન પ્રજાતિના આ રાજા ગણાતા એમ્પરર પેંગ્વિન પણ આ સદીના અંત સુધીમાં ક્યાંક વિલુપ્ત ન થઈ જાય.

ક્લાઈમેટ ચેન્જને અટકાવવાના નક્કર પ્રયાસ નહીં કરવામાં આવે તો આ દરિયાઈ જીવો માત્ર પુસ્તકોમાં તસવીરો અને યાદગીરી બની જશે.

એન્ટાર્કટિકામાં માત્ર એમ્પરર પેંગ્વિન જ નહીં પણ એન્ટાર્કટિક ફર સીલની વસતીમાં પણ વ્યાપક ઘટાડો થયો છે. ક્લાઈમેટ ચેન્જના કારણે તેમની સ્થિતિ પણ ખરાબ થઈને તેઓ વલ્નરેબલ કન્ડિશનમાં આવી ગયા છે. આઈયુસીએનના અહેવાલ જણાવ્યું કે, ૧૯૯૯માં આર્કટિક ફર સીલની વસતી ૨૧,૮૭,૦૦૦ હતી જે ૨૦૨૫માં ૫૦ ટકા જેટલી ઘટીને માત્ર ૯,૪૪,૦૦૦ થઈ ગઈ છે. ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વૉર્મિંગને પગલે જ તેમની વસતીમાં તોતિંગ ઘટાડો થઈ રહ્યો છે. સમુદ્રની સપાટી અને તેના પાણીની ગરમીમાં થયેલો વધારો તથા સમુદ્રી બરફના સ્તરમાં થયેલા ઘટાડાના કારણે તેમને સમસ્યા થઈ રહી છે. તેમને રહેવા માટે, ભોજન માટે અને પ્રજનન માટે સમુદ્રના પાણીમાં વધુ ઉંડે જવું પડે છે. પૂરતા ભોજન અને હેબિટેટના અભાવને કારણે તેમની પ્રજનન ક્ષમતામાં ઘટાડો થયો છે. તે ઉપરાંત તેમના તાજા જન્મેલા બચ્ચાના એક વર્ષ દરમિયાન જ મોત થવાના કિસ્સામાં મોટો વધારો થયો છે. તે સિવાય કિલર વ્હેલ અને લેપર્ડ સીલ દ્વારા તેમના બચ્ચાનો સૌથી વધારે શિકાર કરાતો હોવાથી તેમની વસતીમાં મોટો ઘટાડો થયો છે. આઈયુસીએન દ્વારા જણાવવામાં આવ્યું કે, ફર સીલની જેમ જ એલિફન્ટ સીલની વસતી પણ વ્યાપક રીતે ઘટી રહી છે. હાઈલી પેથોજેનિક એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા (એચપીએઆઈ)ના એટલે કે બર્ડ ફ્લૂના કારણે તેમની વસતી ઘટી રહી છે. ૨૦૨૦થી વૈશ્વિક ધોરણે બર્ડ ફ્લૂના કારણે ૪૮૫ પક્ષીઓની પ્રજાતિ અને ૪૮ સસ્તનવર્ગના પ્રાણીઓની પ્રજાતિને અસર થઈ છે. જાણકારોના મતે સધર્ન એલિફન્ટ સીલની વસતીના પાંચમાંથી ચાર પ્રજાતિઓમાં આ રોગચાળો ભયાનક સ્તરે વકર્યો છે. આ ઉપરાંત આ રોગચાળાને કારણે તેમના નવજાત બચ્ચાના મોતમાં અધધ ૯૦ ટકાનો વધારો થયો છે જે સૌથી વધારે જોખમી છે. જાણકારો માને છે કે, એલિફન્ટ સીલના સમુદાયમાં નર સીલની સરખામણીએ માદા સીલ સમુદ્ર કિનારા ઉપર વધારે સમય પસાર કરે છે. તેના કારણે તેમનામાં બર્ડ ફ્લૂ અને અન્ય જીવલેણ ચેપી રોગોનું સંક્રમણ વધારે હોય છે.

# સીમાંકન મુદ્દે ત્રણ પક્ષોએ મોદી સરકારનું ટેન્શન વધાર્યું



સંસદના વિશેષ સત્રમાં મહિલા આરક્ષણ સંબંધીત સંવિધાનમાં ફેરફારનું બિલ રજુ થશે. નવા સીમાંકનને આધારે લોકસભાની બેઠકો ૮૫૦ સુધી વધારવાનો પ્રસ્તાવ છે. સીમાંકન બાબતે ઈન્ડિયા ગઠબંધનના તમામ પક્ષો સરકારનો વિરોધ કરી રહ્યા છે. બંધારણમાં સુધારા બિલ પસાર કરવા માટે હાલની સંસદના બે તૃતિયાંશ સભ્યોની સહમતી જરૂરી છે. સત્તાધારી પક્ષ પાસે આ સંખ્યાબળ નથી ત્યારે બીજા ત્રણ પક્ષોએ પણ સીમાંકનનો વિરોધ કર્યો છે. ઈન્ડિયા ગઠબંધનના પક્ષો ઉપરાંત બીજેડી, બીઆરએસ અને વાયએસઆરસીપી પણ બિલનો વિરોધ કરી રહ્યા છે. બીજેડી પાસે રાજ્યસભાના કુલ છ સાંસદ છે. બીઆરએસ પાસે રાજ્યસભાના ત્રણ સાસદ છે જ્યારે વાયએસઆરસીપી પાસે લોકસભામાં ચાર અને રાજ્ય સભામાં સાત સાંસદ છે.

વિશ્વના પ્રતિષ્ઠિત સાપ્તાહીક 'ટાઈમ' દર વર્ષે વિશ્વના ૧૦૦ સૌથી વધુ પ્રભાવશાળી વ્યક્તિઓની યાદી પ્રસિદ્ધ કરે છે. આ યાદીમાં વિશ્વ નેતાઓથી માંડીને ઉદ્યોગપતિઓ, રમતવિરોના નામ પણ હોય છે. ૨૦૨૬ના વર્ષની યાદીમાં ડોનાલ્ડ ટ્રમ્પ, શી જીનપીંગ, બેંજામીન નેતન્યાહુ અને પોપ લીઓ સહીત ઘણી જાણીતી વ્યક્તિઓ છે. જોકે આ યાદીમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સામેલ કરવામાં આવ્યા નથી. નેપાળના વડાપ્રધાન બાલેન શાહ, બાંગ્લાદેશના વડાપ્રધાન તારીક રહેમાન અને ન્યુયોર્કના મેયર ઝોહરાન મમદાની આ યાદીમાં છે. આ ઉપરાંત માર્કોરૂબિયો કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની અને મેક્સીકોના ક્લાઉડીયા સીનબોમ જેવા નેતાઓ પણ યાદીમાં છે. યાદીમાં ભારતના અભિનેતા રણબીર કપુર તેમજ શેફ વિકાસ ખન્નાનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. યાદીમાં મોદીનું નામ નહીં જોઈને એમના ચાહકો નિરાશ થયા છે.

નાસીકની ટીસીએસ કંપનીના બહાર આવેલા ધર્મપરિવર્તન કૌભાંડ અને યૌન શોષણના કિસ્સામાં દરરોજ નવા નવા ખુલાસા થતા રહે છે. આ કેસમાં સૌથી વધુ ચર્ચા એચઆર મેનેજર નીદા ખાનની થઈ રહી છે. હમણા તો એ ફરાર છે. એના સાથી કર્મચારીઓ એને 'દબંગ મેમ' કહીને બોલાવતા હતા. એમ કહેવાય છે કે ઓફિસમાં એનો પ્રભાવ સૌથી વધુ હતો અને સમગ્ર સ્ટાફ એનાથી ડરતો હતો. એફઆઈઆર પ્રમાણે નીદા ખાન ફક્ત એચઆર મેનેજર તરીકે કામગીરી કરતી નહોતી. જે લોકો સામે ગંભીર ફરિયાદ થઈ છે એમની એ નેતા ગણાતી હતી. થયેલી ફરિયાદ પ્રમાણે ઓફિસની મહિલાઓને નીદા ખાન ઈસ્લામી પરંપરા પ્રમાણે કપડા પહેરવા અને નમાઝ પઢવાનું શીખવતી હતી.

કોંગ્રેસ હાઈકમાન્ડની જેઓ નજીક છે તેઓ 'પીડી'ને ઓળખે છે. રાહુલ ગાંધીના લાડકા શ્વાનનું નામ 'પીડી' છે. લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં મહિલા અનામત બિલ બાબતે ચર્ચા કરવા માટે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેને ત્યાં એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં વિપક્ષના તમામ મોટા નેતાઓ હાજર રહ્યા હતા. મીટિંગમાં સરકારને ઘેરવાની રણનીતિ બાબતે ચર્ચા થતી હતી. મીટિંગમાં આવેલા રાહુલ ગાંધી પોતાના શ્વાન 'પીડી'ને લઈને પહોંચ્યા હતા. થોડા વર્ષો પહેલા 'પીડી' આખા દેશમાં જાણીતો થઈ ગયો હતો. કારણ એ હતું કે, આસામના મુખ્યમંત્રી હિમંત બિશ્વા સરમા રાહુલ ગાંધીને મળવા ગયા હતા ત્યારે રાહુલ ગાંધી એમની વાત પર ધ્યાન આપવાને બદલે શ્વાન સાથે રમી રહ્યા હતા. ગુસ્સે થયેલા સરમાએ ત્યાર પછી ત્યાંથી નિકળી જઈ કોંગ્રેસ છોડવાનું નક્કી કરી લીધું હતું. ખડગેને ત્યા પણ રાહુલ ગાંધી 'પીડી'ને લઈ ગયા એ બાબતે વિરોધ પક્ષના કેટલાક નેતાઓ ખાનગીમાં ગણગણાટ કરતા હતા.

૯મી એપ્રિલે કેરળ વિધાનસભાની ચૂંટણી થઈ ગઈ. ચૂંટણીના પરિણામો ૪થી મેએ આવશે. ચૂંટણીના પરિણામો પહેલા જ કોંગ્રેસમાં આંતરીક કંકાસ શરૂ થઈ ગયો છે. કોંગ્રેસના નેતાઓએ માની લીધું છે કે કેરળમાં કોંગ્રેસની જીત થવાની છે. કોંગ્રેસના નેતાઓ માને છે કે, જે રીતે મતદાન થયું છે એને કારણે યુડીએફ જીતવાની શક્યતા વધારે છે. સોશ્યલ મીડિયા પર પણ મુખ્યમંત્રી તરીકેના નામો ચર્ચાય રહ્યા છે. સ્થાનીક ટીવી ન્યૂઝ ચેનલો પર પણ આ સમાચારને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે. કોંગ્રેસના કાર્યકરોએ પણ આ વિવાદમાં ઝુકાવ્યું છે. જુદા જુદા જૂથના નેતાઓ એક બીજા સામે તલવાર તાણી રહ્યા છે. આ વિવાદમાં બીડી સતીશાન, કેસી વેણુગોપાલ અને રમેશ ચેન્નીથલા જેવા નેતાઓ અગ્રેસર છે. વેણુગોપાલ રાહુલ ગાંધીના ખાસ હોવાથી રેસમાં એમનો ઘોડો સૌથી આગળ છે.

પશ્ચિમ બંગાળની ચૂંટણીઓ હંમેશા લોહિયાળ હોય છે. આ વખતની ચૂંટણી બાબતે પણ લોકોના જીવ અધ્ધર છે. વિધાનસભાની ચૂંટણીમાં મતદારો કોઈ ડર વગર મતદાન કરી શકે એ માટે રાજ્યમાં સીઆરપીએફના લગભગ ૨૦૦ માર્ક્સમેન બુલેટપ્રુફ વાહનોમાં દેખરેખ રાખી રહ્યા છે. ટેન્ક જેવા આ મોટા વાહનો જોઈને લોકોને ભરોસો બેસે છે. લોકો પૂછી રહ્યા છે કે આ વાહનો બંગાળમાં કઈ રીતે પહોંચી ગયા. એમ મનાય છે કે દિલ્હીથી આવેલા ફોન કોલ પછી સીઆરપીએફના ૨૦૦ બુલેટપ્રુફ ગાડીઓએ રૂટ બદલી નાખ્યો હતો. આ તમામ વાહનો કાશ્મીર અને મણીપુર જવા રવાના થયા હતા. જોકે આઈબીના રીપોર્ટ પછી પશ્ચિમ બંગાળની ચૂંટણી પહેલા આ વાહનોને પશ્ચિમ બંગાળ મોકલવાનું કેન્દ્ર સરકારે વધુ યોગ્ય માન્યું હતું.

વકીલ સંગઠનના સુપ્રિમ કોર્ટના યુનિટએ હમણા એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ જસ્ટીસ અભય એસ ઓકાને બોલાવવામાં આવ્યા હતા. એમણે જજોની તટષ્ઠતા અને કાર્યપદ્ધતિમાં સુધારા વિશે કેટલીક નિખાલસ વાતો કરી હતી. જસ્ટીસ ઓકાએ વર્તમાન ન્યાય વ્યવસ્થાની કેટલીક ચિંતાજનક વાતો વિસ્તારથી કરી હતી અને નિવૃત્ત થયેલા જજોની ભૂમિકા વિશે પણ ટીપ્પણી કરી હતી. એમણે કરેલા એક નિવેદનની ખૂબ ચર્ચા થઈ રહી છે. જસ્ટીસ ઓકાએ કહ્યું હતું કે જો તેઓ હમણા જજ તરીકે કાર્યરત હોત તો વકીલોના આ કાર્યક્રમમાં કે બીજા કોઈ કાર્યક્રમમાં પણ બોલવાનું આમંત્રણ સ્વિકારતે નહીં. એમણે વકીલોની સંસ્થાને રાજકીય વિચારધારાવાળી સંસ્થા ગણાવી હતી. જસ્ટીસ ઓકાનું આ નિવેદન ન્યાયતંત્રમાં રાજકીય હસ્તક્ષેપ હોવાની વાતને પુષ્ટી આપે છે.

# સંસારીઓ માટે અધ્યાત્મ અને મુક્તિનાં દ્વાર ખોલનારા આદિદેવ જગતગુરુ શંકરાચાર્ય ને વંદન



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.ચૈત્ર પૂરો થયો અને ભગવાન વિષ્ણુનો વૈશાખ શરું થયો, અખાત્રીજ પણ પૂરી થઈ! તિથિ લેખે એનું મહત્વ પણ જોયું. ચરિત્રની ઓળખમાં ભારતીય સંગીતને વિશ્વ વિખ્યાત કરનાર આશા ભોંસલે પર લખું કે પછી અક્ષય તૃતીયા એ જેની જન્મ જયંતિ હતી, એ વિષ્ણુનાં છઠ્ઠા અવતાર એવાં ઋષિ જમદગ્નિ અને રેણુકાનાં સૌથી નાનાં પુત્ર જે ચિરંજીવી છે, એ પરશુરામ ભગવાન પર લખવું એમ વિચાર્યું, પણ ખબર નહીં! જે તે સમયે જે થયું એ, પણ આજનાં પ્રવર્તમાન સમયમાં ફક્ત મનોદશાને આધારે મૃત્યુ દંડ અને એ પણ પતિનાં કહેવાથી પિતૃ ભક્ત પુત્રનાં હાથે! એ વાત બહુ ખટકી! ભલે પછી વરદાન માંગી જીવીત પણ કર્યા, પરંતુ એ યુગમાં ઋષિઓ પણ બે ત્રણ પત્ની રાખતાં હતાં, અને એમાં કોઈને કંઈ અનુચનીય નહોતું લાગતું, અને સ્ત્રીને માત્ર થોડી મિનિટો માટે કોઈ પસંદ આવ્યું તો એને મૃત્યુ દંડ? સ્ત્રી પુરુષ માટેનાં આવાં અલગ માપદંડ! જે મને પહેલેથી જ રાસ નથી આવ્યાં!: એટલે ભગવાન પરશુરામના ચરણે ક્ષમા પ્રાર્થના કરી આગળ વધીએ. હિન્દુ સનાતન ધર્મને જેણે સૌથી વધુ સ્તોત્ર આપ્યાં છે! વેદ અને ઉપનિષદ પર સૌથી વધુ ભાષ્યો લખ્યા છે, અને બહુ નાની ઉંમરમાં જેણે વૈરાગ્ય લઈ સંન્યાસ ધર્મમાં રહીને સંસારીઓ માટે ધર્મ કે પૂજા ઉપાસનાનો સૌથી સરળ ઉપાય શોધ્યો, એવાં આદિદેવ ભગવાન શંકરાચાર્યની વૈશાખ સુદ પાંચમે જન્મ જયંતી છે, તો એની પર જ ચિંતન કરીશું.

તેમનો જન્મકેરળનાંકલાડી ગામમાં પિતા શિવગુરુ અને માતા અમ્બાને ત્યાં થયો હતો. તેમનું મૂળ નામ શંકર હતું. બાળપણ પોતાનાં ગામ મા જ પ્રાથમિક શિક્ષણ મેળવી તેમણે ગૃહ ત્યાગ કરી દિધો. શંકરાચાર્યેનર્મદાનદીનાં કિનારે ગોવિંદપાદાચાર્ય પાસે સંન્યાસની દીક્ષા લીધી, અને વેદાંત સાથે યોગનું પણ જ્ઞાન મેળવ્યું. એમ કહેવાય છે કે તેઓ પ્રયાગ ગયા, જ્યાં કુમારિલ ભટ્ટે અગ્નિ પ્રગટાવીને પોતાનો દેહ હોમ્યો હતો, અને અર્ધા બળી ગયા હતાં, શંકરે તેમને જ્ઞાનનો ઉપદેશ આપ્યો. કુમારિલ ભટ્ટે તેમને પોતાનાં શિષ્ય મંડનમિશ્રને મળીને તેની સાથે વિવાદ કરીને તેના ઉપર વિજય મેળવવાં કહ્યું. શંકરને એવી એંધાણી મળી કે જ્યાં ઘરને બારણે મેના-પોપટ વેદનું ઉચ્ચારણ કરતાં હોય તે ઘર મંડનમિશ્રનું. શંકર ત્યાં પહોંચ્યા અને તેમની સાથે મીમાંસા અને વેદાંતના સિદ્ધાંત સંબંધી વાદ થયો, જેમાં મંડનમિશ્રનાં પત્ની સરસ્વતી કે ભારતી મધ્યસ્થી થયાં, અને એમ નક્કી થયું કે મંડન હારે તો તેઓ સંન્યાસી થાય. સરસ્વતીએ શંકરાચાર્યનાં જયની ઘોષણા કરી અને મંડન સંન્યાસી બન્યા. ત્યારપછી સરસ્વતી ભારતી એ શાસ્ત્રાર્થ કર્યો અને ગૃહસ્થ જીવનનાં માપદંડ વિશે પૂછ્યું અને કે સાચો સંન્યાસી એ જ કહેવાય જે કામ ને જાણવા છતાં એને છોડી શકે! અને આદિદેવ શંકરાચાર્ય એ એક ગૃહસ્થીમાં પરકાયા પ્રવેશ કરી ગૃહસ્થ જીવનનાં માપદંડ જાણ્યા અને પછી મંડન મિશ્રાની પત્ની સાથે સંવાદ કર્યો. શંકરાચાર્યે આખા હિન્દુસ્તાનમાં પ્રવાસ ખેડી ઉપનિષદોનો અદ્વૈતવાદ અને જ્ઞાનવાદ પ્રવર્તાવ્યો અને એનાં પ્રચાર અને રક્ષણ માટે દેશનાં ચાર ખૂણે ચાર મઠ સ્થાપ્યાં, તથા પોતાનાં મુખ્ય શિષ્યોને મઠાધીશ બનાવ્યાં. આ મઠો દક્ષિણમાં શૃંગેરીમાં, પશ્ચિમમાંદ્વારકા, ઉત્તરમાંબદરીનાથમાંઅને, પૂર્વમાં જગન્નાથપુરીમાંસ્થાપ્યા. એક પરંપરાગત માન્યતા એવી છે કે પાંચમો મઠ કાંચીમાં સ્થાપ્યો. તેમના દશનામી સંપ્રદાયના સંન્યાસીઓ આ દસમાંથી એક નામથી ઓળખાય છે, ગિરિ, પુરી, ભારતી, સરસ્વતી, તીર્થ, આશ્રમ, વન, અરણ્ય, પાર્વત, સાગર. અનુભૂતિની કક્ષા અનુસાર તેઓ બ્રહ્મચારી, દંડી, પરિવ્રાજક અને પરમહંસ કહેવાય છે.

વેદ અને અધ્યાત્મ અથવા તો આત્મ ઉદ્ધારની યાત્રા માત્ર સંન્યાસીઓ માટે જ છે, અને સંસારીઓ ને આમાં કોઈ ગતાગમ પડે નહીં! એવી સખ્ત માન્યતા જ્યારે સમાજમાં પ્રવર્તતી હતી, ત્યારે ભગવાન આદિદેવ શંકરાચાર્ય કે જેણે બહુ નાની ઉંમરથી જ વૈરાગ્ય પંથ પસંદ કર્યો હતો અને સંન્યાસ અંગીકાર કર્યો હતો, એમણે આપણી એટલે કે સંસારીઓ માટે શિવ અને શક્તિનાં કેટલાં બધાં સ્તોત્રની રચના કરી, એમાંથી એક તો માનસિક પૂજા માટે પણ છે! અને એનાં થકી આપણે એ પરમ શિવ શક્તિને આરાધી શકીએ! અને આમ ભક્તિ મુક્તિનાં અનન્ય દ્વાર સંસારીઓ માટે ખોલ્યાં! પોતે અદ્વૈત માર્ગનાં આગ્રહી હોવાં છતાં આપણને પંચદેવની પૂજા આપી અને પંચમહાભૂત સાથે જોડ્યા! મારી માટે તો સદગુરુ શ્રી પંડિત રામ શર્મા આચાર્ય ભગવાન કહે એ પ્રમાણ છે, અને એમણે કહ્યું કે એમણે પાંચમી સદીમાં કર્મકાંડ અને આકરાં અનુષ્ઠાનની જગ્યાએ સીધીસાદી પૂજા અને જન જાગરણની પ્રવૃત્તિને વેગ આપ્યો અને આ ઉપરાંત એમણે આપણાં અઘરાં અઘરાં શાસ્ત્રોનું ભાષ્ય કર્યું, ઉપનિષદ વગેરેનું પણ આપણે સમજી ને અનુસરી શકીએ, એવું સરલ તરલ અર્થઘટન કર્યું.

સદગુરુ ભગવાન શ્રી રામ શર્મા આચાર્યશ્રીએ આદિ શંકરાચાર્યને ભારતીય આધ્યાત્મિક પરંપરાના મહાન પુનર્જાગરણકર્તા તરીકે સ્વીકાર્યા છે, કારણ કે સંન્યાસ માર્ગ અને સનાતન ધર્મને બચાવવા! એમણે ભવિષ્ય વાંચ્યું હશે અને આગળ સમય એવો આવશે જ્યારે અનેક વિધર્મી ઓ સનાતનની લાંબી લાંબી કર્મકાંડની અર્થ હીન અને છતાં આર્થિક રીતે મોંઘી મોંઘી પૂજા કે યજ્ઞો સામે પ્રશ્નો ઉભા થશે, અને ત્યારે, શંકરાચાર્યએ વેદાંત એટલે કે અદ્વૈતનું પુનઃસ્થાપન કરીને સમાજમાં આધ્યાત્મિક એકતા લાવી, અને બાહ્ય પ્રકૃતિના પંચ મહાભૂતથી પ્રભાવિત થતા મનુષ્યના શરીરની આંતરિક પ્રકૃતિનાં પંચ મહાભૂતને સંતુલન કરવાં પંચ દેવ પૂજા અસરકારક ઉપાય છે! અને આમ કરવાથી એ તત્વો પૃષ્ઠ થાય અને તન અને મન બંને નિર્વિકાર એટલે સ્વસ્થ રહે. શંકરાચાર્યનાં સ્તોત્રો ભજ ગોવિંદમ, નિર્વાણષટકમ, સૌંદર્યલહરી વગેરે વિશે સદગુરુ ભગવાન શ્રી રામ શર્મા આચાર્યજીનો અભિપ્રાય એવો હતો કે, એમાં ઊંડો તત્વજ્ઞાન અને ભક્તિનું સંમિશ્રણ છે, અને પૂજાપાઠ કરતી વખતે ભાવનું પતન થાય નહીં અને બંને એટલી પવિત્રતા રાખીને પાઠ કરવાથી મન શાંતિ અનુભવે અને ચેતનાની ઉર્ધ્વ ગતિ કે ઉન્નતિ થાય છે. જોકે એમણે એમ પણ કહ્યું કે સત્ય જ્યાં સુધી વાણી અને વિચાર સુધી સિમિત રહેશે, ત્યાં સુધી એ અધૂરું છે! એને આચરણમાં મુકવું પડે! એ ચરિત્રોને આદર્શ બનાવી એનાં જીવન સિદ્ધાંતને અનુસરવું પડે. મારાં સદગુરુ ભગવાન આ વાત પર પણ વારંવાર ભાર મૂકે છે કે "સ્તોત્રો, મંત્રો અને ઉપાસના એ તો લક્ષ્ય સુધી પહોંચવાનું સાધન છે.

### 60 તોલા સોનું અને બાઉન્સરોના કાફલા સાથે હાઈવોલ્ટેજ પ્રચાર

# સુરતમાં AAPના 'ગોલ્ડન ઉમેદવાર'એ કહ્યું, ભાજપના 'ખરીદ-વેચાણ'ના ડરથી બોડીગાર્ડ રાખ્યા

**સુરત, તા.19**

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને સમગ્ર શહેરમાં રાજકીય માહોલ ગરમાયો છે. આ ચૂંટણીમાં અનેક ઉમેદવારો નસીબ અજમાવી રહ્યા છે, પરંતુ આમ આદમી પાર્ટીના એક ખાસ ઉમેદવારે આખા સુરતનું ધ્યાન ખેંચ્યું છે. વોર્ડ નં. 1માંથી ચૂંટણી લડી રહેલા કલ્પેશ બારોટ હાલ 'ગોલ્ડન મેન' તરીકે પ્રખ્યાત થયા છે.

તેઓ જ્યારે પ્રચારમાં નીકળે છે ત્યારે 60 તોલા સોનું અને તેમની સાથે ચાલતા બાઉન્સરો સોશિયલ મીડિયાથી લઈને રસ્તાઓ સુધી ચર્ચાનો વિષય બન્યા છે. આમ આદમી પાર્ટીના આ 'ગોલ્ડન ઉમેદવાર'ની જીવનશૈલી અને તેમનો અંદાજ અન્ય તમામ ઉમેદવારો કરતા તદ્દન અલગ તરી આવે છે.

કલ્પેશ બારોટ જ્યારે વોર્ડ નં. 1ની ગલીઓમાં જનસંપર્ક માટે નીકળે છે, ત્યારે દ્રશ્યો કંઈક અલગ જ હોય છે. આંગળીઓમાં સોનાની વીંટીઓ, હાથમાં ભારેખમ સોનાના બ્રેસલેટ અને ગળામાં જાડી સોનાની ચેન પહેરીને તેઓ મતદારો પાસે જાય છે. તેમની આ અનોખી સ્ટાઈલ જોઈને લોકો સ્તબ્ધ થઈ જાય છે. પ્રચાર દરમિયાન તેઓ 60થી 65 તોલા સોનું પહેરે છે, જેની બજાર કિંમત લાખોમાં થાય છે. આટલું સોનું પહેરીને સામાન્ય રીતે કોઈ બહાર



નીકળતા ડરતું હોય છે, પરંતુ કલ્પેશભાઈ આત્મવિશ્વાસ સાથે મતદારો વચ્ચે ફરે છે.

સૌથી ચોંકાવનારી વાત એ છે કે કલ્પેશ બારોટ ગુજરાતના કદાચ એવા પ્રથમ ઉમેદવાર હશે જેઓ પોતાના પ્રચારમાં ખાનગી બાઉન્સરો સાથે રાખે છે. તેમની સાથે કાયમ બે બાઉન્સરો રહે છે. આ અંગે જ્યારે તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું કે, આ બાઉન્સરો તેમના પારિવારિક મિત્રો જેવા છે. જોકે, તેમણે આડકતરી રીતે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, વિરોધ પક્ષના ઉમેદવારોની જે રીતે ખરીદ-વેચાણની રાજનીતિ ચાલી રહી છે, તેનાથી બચવા અને પોતાની સુરક્ષા માટે તેઓ આ વ્યવસ્થા રાખે છે.

ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરેલા સોગંદનામામાં કલ્પેશ બારોટે પોતાની મિલકતોનો વિગતવાર ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, તેમની પાસે અંદાજે 90 લાખ રૂપિયાની કિંમતનું સોનું છે. તેમની પાસે રહેલી સ્થાવર અને જંગમ મિલકતોની વિગતો પણ એફિડેવિટમાં દર્શાવવામાં આવી છે. કલ્પેશભાઈનું કહેવું છે કે, તેમણે કંઈ પણ છુપાવ્યું નથી અને જે છે તે જનતાની સામે પારદર્શક રીતે રજૂ કર્યું છે.

સોનાના શોખને કારણે જ આજે તેઓ સુરતની જનતામાં 'ગોલ્ડન ઉમેદવાર' તરીકે ઓળખાઈ રહ્યા છે. કલ્પેશ બારોટ માટે સોનું પહેરવું એ માત્ર ચૂંટણીનો દેખાડો નથી. તેઓ વર્ષોથી સોનું પહેરવાના શોખીન છે. તેમના મતે, આ તેમની એક વર્ષો જૂની ઓળખ છે. લોકો તેમને સોનામાં લદાયેલા જોઈને નવાઈ પામતા હોય છે, પરંતુ તેના વિસ્તારના લોકો માટે આ નવું નથી. જોકે, ચૂંટણીના મેદાનમાં જ્યારે આટલી મોટી માત્રામાં સોનું પહેરીને ઉમેદવાર ઉતરે ત્યારે વિરોધ પક્ષો અને સામાન્ય જનતામાં કુતૂહલ જાગવું સ્વાભાવિક છે. તેઓ માને છે કે તેમનું સોનું એ તેમની મહેનતની કમાણી છે.

જ્યારે કલ્પેશભાઈને પૂછવામાં આવ્યું કે આટલું સોનું પહેરીને નીકળવામાં જોખમ નથી લાગતું?. ત્યારે તેમણે સણસણતો જવાબ આપ્યો હતો.

વધુમાં તેમણે એક મેસેજ આપતા કહ્યું કે, વર્તમાન સમયમાં જનતાએ સરકાર પર ભરોસો રાખવા કરતા પોતાની સુરક્ષા પોતે જ કરવી જોઈએ. તેમનો આ મેસેજ સુરતના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે પણ આંગળી ચીંધે છે.

વોર્ડ નં. 1ના રહીશો માટે કલ્પેશ બારોટનો પ્રચાર એક આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ઘણા લોકો તેમને જોવા માટે ઘરની બહાર નીકળે છે તો ઘણા તેમની સાથે સેલ્ફી લેવાનું પણ ચૂકતા નથી. આમ આદમી પાર્ટી માટે આ એક 'ક્રાઉડ પુલર' વ્યૂહરચના સાબિત થઈ રહી હોય તેવું લાગે છે. સામાન્ય રીતે સાદગીની રાજનીતિ કરતી પાર્ટીમાં આટલા ભપકાદાર ઉમેદવાર હોવા છતાં, કલ્પેશભાઈ દાવો કરે છે કે તેઓ જમીની સ્તરના કાર્યકર છે અને લોકોની સમસ્યાઓ સમજે છે.

કોંગ્રેસમાં 35 વર્ષ સુધી સક્રિય કાર્યકર રહેલા કલ્પેશ બારોટ થોડા સમય પહેલાં આમ આદમી પાર્ટીમાં જોડાયા અને પાર્ટીએ તેમને ઉમેદવાર બનાવ્યા. તેઓ ધોરણ સાત સુધી ભણેલા છે અને રેસ્ટોરન્ટ તેમજ જમીન લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા છે. નાનપણમાં તેમની પાસે સોનાના ઘરેણાં ન હોવાથી, હવે તેમને ઘરેણાંનો શોખ છે અને તેમની પાસે તેનું સારું એવું કલેક્શન છે.

# પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી-આસનસોલ સમર સ્પેશલ ટ્રેનનું સંચાલન

**અમદાવાદ, તા.19**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર 09431/09432 સાબરમતી-આસનસોલ-સાબરમતી સમર સ્પેશલ ટ્રેન (વિશેષ ભાડા સાથે) ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની વિગત નીચે મુજબ છે:

ટ્રેન સંખ્યા 09431 સાબરમતી-આસનસોલ સમર સ્પેશલ ટ્રેન તારીખ 20 એપ્રિલ 2026 અને 26 એપ્રિલ 2026ના રોજ સાબરમતીથી 22:55 વાગ્યે પ્રસ્થાન કરી ત્રીજા દિવસે 13:15 વાગ્યે આસનસોલ પહોંચશે.

તે જ રીતે, ટ્રેન સંખ્યા 09432 આસનસોલ-સાબરમતી સમર સ્પેશલ ટ્રેન તારીખ 22 એપ્રિલ 2026 અને 28 એપ્રિલ 2026ના રોજ આસનસોલથી 16:20 વાગ્યે પ્રસ્થાન કરી ત્રીજા દિવસે 07:15 વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ જંક્શન, બ્યાવર, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, અછનેરા, ઈદગાહ આગ્રા, ટુંડલા, ગોવિંદપુરિ, પ્રયાગરાજ જંક્શન, દિનદયાલ ઉપાધ્યાય જંક્શન, સાસારામ, ગયા જંક્શન, કોડરમા અને ધનબાદ સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં સ્લીપર તથા સામાન્ય શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે. ટ્રેન સંખ્યા 09431 સાબરમતી-આસનસોલ સમર સ્પેશલ માટે બુકિંગ તારીખ 19 એપ્રિલ 2026થી તમામ પીઆરએસ કાઉન્ટર તથા આઈઆરસીટીસી વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય જાણકારી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

# પશ્ચિમ રેલવે ચલાવશે વટવા-હાવડા-વટવા સમર સ્પેશિયલ ટ્રેન......

**અમદાવાદ, તા.19**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન સંખ્યા 09479/09480 વટવા-હાવડા-વટવા સમર સ્પેશિયલ ટ્રેનને વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન સંખ્યા 09479 વટવા-હાવડા સમર સ્પેશિયલ ટ્રેન તા. 20 એપ્રિલ 2026 અને 26 એપ્રિલ 2026ના રોજ વટવાથી 16:45 વાગ્યે પ્રસ્થાન કરીને ત્રીજા દિવસે 09:00 વાગ્યે હાવડા પહોંચશે.

તે જ રીતે, ટ્રેન સંખ્યા 09480 હાવડા-વટવા સમર સ્પેશિયલ ટ્રેન તા. 22 એપ્રિલ 2026 અને 28 એપ્રિલ 2026ના રોજ હાવડાથી 19:00 વાગ્યે પ્રસ્થાન કરીને ત્રીજા દિવસે 12:15 વાગ્યે વટવા પહોંચશે. માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન વડોદરા જંકશન, ભરુચ જંકશન, અંકલેશ્વર જંકશન, ઉધના જંકશન, નંદુરબાર, ભુસાવલ જંકશન, ખંડવા જંકશન, ઈટારસી જંકશન, જબલપુર, કટની, સતના, માનિકપુર જંકશન, પ્રયાગરાજ છિવકી, દિનદયાલ ઉપાધ્યાય જંકશન, સાસારામ, ગયા જંકશન, કોડરમા, ધનબાદ જંકશન તેમજ આસનસોલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી 1-ટાયર, એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર તથા સામાન્ય શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.

*ટ્રેન નં. 09479 વટવા-હાવડા સમર સ્પેશિયલ માટે બુકિંગ તા. 19 એપ્રિલ 2026થી તમામ પીઆરએસ કાઉન્ટર તેમજ આઈ આરસસીટીસી IRCTC વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.*


ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય જાણકારી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

# ગૌતમ અદાણીએ અક્ષય તૃતિયાના મંગલ દિને તારંગા જૈન મંદિરમાં પૂજા અર્ચના કરી

**મહેસાણા, તા.19**

રવિવારે અક્ષય તૃતીયાના મંગલ પ્રસંગે અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણી અને તેમના પત્ની ડૉ. પ્રીતિ અદાણીએ ગુજરાતના તારંગાની ટેકરીઓમાં બિરાજમાન શ્રી અજિતનાથ ભગવાન શ્વેતાંબર જૈન દેરાસરની મુલાકાત લઈ પૂજા અર્ચના કરી હતી.

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ડભોડા હેલિપેડ પર સવારે ૭:૪૫ વાગ્યે પહોંચેલા અદાણી દંપતીનું જૈન સમાજના સભ્યોએ સ્વાગત કર્યા બાદ તેઓ તારંગાની ટેકરીએ પર ગયા.જૈન સંપ્રદાયની પરંપરાઓમાં આ દિવસને ખાસ પવિત્ર માનવામાં આવતો હોવાથી શ્રદ્ધાળુઓ વહેલી સવારથી અહીં એકત્ર થાય છે અને શ્રી અજિતનાથ ભગવાન શ્વેતાંબરના શ્રધ્ધાભાવથી દર્શન કરે છે.



જૈન ધર્મના બીજા તીર્થંકર ભગવાન અજિતનાથને સમર્પિત અને સોલંકી શાસક રાજા કુમારપાલ સાથે સંકળાયેલું અને ૧૨મી સદીમાં નિર્માણ થયેલું આ મંદિર સમગ્ર જૈન સમાજ માટે માટે આસ્થાનું એક મહત્વનું તીર્થધામ છે.

ગૌતમ અદાણીએ આ ઐતિહાસિક સ્થળે આવેલા મંદિર સંકુલમાં સમય વિતાવતા પૂર્વે ગર્ભગૃહની અંદર જઇ ભગવાન અજિતનાથની મૂર્તિ સમક્ષ પૂરા શ્રધ્ધાભાવથી પ્રાર્થના કરી હતી. આ દંપતીએ અહીં ચાલતી કેન્ટીનની પણ મુલાકાત લીધી હતી..

તારંગાની આ મુલાકાત દરમિયાન શ્રી અદાણીએ મંદિરના ટ્રસ્ટી સચિન અશોકભાઇ શાહને મળીને મંદિરની બેનમૂન સ્થાપત્ય કલા અને આધ્યાત્મિક અખંડિતતાને જાળવી રાખવા સમેત યાત્રાળુઓ માટે સુવિધાઓમાં સુધારા વધારા કરવાના હેતુસરની વિવિધ યોજનાઓ વિષે પરામર્શ કર્યો હતો.

પવિત્ર સ્થળની આસપાસના પ્રદેશના પર્યાવરણીય પુનઃસ્થાપન અને જાળવણીમાં ફાળો આપતા તારંગાની ટેકરીઓ લીલીછમ અને હરિયાળીથી આચ્છાદિત રહે તે માટે અદાણી ગ્રુપ વનીકરણના થઇ રહેલા પ્રયાસોને પણ સમર્થન આપી રહ્યું છે.

સમૃદ્ધિ, નવો શુભારંભ અને દાન પૂણ્યના કાર્યો માટે અક્ષય તૃતીયાની તિથીને હિન્દુ અને જૈન કેલેન્ડરમાં એક વણદીઠા શુભ મુહૂર્ત તરીકે સૌથી શુભ દિવસોમાંનો એક માનવામાં આવે છે. જૈન પરંપરા અનુસાર આ દિવસે ઋષભનાથને લાંબા ઉપવાસ પછી પ્રથમ દાન મળ્યું હતું, જેના કારણે તપસ્વીઓને ભોજન આપવાની પ્રથા સ્થાપિત થઈ હતી એવી માન્યતા છે.

અદાણી પરિવારે મહિનાની શરુઆતમાં હનુમાન જયંતિ પ્રસંગે ભારતના સૌથી અગ્રણી આસ્થાના પ્રતીક અને હિન્દુ મંદિરોમાંના એક અયોધ્યાના રામ મંદિરની મુલાકાત લઇ પૂજા-અર્ચના કરી વિશ્વ શાંતિ સકલ જગતના કલ્યાણ માટેપ્રાર્થના કરી હતી.

# દિલ્હીથી AAPનું સ્થાનિક સ્વરાજ ચૂંટણી પૂર્વે સુરતમાં ફંડિંગ!, ઇન્કમટેક્સની એન્ટ્રી: હવાલા નેટવર્કમાં હિમાંશુ પાહુજાની સંડોવણીનો ક્રાઈમ બ્રાન્ચે ઘટસ્ફોટ કર્યો

**સુરત, તા.19**

સુરત સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક આવતા જ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે એક અત્યંત ચોંકાવનારા 'પોલિટિકલ હવાલા કાંડ'નો પર્દાફાશ કર્યો છે. દિલ્હીથી સુરત સુધી ફેલાયેલા આ નેટવર્ક દ્વારા છેલ્લા ચાર મહિનામાં 1 કરોડથી વધુની રકમ આંગડિયા મારફતે મોકલવામાં આવી હોવાની વિગતો બહાર આવી છે. આ કેસમાં સીસીટીવી ફૂટેજ અને દસ્તાવેજી પુરાવાઓના આધારે તપાસનો ધમધમાટ તેજ થયો છે.

સુરત ક્રાઈમ બ્રાન્ચે આ મામલાની ગંભીરતા જોતા આવકવેરા વિભાગને જાણ કરી દીધી છે. પોલીસ હવે નાણાકીય લેવડદેવડના હિસાબો તપાસી રહી છે, જ્યારે ઈન્કમટેક્સ વિભાગ આ બ્લેક મનીના સ્ત્રોત સુધી પહોંચવા પ્રયાસ કરશે.

સુરત ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, શહેરના રાજકીય માહોલને પ્રભાવિત કરવા માટે ગેરકાયદેસર મનીનો ઉપયોગ થઈ રહ્યો છે. તપાસ દરમિયાન પોલીસના હાથમાં એક મહત્વપૂર્ણ સીસીટીવી ફૂટેજ આવ્યું છે, જેમાં આંગડિયા પેઢીઓ મારફતે નાણાંની હેરાફેરી થતી સ્પષ્ટ દેખાય છે. પ્રાથમિક તપાસ મુજબ, આ નાણાં દિલ્હીથી સુરતના ચોક્કસ સેન્ટરો



પર મોકલવામાં આવતા હતા. પોલીસ હવે આ સીસીટીવીમાં દેખાતા અન્ય શખ્સો અને આંગડિયા સંચાલકોની કડક પૂછપરછ કરી રહી છે, જેથી આ આખી ચેઈનનો પર્દાફાશ થઈ શકે છે.

આ સમગ્ર કૌભાંડમાં દિલ્હીના જનકપુરીમાં રહેતા હિમાંશુ પાહુજાનું નામ મુખ્ય સૂત્રધાર તરીકે સામે આવ્યું છે. હિમાંશુ અગાઉ કોંગ્રેસમાં સક્રિય હતો પરંતુ હાલમાં તે આમ આદમી પાર્ટી (AAP) સાથે જોડાયેલો હોવાનું અને નેતા સુરેન્દ્ર ભારદ્વાજનો નજીકનો માણસ હોવાનું માનવામાં આવે છે. ક્રાઈમ બ્રાન્ચે હિમાંશુ પાહુજાની કલાકો સુધી કડક પૂછપરછ કરી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, હિમાંશુ દિલ્હીથી ફંડ મોકલનાર તરીકેની મુખ્ય ભૂમિકા ભજવતો હતો. જોકે, પૂછપરછ બાદ હાલ તેને મુક્ત કરવામાં આવ્યો છે, પણ તેની ગતિવિધિઓ પર વોચ રાખવામાં આવી રહી છે.

દિલ્હીથી જે ફંડ મોકલવામાં આવતું હતું, તેને સુરતમાં સંભાળવાની જવાબદારી આકાશ મિશ્રા અને અજય તિવારી નામના બે શખ્સોની હતી. આકાશ મિશ્રા, જે પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનનો પીએ (PA) રહી ચૂક્યો છે, તે સુરતના પીપલોદ વિસ્તારમાં રહીને આ આખું ઓપરેશન ચલાવતો હતો. આકાશ અને અજય તિવારી દિલ્હીથી આવતા ફંડના 'ફાઈનાન્સિયલ રિસીવર અને ડિસ્ટ્રીબ્યુટર' તરીકે કામ કરતા હતા. તેઓ આ નાણાં મેળવીને શહેરના વિવિધ વિસ્તારોમાં ફાળવતા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, હવાલા મારફતે મેળવેલા આ લાખો રૂપિયાનો ઉપયોગ કોઈ કાયદેસરના કામ માટે નહીં, પરંતુ રાજકીય ગતિવિધિઓ માટે કરવામાં આવતો હતો. આ રકમનો ઉપયોગ સ્થાનિક કાર્યકરોને પોષવા, ચૂંટણીલક્ષી પ્રચાર-પ્રસાર, રેલીઓ અને અન્ય ગુપ્ત પોલિટિકલ ઓપરેશન્સ માટે કરવામાં આવતો હોવાની આશંકા છે. આ આર્થિક ચેઈન દ્વારા ગુજરાતમાં પાર્ટીના નેટવર્કને મજબૂત કરવા માટે બિનહિસાબી નાણાંનો ધોધ વહેવડાવવામાં આવ્યો હતો, જે આચારસંહિતા અને ઈન્કમટેક્સના નિયમોનું સીધું ઉલ્લંઘન છે.

ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં વધુ એક વિગત સામે આવી છે કે, આકાશ મિશ્રા અને અજય તિવારી માત્ર રિસીવર નહોતા, પણ તેઓ સુરતના સ્થાનિક રાજકારણમાં પણ ઊંડા ઉતરેલા હતા. તેઓ હિમાંશુ માટે અહીં ફંડિંગ એકઠું કરવામાં અને વહેંચવામાં મહત્વની કડી સાબિત થયા છે. આ બંને શખ્સોના સંપર્કમાં સુરતના કયા મોટા ગજાના નેતાઓ હતા, તેની યાદી પણ પોલીસ તૈયાર કરી રહી છે. આગામી દિવસોમાં આ બંનેની ફરીથી ધરપકડ કે કડક પૂછપરછ થવાની પૂરેપૂરી શક્યતા છે.

# બુદ્ધિશાળી વ્યક્તિ તમારું દિમાગ,સુંદર વ્યક્તિ તમારી આંખો, પ્રેમાળ વ્યક્તિ તમારું હૃદય ખોલે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નું વાતાવરણ ભારે જામ્યું છે જાણે શાસક પક્ષનું બધું જતું રહેશે તેમ છેલ્લી કક્ષાના તમામ પ્રયત્નો થઈ રહયા છે તો આ બધા વચ્ચે વૈશાખી બીજ ત્રીજ ચોથના હવામાનમાં પલટો માવઠું થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવે છે આ બધા વચ્ચે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો એક સમયે,એક રાજા પાસે એક પાલતુ વાંદરો હતો. વાંદરો રાજાને ખૂબ જ પ્રિય હતો અને હંમેશા તેની બાજુમાં રહેતો હતો વાંદરો રાજાની પૂરા દિલથી સેવા કરતો હતો,છતાં તેની પાસે બુદ્ધિ નો અભાવ હતો.

એક બપોરે,રાજા તેના ઓરડામાં આરામ કરી રહ્યો હતો. વાંદરો તેની સંભાળ રાખી ને નજીકમાં બેઠો હતો. તે જ સમયે, એક માખી વારંવાર આવીને રાજાના ચહેરા પરઆવી વાંદરાને આ બિલકુલ ગમ્યું નહીં. તેણે ઘણી વખત માખીને ભગાડ વાનો પ્રયાસ કર્યો,પરંતુ તે પાછી ફરી.

વાંદરો ગુસ્સે થયો.તેણે મનમાં વિચાર્યું,'મારે આ માખીને હંમેશા માટે દૂર કરવી પડશે; ત્યારે જ રાજાને શાંતિ મળશે.'તેણે આસ પાસ જોયું અને નજીકમાં પડેલી એક તલવાર જો ઈ. બીજોવિચાર કર્યા વિના,વાંદરાએ તલવાર ઉપાડી. જ્યારે માખી ફરી એક વાર રાજાના ચહેરા પર પડી, ત્યારે વાંદરાએ તેની બધી શક્તિ થી તલવારથી તેના પર પ્રહાર કર્યો.માખી ઉડી ગઈ,પરંતુ તલવારનો પ્રહારસીધો રાજા પર પડ્યો.પરિણામએ આવ્યુંકે રાજા ત્યાં જ મૃત્યુ પામ્યો,પોતાની મૂર્ખતાને



કારણે,વાંદરા એ તેના પ્રિય માલિકનો વિનાશ કર્યો.

ભગવાન ત્યાં જ હતા પણ ગોપી ઓને દેખાતા નથી. અંતર્ધ્યાન થયા એટલે શ્રીકૃષ્ણે ગોપીઓનાં હૃદયમાં પ્રવેશ કર્યો પણ હૃદયમાં શોધવાને બદલે શ્રીકૃષ્ણને બહાર શોધવા લાગી એટલે શ્રીકૃષ્ણ ન દેખાયા.

ઈશ્વર સર્વના હૃદયમાં છે, છતાં તે દેખાતા નથી. જીવ ભગવાન સન્મુખ ન આવે ત્યાં સુધી ભગવાન તેની સુધ લેતા નથી. ભગવાન કહે છે, હું તો જીવને અપનાવવા તૈયાર છું, પણ તે મારી સન્મુખ, મારી પાસે આવે ત્યારે હું તેને અપનાવુંને!ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, અંદર શોધતી નથી તેમ જીવ પણ આનંદ બહાર શોધે છે,અંદરનહીં એટલે એને આનંદ મળતો નથી. તમારો આનંદબીજી ચીજ પર આધારિત ન હોવો જોઈએ સ્ત્રીથી,કપડાંથી,ધનથી આનંદ મળે તો તેના વિયોગથી તમને દુઃખ થશે.તમારો આનંદ કોઈને આધીન હશે તો તે દુઃખ આપશે જ.માટે દુઃખી ન થવું હોય તો અંતર્મુખ દૃષ્ટિ કરી પરમાત્માને હૃદયમાં નિહાળો. ફક્ત એક ભગવાન આનંદરૂપ છે. બાકી આ જગત તો દુઃખરૂપ છે,ને અનિત્ય છે.

ગોપીનું મન શ્રીકૃષ્ણમાં છે. વૃત્તિ શ્રીકૃષ્ણાકાર હોવાથી અંતરંગમાં સંયોગ છે,બહિરંગમાં વિયોગ છે વિયોગ એટલે વિશિષ્ટયોગ બહિ રંગમાં વિયોગ અને અંતરંગમાં સંયોગ.ગોપીઓ એકએક વસ્તુ માં ભગવાનને શોધે છે. સખીઓ શ્રીકૃષ્ણને શોધવા નીકળે છે. ગોપીઓને થાય છે કે,આ વૃક્ષમાં શ્રીકૃષ્ણ છે.વૃક્ષને પૂછે છે કે, મારા શ્યામ સુંદર ક્યાં છે?

વિયોગમાં તન્મય થઈ છે એટલે ગોપીઓને ભાન નથી કે આ વૃક્ષ છે.વૃક્ષ બોલી શકે નહીં.પછી વ્યાકુળ થયેલી ગોપીઓશ્રીકૃષ્ણ ની લીલાઓનું અનુકરણ કરે છે.

અરે સખી,હું જ શ્રીકૃષ્ણ છું. આ ધ્યાનની પરાકાષ્ઠા છે. ધ્યાન નું ફળ છે. ધ્યાન કરતાં કરતાં સંસારનું વિસ્મરણ થાય છે. ધ્યાનમાં તન્મયતા થયા પછી 'હુંપણું' ભૂલાય છે. તે પછી ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એક બને છે. તે જ મુક્તિ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે ચિંતનાત્મક લેખની શરૂઆતમાં જે વાર્તા વાંચી તે આપણને શીખવે છે કે ફક્ત વફાદારી પૂરતી નથી; તેની સાથે શાણપણ પણ હોવું જોઈએ. મૂર્ખ વ્યક્તિની મિત્રતા ઘણીવાર અત્યંત ખતરનાક સાબિત થઈ શકે છે. જેમ કહેવત છે:મૂર્ખ મિત્ર કરતાં શાણો શત્રુ ઘણો સારો છે.સૌ ધરતીપુત્રોને વૈશાખી ત્રીજ ચોથની શુભકામના પાઠવું છું બસ આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# ચેન્નાઈ સુપર કિંગ્સ ફરીથી હાર્યું, હૈદરાબાદનો રોમાંચક વિજય

## હૈદરાબાદના 194 રનના સ્કોર સામે ચેન્નાઈના 184, અભિષેકની આક્રમક બેટિંગ

હૈદરાબાદ, તા.19

અભિષેક શર્મા અને હેનરિક ક્લાસેનની શાનદાર અડધી સદી બાદ શ્રીલંકન બોલર ઈશાન મલિંગાએ બોલિંગમાં કમાલ કરતાં સનરાઈઝર્સ હૈદરાબાદે અહીં રમાયેલી આઈપીએલની ટી20 ક્રિકેટ ટુર્નામેન્ટની લીગ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે દસ રનથી રોમાંચક વિજય હાંસલ કર્યો હતો.



અહીં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરીને સનરાઈઝર્સ હૈદરાબાદે 20 ઓવરમાં નવ વિકેટે 194 રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ભારે લડત બાદ ચેન્નાઈ સુપર કિંગ્સે તેની 20 ઓવરને અંતે આઠ વિકેટે 184 રન કર્યા હતા. આમ તે નજીવા અંતરથી સફળતાથી વંચિત રહ્યું હતું.

195 રનના ટારગેટ સામે રમતાં ચેન્નાઈ સુપર કિંગ્સ માટે આયુષ મહાત્રે, મેથ્યુ શોર્ટ અને સરફરાઝ ખાને લડાયક બેટિંગ કરી હતી પરંતુ તેમાંથી કોઈ લાંબી ઈનિંગ્સ રમી શક્યા ન હતા. ઈશાન મલિંગાએ ત્રણ અને નિતિશ કુમાર રેડ્ડીએ બે બે વિકેટ ખેરવી હતી.

અગાઉ ચેન્નાઈએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ આપ્યા બાદ અભિષેક શર્માની તોફાની અડધી સદી છતાં સનરાઈઝર્સ હૈદરાબાદનું બેટિંગ યુનિટ ધરાશાયી થયું હતું. ચેન્નાઈ સુપર કિંગ્સના ઝડપી બોલર્સ જેમી ઓવર્ટન અને અંશુલ કંબોજે શાનદાર બોલિંગ પ્રદર્શન કરીને યજમાન ટીમને 194 રનના સ્કોર પર સિમિત રાખી દીધી હતા.

અભિષેક શર્માએ 15 બોલમાં અડધી સદી પૂરી કર્યા બાદ 22 બોલમાં 59 રન ફટકાર્યા હતા. તે સમયે એમ લાગ્યું હતું કે તેની ટીમ જંગી સ્કોર ખડકી શકશે.

# અજિત અગરકરને કડક નિર્ણયોનું ઈનામ, ચીફ સિલેક્ટર તરીકે કાર્યકાળ લંબાવાયો

નવી દિલ્હી, તા.19

ભારતીય ક્રિકેટમાં હાલમાં જે પ્રકારે વિજયી અભિયાન ચાલી રહ્યું છે, તેનાથી બીસીસીઆઈ (BCCI) અત્યંત સંતુષ્ટ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચીફ સિલેક્ટર અજીત અગરકરના શાનદાર પ્રદર્શનને જોતા બોર્ડ તેમનો કોન્ટ્રાક્ટ લંબાવવાની તૈયારી કરી રહ્યું છે. અગરકરનો વર્તમાન કાર્યકાળ જૂન 2026માં પૂરો થઈ રહ્યો છે, પરંતુ હવે તેને વનડે વર્લ્ડ કપ 2027 સુધી લંબાવવામાં આવી શકે છે.



અજીત અગરકર જુલાઈ 2023માં ચીફ સિલેક્ટર તરીકે નિયુક્ત થયા હતા. તેમના કાર્યકાળમાં ટીમ ઈન્ડિયાએ અભૂતપૂર્વ સફળતા મેળવી છે. T20 વર્લ્ડ કપ 2024માં ભારત વિશ્વ ચેમ્પિયન બન્યું. ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં ભારતે ટ્રોફી જીતીને પોતાની તાકાત બતાવી હતી. T20 વર્લ્ડ કપ 2026માં સતત બીજી વાર વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચ્યો હતો. આ ઉપરાંત, ટીમ ઈન્ડિયા વનડે વર્લ્ડ કપ 2023ના ફાઈનલ સુધી પણ પહોંચી હતી.


BCCI અગરકરના ફિયરલેસ નિર્ણયોથી ખૂબ પ્રભાવિત છે. તેમના કાર્યકાળ દરમિયાન ભારતીય ક્રિકેટમાં સીનિયર અને યુવા ખેલાડીઓ વચ્ચેનું સંતુલન જળવાઈ રહ્યું છે. ખાસ કરીને હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ અને રિષભ પંત જેવા ખેલાડીઓને યોગ્ય સમયે લીડરશીપની ભૂમિકામાં લાવવા અને નવા ટેલેન્ટને તક આપવાની તેમની નીતિ સફળ રહી છે.

BCCI હવે સીધી 2027ના વનડે વર્લ્ડ કપ પર નજર રાખી રહ્યું છે. બોર્ડનું માનવું છે કે, અગરકરની વ્યૂહરચના અને સિલેક્શન પોલિસીએ ટીમને નવી દિશા આપી છે. તેથી જ ટીમના વિજયી રથને આગળ ધપાવવા માટે અગરકરને એક્સટેન્શન આપવું એ સૌથી મોટો અને મહત્વનો નિર્ણય માનવામાં આવી રહ્યો છે.

# દુનિયાનો પહેલો બેટર! અભિષેક શર્માએ CSK સામે 15 બોલમાં ફિફ્ટી ફટકારી રચ્યો ઈતિહાસ, સેહવાગ-પંતને પછાડ્યા

નવી દિલ્હી, તા.19

IPL 2026 માં સનરાઈઝર્સ હૈદરાબાદના વિસ્ફોટક બેટ્સમેન અભિષેક શર્માએ પોતાની બેટિંગથી ક્રિકેટ જગતમાં સનસનાટી મચાવી દીધી છે. ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) સામેની મેચમાં માત્ર 22 બોલમાં 59 રન ફટકારીને તેણે હૈદરાબાદની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી, સાથે જ અનેક મોટા રેકોર્ડ્સ પણ પોતાના નામે કર્યા છે.



અભિષેક શર્મા હવે આઈપીએલ ઈતિહાસનો એકમાત્ર એવો બેટ્સમેન બની ગયો છે જેણે મુંબઈ ઈન્ડિયન્સ (MI) અને ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) જેવી દિગ્ગજ ટીમો સામે 20 થી ઓછા બોલમાં અડધી સદી ફટકારી હોય.

ચેન્નાઈ સામે (2026): માત્ર 15 બોલમાં ફિફ્ટી.

મુંબઈ સામે (2024): માત્ર 16 બોલમાં ફિફ્ટી.

અભિષેકે હૈદરાબાદ (SRH) માટે સૌથી ઝડપી ફિફ્ટી ફટકારવાનો પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે: 15 બોલ: અભિષેક શર્મા vs CSK (2026), 16 બોલ: અભિષેક શર્મા vs MI (2024), 16 બોલ: ટ્રેવિસ હેડ vs DC (2024).

આઈપીએલ ઈતિહાસમાં 20 બોલની અંદર સૌથી વધુ વખત અડધી સદી ફટકારવાના મામલે પણ અભિષેક ટોચ પર પહોંચી ગયો છે. તેણે અત્યાર સુધી 6 વખત આ અનોખો રેકોર્ડ સ્થાપી ચુક્યાં છે.

અભિષેક શર્મા: 6 વખત, વૈભવ સૂર્યવંશી: 3 વખત, ટ્રેવિસ હેડ: 3 વખત.

આ ઈનિંગ દરમિયાન અભિષેકે આઈપીએલ કરિયરમાં પોતાના 2000 રન પણ પૂરા કર્યા છે. મહત્વની વાત એ છે કે, 80 આઈપીએલ ઈનિંગ્સ બાદ કોઈપણ ભારતીય બેટ્સમેન કરતા અભિષેક શર્માનો સ્ટ્રાઈક રેટ સૌથી વધારે છે.

# સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ટી20માં ભારત વિમેન્સનો પરાજય

ડરબન, તા.19

કેપ્ટન લૌરા વોલ્વાર્ડટે શુક્રવારે અહીં રમાયેલી વિમેન્સ ટી20 સિરીઝની પ્રારંભિક મેચમાં ભારતની દિશાહીન બોલિંગનો ફાયદો ઉઠાવીને દક્ષિણ આફ્રિકાને છ વિકેટે શાનદાર વિજય અપાવ્યો હતો. બેટિંગમાં પણ ભારતને જરૂરી ગતિ મળી શકી ન હતી અને ટીમ સાત વિકેટે 157 રન જ કરી શકી હતી. સાઉથ આફ્રિકાએ 19.1 ઓવરમાં ચાર વિકેટે સરળતાથી લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો. પ્રવાસી ભારતની બોલિંગ શિસ્તબદ્ધ ન હતી અને તેણે 14 રન વાઈડ દ્વારા આપ્યા હતા જેને કારણે સાઉથ આફ્રિકાનો માર્ગ વધુ આસાન બની ગયો હતો. વોલ્વાર્ડટે 39 બોલમાં 51 રન ફટકારીને આ નિર્ણાયક જીત માટે પાયો નાખ્યો હતો, જ્યારે એનરી ડર્કસને 34 બોલમાં અણનમ 44 રન ફટકાર્યા હતા.



ભારતે પ્રથમ બેટિંગ કરી હતી જેમાં શેફાલી વર્માએ 34 અને જેમિમાહ રોડ્રિગ્સે 36 રનનું યોગદાન આપ્યું ત્યાર બાદ કેપ્ટન હરમનપ્રિત કૌરે 33 બોલમાં 47 રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. સાઉથ આફ્રિકા માટે આયાબોંગા ખાકાએ ત્રણ વિકેટ લીધી હતી.

પાંચ મેચની આ સિરીઝની બીજી ટી20 મેચ રવિવારે અહીં રમાશે. આ સિરીઝ આગામી થોડા મહિનાઓમાં યુકેમાં યોજાનારા ટી20 વર્લ્ડ કપ અગાઉ બંને ટીમ માટે પ્રેક્ટિસ તરીકે કામ કરશે. ભારતીય સમય મુજબ સાંજે 5.30 કલાકે મેચનો પ્રારંભ થશે. રવિવારે અહીં રમાનારી બીજી ટી20 મેચમાં સંઘર્ષ કરી રહેલી ભારતીય ટીમ ગૃહટીમ સામે પુનરાગમન કરવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે.

# પાકિસ્તાની ટેસ્ટ ટીમમાં 36 વર્ષીય અબ્બાસનો સમાવેશ

કરાચી, તા.19

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ(પીસીબી)ના રાષ્ટ્રીય પસંદગીકારોએ આવતા મહિને બાંગ્લાદેશના પ્રવાસે જનારી પાકિસ્તાનની ટેસ્ટ ટીમમાં 36 વર્ષીય ઝડપી બોલર મોહમ્મદ અબ્બાસનો સમાવેશ કર્યો છે. બાંગ્લાદેશમાં બંને ટીમ વચ્ચે બે ટેસ્ટની સિરીઝ રમાનારી છે.



આ સાથે જ ટીમમાં ચાર બિનઅનુભવી ખેલાડીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ભૂતપૂર્વ ટેસ્ટ કેપ્ટન સરફરાઝ અહેમદને ટેસ્ટ ટીમના નવા હેડ કોચ તરીકે નિયુક્ત કર્યા છે. ટીમમાં સામેલ ચાર નવા ખેલાડીઓમાં બેટ્સમેન અબ્દુલ્લા ફઝલ, અઝાન અવેસ, ઓલરાઉન્ડર અમાદ બટ્ટ અને વિકેટકીપર ગાઝી ઘૌરીનો સમાવેશ થાય છે. સરફરાઝ અને શફીક રાષ્ટ્રીય પસંદગી સમિતિના સભ્યો પણ છે. પાકિસ્તાની ટેસ્ટ ટીમ: શાન મસૂદ (સુકાની), અબ્દુલ્લા ફઝલ, અમાદ બટ્ટ, અઝાન અવેસ, બાબર આઝમ, હસન અલી, ઈમામ-ઉલ-હક, ખુર્રામ શહઝાદ, મોહમ્મદ અબ્બાસ, મોહમ્મદ રિઝવાન (વિકેટકીપર), મોહમ્મદ ગાઝી ઘૌરી (વિકેટકીપર), નોમાન અલી, સાજિદ ખાન, સલમાન અલી આગા, સૌદ શકીલ અને શાહિન શાહ આફ્રિદી.

# અક્ષયની 'ભૂત બંગલા'નું 24 કરોડથી ઓપનિંગ, 'ભૂલ ભુલૈયા-2'ને પાછળ છોડી

મુંબઈ, તા.19

અક્ષય કુમારની ભૂત બંગલા રિલીઝ થઈ ચૂકી છે. અક્ષય કુમાર અને પ્રિયદર્શનની 'ભૂત બંગલા' સાથે ફરી જોડીએ બોક્સ ઓફિસ પર સારી શરૂઆત કરી છે, પહેલા દિવસનું વર્લ્ડવાઇડ બોક્સ ઓફિસ કલેક્શન સારું મળ્યું છે. આ હોરર-કોમેડીએ ભારતમાં મજબૂત શરૂઆત કરી છે અને તેના ઓપનિંગ દિવસોમાં વિદેશમાં પણ સારી કમાણી કરી રહી છે. ફિલ્મે તેના જોનર માટે મજબૂત ઓપનિંગ નોંધાવ્યું છે, કેટલીક મોટી હિટ્સને પાછળ મૂકી છે, પરંતુ ટોચ સુધી પહોંચી શકી નથી.



'ભૂત બંગલા' 17 એપ્રિલે રિલીઝ થઈ હતી અને તેનાં પહેલાંની રાત્રે પેઈડ પ્રિવ્યૂઝ હતા. અક્ષય કુમારની આ ફિલ્મે પેઈડ પ્રિવ્યૂઝમાં આશાસ્પદ પ્રદર્શન કર્યું અને ભારતમાં 3.50 કરોડ નેટ કમાણી કરી છે. રિલીઝના દિવસે, સકારાત્મક પ્રતિસાદના કારણે, ફિલ્મે 12.25 કરોડની કુલ કમાણી કરી છે, જેનાથી તેની ઓપનિંગ દિવસની કુલ કમાણી 15.75 કરોડ સુધી પહોંચી ગઈ છે. સવારના શોમાં લગભગ 10 ટકા જેટલી જ દર્સકોની હાજરી જોવા મળી હતી, પરંતુ વર્ડ ટુ વર્ડ પબ્લિસિટી વધતા રાત્રે તે દર્શકોની હાજરી 30%થી વધુ થઈ ગઈ હતી. આથી આશા છે કે વીકેન્ડમાં ફિલ્મ ખૂબ જ મજબૂત ઉછાળો લાવી શકે છે અને ભારતમાં જ કમાણીમાં વધારો જોવા મળી શકે છે.

'ભૂત બંગલા'ને વિદેશમાં બહુ મોટી સફળતા મળી નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે 550000 ડોલર જેટલી કમાણી થઈ છે. આથી ફિલ્મનું પ્રથમ દિવસનું વૈશ્વિક કલેક્શન 24 કરોડે પહોંચ્યુ છે. 'ભૂત બંગલા' હવે બોલિવૂડની હોરર-કોમેડી ફિલ્મોની યાદીમાં ટોચ પર પહોંચવાની નજીક છે. આ જોનર, સ્ત્રીથી લોકપ્રિય બન્યો, તેને ભૂલ ભુલૈયા સિક્વલ્સ અને સ્ત્રી 2ની સફળતાથી મોટું બોક્સ ઓફિસ બૂસ્ટ મળ્યું છે.



# તમે સેટ પર બેભાન થઇ જાઓ તોય બોલિવૂડમાં કોઇને ફરક પડતો નથી : એલી

મુંબઈ, તા.19

એક્ટ્રેસ એલી અવરામે દક્ષિણ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને બોલિવૂડ વચ્ચેના કામના વાતાવરણના તફાવત વિશે ખુલીને વાત કરી છે અને તેની નજરે દક્ષિણના સેટ્સ વધુ શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત લાગે છે. તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં એલીએ કહ્યું કે બંને ઈન્ડસ્ટ્રીઝમાં તેને સારા અનુભવ મળ્યા છે, પરંતુ કામ કરવાની રીતમાં મોટો ફરક છે.

એલી અવરામે કહ્યું, "સાઉથના સેટ્સ પર બધું વધુ શાંતિથી અને ગોઠવણપૂર્વક થાય છે. તેઓ વોકી-ટોકીનો ઉપયોગ કરે છે, બૂમાબૂમ કરતા નથી. જ્યારે બોલિવૂડમાં ઘણી વાર ઉતાવળ હોય છે. તમે ખાઈ રહ્યા હો તો પણ કહેવામાં આવે કે 'શોટ તૈયાર છે'. એવું લાગે કે તમે ખાધું કે બેહોશ થઈ જાવ, એનાથી કોઈને કોઈ ફરક પડતો નથી, શોટ મહત્વનો છે."

આ વાત થોડી કડવી લાગે, પણ એ ઈન્ડસ્ટ્રીના પ્રેશર અને ઉતાવળને પણ દર્શાવે છે. એલીએ સાથે સાથે એમ પણ સ્પષ્ટ કહ્યું કે બધું જ એકસરખું નથી. તાજેતરમાં તેણે એક ઓટીટી પ્રોજેક્ટ પર કામ કર્યું, જ્યાં આખી ટીમ ખૂબ જ કાળજી રાખતી હતી. એકદમ આરામદાયક અને "સુંદર અનુભવ" તરીકે તેણે વર્ણવ્યું હતુ.

એલીએ સાઉથના સિનેમાની એક મોટી ખાસિયત પણ બતાવી, તેણે કહ્યું, "મને લાગે છે કે સાઉથમાં મહિલા કલાકારો માટે કન્ટેન્ટ-ડ્રિવન ફિલ્મોમાં વધુ તક મળે છે. બોલિવૂડમાં હજી પણ ટાઈપકાસ્ટિંગ વધારે છે." તેણે ઉમેર્યું કે મલંગ જેવી ફિલ્મમાં અલગ પ્રકારની ભૂમિકા મળતાં ઘણા ફિલ્મમેકર્સને સમજાયું કે તે સીરિયસ એક્ટિંગ પણ કરી શકે છે. એલીએ બોલિવૂડમાં માઇકી વાયરસથી ડેબ્યુ કર્યું હતું અને ત્યારબાદ બિગ બોસ 7 પણ જોવા મળી હતી. પછી તેણે કપિલ શર્માની કિસ કિસ કો પ્યાર કરું અને ગૂડ બાય તેમજ ગણપત જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું.

સાદી ભાષામાં કહીએ તો, એલીનો મુદ્દો માત્ર "કઈ ઈન્ડસ્ટ્રી સારી" એવો નથી, પણ "કામનું વાતાવરણ કેવી રીતે કલાકારને અસર કરે છે" એ છે અને એ ચર્ચા હવે ઈન્ડસ્ટ્રીમાં ધીમે ધીમે વધારે ગંભીરતાથી થવા લાગી છે.

# આયુષ્માન-સારા ની 'પતિ પત્ની ઔર વો દો' 15 મેએ રિલીઝ થશે



મુંબઈ, તા.19

મુદસ્સર અઝીઝ દ્વારા ડિરેક્ટ થયેલી, આયુષ્માન ખુરાના, સારા અલી ખાન, વામિકા ગબ્બી અને વિજય રાઝની પતિ પત્ની ઔર વો દો આ મે મહિનામાં રિલીઝ થશે. પ્રેક્ષકોને રાહ જોવડાવ્યા પછી, ફિલ્મના નિર્માતાઓએ આખરે ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે જાહેરાત કરી કે આ ફિલ્મ 15 મે, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. જાહેરાતના પોસ્ટરમાં મુખ્ય અભિનેતા આયુષ્માન ખુરાનાને જાળમાં બતાવવામાં આવ્યો છે જ્યારે બાજુમાં એક વાઘ ખુલ્લો બેઠો છે. ખાસ પોસ્ટ સાથે જાહેરાત કરતાં ટીમે લખ્યું, "શિકારી ખુદ બની ગયો શિકાર! હવે જાળમાં ફસાઈ ગયા અમારા પ્રજાપતિ પાંડે. તૈયાર થઈ જાઓ, પતિ પત્ની ઔર વો દો માટે! સિનેમાઘરોમાં 15 મે 2026!" આ ફિલ્મમાં રકુલ પ્રીત સિંહ પણ જોડાશે.

આ ફિલ્મની સ્ટોરી એક નવી સ્ટોરી છે અને 2019ની ફિલ્મની રીમેક નથી. સુત્રએ જણાવ્યું, "આ એક નવી વાર્તા છે, નવા કલાકારો સાથે, જે ફ્રેન્ચાઈઝીને આગળ વધારે છે."

# આપણી ફિલ્મો વેસ્ટર્ન ઓડિયન્સને પણ જોવી ગમે એવી બનાવવી પડશે : યશ



મુંબઈ, તા.19

રણબીર કપૂર અને યશની રામાયણના ગ્રાફિક્સ અને વીએફએક્સની ઘણી ચર્ચા છે. ઘણા લોકો આ ફિલ્મના વિષય સાથે વધુ પડતા વીએફએક્સને કારણે તેની ટીકા કરી રહ્યા છે, તો હોલિવૂડના ટેક્નિશીયન્સ દ્વારા થતા વર્લ્ડક્લાસ ગ્રાફિક બાબતે કેટલાક લોકો તેની અવતાર સાથે પણ સરખામણી કરી રહ્યા છે. આ ફિલ્મની પહેલી ઝલક લોંચ કરવામાં આવી છે, તેમાં રણબીરની ઝલક જોવા મળી છે, પણ હજુ યશના રાવણ સ્વરૂપની ખાસ ઝોલક મળી નથી. ત્યારે હવે યશ રામાયણના આંતરરાષ્ટ્રિય સ્તરના કેનવાસના વખાણ કર્યા છે. યશે કહ્યું, "અમારે

## 'રામાયણ' બે ભાગોમાં રિલીઝ થશે અને બંનેનું કુલ બજેટ આશરે 500 મિલિયન ડૉલર છે

પશ્ચિમી દર્શકો માટે પણ ઓળખાણભર્યું બનાવવું પડશે"

નિતેશ તિવારીની ભવ્ય ફિલ્મ 'રામાયણ' માટે પ્રમોશનની શરૂઆત સાથે, નિર્માતા નમિત મલ્હોત્રા અને અભિનેતા યશ લાસ વેગાસ ખાતે યોજાયેલા સિનેમાકોનમાં ફિલ્મ રજૂ કરવા ગયા હતા. આ આંતરરાષ્ટ્રીય મંચ પર તેમણે 'રામાયણ પાર્ટ 1'નું પ્રેઝન્ટેશન કર્યું અને ફિલ્મની દ્રષ્ટિ અને વ્યાપ વિશે વિગતે ચર્ચા કરી.

'રામાયણ' વાલ્મીકિ દ્વારા રચાયેલ પ્રાચીન મહાકાવ્ય પર આધારિત છે, જેમાં ભગવાન રામ (રણબીર કપૂર) અને રાવણ (યશ) વચ્ચેનું યુદ્ધ દર્શાવવામાં આવ્યું છે. રાવણે સીતાજી (સાઈ પલ્લવી) નું અપહરણ કર્યા બાદ આ સંઘર્ષ શરૂ થાય છે. રાવણનું પાત્ર પહેલાં પણ પડદા રપ ઘણી વખત ભજવાઈ ચૂક્યું છે અને તેમાંથી કેટલાંક પાત્રો દર્શકોના મનમાં વસી ગયા હોય ત્યારે આ પ્રકારના પાત્ર માટે વધુ મહેનત કરવી પડતી હોય છે. ત્યારે યશે રાવણના પાત્ર વિશે વાત કરતા કહ્યું, "મેં રાવણના સ્વભાવ અને ભાવનાઓને અંદર સુધી સમજવાનો પ્રયાસ કર્યો છે અને કેટલીક ક્ષણોમાં તેને માનવીય બનાવવાનો પ્રયત્ન કર્યો છે. લોકો તેને સમજી શકે અને તેની સાથે જોડાઈ શકે, તે મહત્વનું છે."

ફિલ્મની 'રામ ગ્લિમ્પ્સ' તાજેતરમાં જ વિશ્વભરમાં રજૂ થઈ હતી. દ્રશ્યો અને સ્કેલ માટે પ્રશંસા મળી, પરંતુ કેટલાક લોકોએ અસુરોની ડિઝાઈનને પશ્ચિમી પ્રભાવવાળી ગણાવી તેની ટીકા પણ કરી હતી.

તે અંગે યશે જવાબ આપ્યો કે,"અમારી ફિલ્મનું લક્ષ્ય વૈશ્વિક ઓડિયન્સ સુધી પહોંચવાનું છે, એટલે પશ્ચિમના દર્શકો માટે પણ કંઈક એમને જાણીતું લાગે કે મજા આવે એવું લાગવું જરૂરી છે."

આ ફિલ્મ માટે હોલિવૂડના ટેક્નિશિયન્સ કામ કરી રહ્યા છે અને કલાકારોના લૂક પાછળ પણ ઘણી મહેનત કરવામાં આવી છે. 'રામાયણ' બે ભાગોમાં રિલીઝ થશે અને બંનેનું કુલ બજેટ આશરે 500 મિલિયન ડૉલર છે, જે તેને અત્યાર સુધીની સૌથી મોંઘી ભારતીય ફિલ્મોમાં સ્થાન આપે છે. નમિત મલ્હોત્રાએ ફિલ્મ વિશે કહ્યું હતું, "આ ફિલ્મ પૂર્વ અને પશ્ચિમનું શ્રેષ્ઠ સંયોજન હશે. અમે એવી ફિલ્મ બનાવવા માગીએ છીએ જે પરંપરાગત ભારતીય સિનેમા અને હોલિવૂડ બંનેથી અલગ અનુભવ આપે."

'રામાયણ પાર્ટ 1' 8 નવેમ્બરે, દિવાળીના અવસરે વિશ્વભરમાં રિલીઝ થશે, જ્યારે પાર્ટ 2 2027માં આવશે. ફિલ્મમાં સની દેઓલ હનુમાનજીના પાત્રમાં અને રવિ દુબે લક્ષ્મણ તરીકે જોવા મળશે.

આ પ્રોજેક્ટને લઈને ઉત્સુકતા સતત વધી રહી છે અને હવે સૌની નજર એ બાબત પર છે કે આ ભવ્ય કથા મોટા પડદા પર કેવી રીતે જીવંત બને છે.

# સોમવારે તેજી સાથે ખુલી શકે છે બજાર: ગિફ્ટ નિફ્ટી 250 અંક વધ્યો, ઈરાન-અમેરિકા તણાવ સહિત 5 પરિબળો ચાલ નક્કી કરશે

મુંબઈ, તા.19

શેરબજારમાં 20 એપ્રિલથી શરૂ થતા સપ્તાહની શરૂઆત તેજી સાથે થઈ શકે છે. ઈરાન સાથે અમેરિકાના યુદ્ધના જલ્દી સમાપ્ત થવાની અપેક્ષા અને ઘટતા ક્રૂડ ઓઈલના ભાવ બજારને ટેકો આપી રહ્યા છે. આ ઉપરાંત, ચોથા ક્વાર્ટરના પરિણામો, વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિ અને વૈશ્વિક બજારની ચાલ પણ બજારની દિશા નક્કી કરનારા મુખ્ય કારણો હશે.

સપોર્ટ એટલે, તે સ્તર જ્યાં શેર કે ઈન્ડેક્સને નીચે પડવાથી ટેકો મળે છે. અહીં ખરીદી વધવાથી કિંમત સરળતાથી નીચે જતી નથી. અહીં ખરીદીની તક હોઈ શકે છે.

રેઝિસ્ટન્સ એટલે, તે સ્તર જ્યાં શેર કે ઈન્ડેક્સને ઉપર જવામાં અવરોધ આવે છે. આવું વેચવાલી વધવાથી થાય છે. રેઝિસ્ટન્સ ઝોન પાર કરવા પર તેજીની અપેક્ષા રહે છે. નોંધ: સપોર્ટ અને રેઝિસ્ટન્સના લેવલ્સ વેલ્થ વ્યૂ એનાલિટિક્સના રિપોર્ટ અનુસાર છે

ઈરાન-અમેરિકા વચ્ચે તણાવ ઘટાડવા માટે આગામી રાઉન્ડની વાતચીત સોમવારથી પાકિસ્તાનમાં શરૂ થઈ શકે છે. તણાવ ઓછો થવાના સમાચારોથી શેરબજારના સેન્ટિમેન્ટ સુધરવાની આશા છે.

શુક્રવારે તેલ સપ્લાયના મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ હોર્મુઝ સ્ટ્રેટ ખુલવાના સમાચારોથી બ્રેન્ટ ક્રૂડ લગભગ 10% સસ્તું થઈને 90 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું છે. શેરબજાર પર પણ તેની અસર જોવા મળી. ગિફ્ટ નિફ્ટી 250 પોઈન્ટ વધીને બંધ થયો. અમેરિકી બજારમાં પણ લગભગ 1.50% નો ઉછાળો જોવા મળ્યો.

વિદેશી રોકાણકારોએ 15-17 એપ્રિલની વચ્ચે ભારતીય શેરોમાં 1,500 કરોડથી વધુની ખરીદી કરી. એકલા શુક્રવારે 683 કરોડના શેર ખરીદ્યા. જો આગળ પણ વિદેશી રોકાણકારોનો ભારતીય બજાર પ્રત્યેનો અભિગમ આવો જ રહેશે તો બજારમાં તેજીની અપેક્ષા રાખી શકાય છે.

બજારની નજર આ અઠવાડિયે આવનારા ચોથા ક્વાર્ટર (Q4) ના પરિણામો પર પણ રહેશે. એક્સિસ બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, M&M, અદાણી ગ્રીન એનર્જી, ઈન્ડસઈન્ડ બેંક, ઈન્ફોસિસ, અદાણી એનર્જી સોલ્યુશન્સ, HCL ટેક્નોલોજીસ અને ટાટા એલેક્સજી જેવી કંપનીઓ પરિણામો જાહેર કરશે. ત્રણ મોટી પ્રાઈવેટ બેંકોએ શનિવારે Q4 FY26 ના પરિણામો જાહેર કર્યા: HDFC બેંકનો નફો 9% વધીને 19,221 કરોડ થયો. ICICI બેંકનો નફો 8.5% વધીને 13,702 કરોડ પર પહોંચ્યો. યસ બેંકનો નફો 44.8% ઉછળીને 1,068 કરોડ થયો.

ડોલર સામે રૂપિયો 0.3% વધીને 92.92 પર બંધ થયો. 30 માર્ચે રૂપિયો 95.21ના રેકોર્ડ નીચલા સ્તરે હતો. ત્યારથી અત્યાર સુધીમાં તેમાં સારી રિકવરી આવી



છે. નિષ્ણાતોના મતે રૂપિયા માટે 92.28 પર તાત્કાલિક સપોર્ટ અને 93.50-93.68 પર રેઝિસ્ટન્સ છે.

રૂપિયો મજબૂત થવાથી આયાત સસ્તી થાય છે, જેનાથી મોંઘવારી ઘટે છે અને શેરબજારમાં સકારાત્મક માહોલ બને છે. તેનાથી વિપરીત, રૂપિયાની નબળાઈથી વિદેશી રોકાણકારો (FIIs)નો નફો ઓછો થઈ જાય છે, જેનાથી તેઓ બજારમાંથી પૈસા કાઢવા લાગે છે.

એનરિચ મનીના CEO પોનમુડી આર. મુજબ જો નિફ્ટી 24,400 ઉપર ટકે છે, તો તે 24,800-25,000 સુધી જઈ શકે છે. નીચેની તરફ 24,000 પર સપોર્ટ છે અને 23,800 એક મજબૂત બેઝ છે. RSI પણ 57 ની આસપાસ છે, જે બજારમાં સુધારાના સંકેત આપી રહ્યું છે.

રેલિગેર બ્રોકિંગના રિસર્ચ SVP અજીત મિશ્રાનું માનવું છે કે રોકાણકારોએ હાલમાં સંતુલન જાળવી રાખવું જોઈએ અને પસંદગીના શેરો પર જ દાવ લગાવવો જોઈએ. રોકાણકારોએ તેમના પોર્ટફોલિયોમાં મજબૂત લાર્જ-કેપ શેરોનો વધુ હિસ્સો રાખવો જોઈએ, જેના ફંડામેન્ટલ્સ સારા છે.

17 એપ્રિલે સેન્સેક્સ 505 અંક (0.65%) ની તેજી સાથે 78,494 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 157 અંકો (0.65%) ની તેજી રહી, તે 24,354 પર પહોંચી ગયો.

ગિફ્ટ નિફ્ટી: ગિફ્ટ નિફ્ટીમાં મુખ્યત્વે વિદેશી રોકાણકારો અને મોટી સંસ્થાઓ ટ્રેડ કરે છે. તે ગુજરાતના ગિફ્ટ સિટીમાં ટ્રેડ થાય છે. ભારતીય બજાર ખુલતા પહેલા તેના ઉતાર-ચઢાવથી સ્થાનિક બજારના ઓપનિંગનો અંદાજ મળે છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ: દુનિયાના કુલ તેલ વેપારનો લગભગ 20 થી 25 ટકા હિસ્સો આ જ માર્ગેથી પસાર થાય છે. સાઉદી અરેબિયા, ઈરાક, યુએઈ અને કુવૈત જેવા દેશોનું તેલ આ જ માર્ગેથી ભારત, ચીન અને જાપાન જેવા દેશો સુધી પહોંચે છે.

રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ: આ એક મીટર જેવું છે જે દર્શાવે છે કે કોઈ શેર અથવા ઈન્ડેક્સ કેટલી ઝડપથી ખરીદવામાં અથવા વેચવામાં આવી રહ્યો છે. તેની કિંમત 0 થી 100 ની વચ્ચે હોય છે. સામાન્ય રીતે 70 થી ઉપરનો અર્થ 'ઓવરબોટ' અને 30 થી નીચે 'ઓવરસોલ્ડ' માનવામાં આવે છે.

ડિસ્ક્લેમર: આ લેખ ફક્ત માહિતી માટે છે. ઉપર આપેલી સલાહ અને મંતવ્યો વ્યક્તિગત વિશ્લેષકો અથવા બ્રોકિંગ કંપનીઓના છે, દૈનિક ભાસ્કરના નથી. અમે રોકાણકારોને સલાહ આપીએ છીએ કે કોઈપણ રોકાણનો નિર્ણય લેતા પહેલા પ્રમાણિત નિષ્ણાતોની સલાહ અવશ્ય લે.

રૂપિયો મજબૂત થવાથી આયાત સસ્તી થાય છે, જેનાથી મોંઘવારી ઘટે છે અને શેરબજારમાં સકારાત્મક માહોલ બને છે. તેનાથી વિપરીત, રૂપિયાની નબળાઈથી વિદેશી રોકાણકારો (FIIs)નો નફો ઓછો થઈ જાય છે, જેનાથી તેઓ બજારમાંથી પૈસા કાઢવા લાગે છે.

એનરિચ મનીના CEO પોનમુડી આર. મુજબ જો નિફ્ટી 24,400 ઉપર ટકે છે, તો તે 24,800-25,000 સુધી જઈ શકે છે. નીચેની તરફ 24,000 પર સપોર્ટ છે અને 23,800 એક મજબૂત બેઝ છે. RSI પણ 57 ની આસપાસ છે, જે બજારમાં સુધારાના સંકેત આપી રહ્યું છે.

રેલિગેર બ્રોકિંગના રિસર્ચ SVP અજીત મિશ્રાનું માનવું છે કે રોકાણકારોએ હાલમાં સંતુલન જાળવી રાખવું જોઈએ અને પસંદગીના શેરો પર જ દાવ લગાવવો જોઈએ. રોકાણકારોએ તેમના પોર્ટફોલિયોમાં મજબૂત લાર્જ-કેપ શેરોનો વધુ હિસ્સો રાખવો જોઈએ, જેના ફંડામેન્ટલ્સ સારા છે.

17 એપ્રિલે સેન્સેક્સ 505 અંક (0.65%) ની તેજી સાથે 78,494 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 157 અંકો (0.65%) ની તેજી રહી, તે 24,354 પર પહોંચી ગયો. શેરબજારમાં 20 એપ્રિલથી શરૂ થતા સપ્તાહની શરૂઆત તેજી સાથે થઈ શકે છે. ઈરાન સાથે અમેરિકાના યુદ્ધના જલ્દી સમાપ્ત થવાની અપેક્ષા અને ઘટતા ક્રૂડ ઓઈલના ભાવ બજારને ટેકો આપી રહ્યા છે. આ ઉપરાંત, ચોથા ક્વાર્ટરના પરિણામો, વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિ અને વૈશ્વિક બજારની ચાલ પણ બજારની દિશા નક્કી કરનારા મુખ્ય કારણો હશે.

સપોર્ટ એટલે, તે સ્તર જ્યાં શેર કે ઈન્ડેક્સને નીચે પડવાથી ટેકો મળે છે. અહીં ખરીદી વધવાથી કિંમત સરળતાથી નીચે જતી નથી. અહીં ખરીદીની તક હોઈ શકે છે. રેઝિસ્ટન્સ એટલે, તે સ્તર જ્યાં શેર કે ઈન્ડેક્સને ઉપર જવામાં અવરોધ આવે છે. આવું વેચવાલી વધવાથી થાય છે. રેઝિસ્ટન્સ ઝોન પાર કરવા પર તેજીની અપેક્ષા રહે છે.

## મેટાનો 8,000 કર્મચારીઓની છટણીનો પ્લાન: 20 મેથી વર્કફોર્સ ઘટાડવાની પ્રક્રિયા શરૂ થશે, વૈશ્વિક સ્તરે 10% સ્ટાફ ઓછો થશે

નવી દિલ્હી, તા.19

ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપની મેટા આ વર્ષે મે મહિનામાં લગભગ 8,000 કર્મચારીઓને નોકરીમાંથી કાઢવાનું આયોજન કરી રહી છે. આ છટણી 2022ના અંત અને 2023ની શરૂઆતમાં થયેલા રિસ્ટ્રક્ચરિંગ પછી કંપનીનું સૌથી મોટું પગલું હશે. રોઈટર્સના રિપોર્ટ અનુસાર, મોટા પાયે થનારી આ વર્કફોર્સ કપાત 20 મેની આસપાસ શરૂ થઈ શકે છે.





પ્રારંભિક તબક્કામાં મેટા તેની કુલ ગ્લોબલ વર્કફોર્સનો લગભગ 10% હિસ્સો ઘટાડવાની તૈયારીમાં છે. આ ઉપરાંત, કંપની વર્ષના બીજા છ મહિનામાં પણ કેટલાક વધુ કર્મચારીઓની છટણી કરી શકે છે. જોકે, છટણીની ચોક્કસ તારીખ અને કર્મચારીઓની સંખ્યામાં હજુ પણ ફેરફારની શક્યતા છે.

મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગ હાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)માં અબજો ડોલરનું રોકાણ કરી રહ્યા છે. કંપનીના અધિકારીઓનું માનવું છે કે AIની વધતી ક્ષમતાઓને કારણે હવે ભવિષ્યમાં મેનેજમેન્ટ લેયર્સ ઓછા થશે અને AI-આસિસ્ટેડ વર્કર્સ દ્વારા કામમાં વધુ કાર્યક્ષમતા આવશે. પહેલાં એવા અહેવાલો પણ આવ્યા હતા કે મેટા તેના કુલ વર્કફોર્સનો 20% કે તેથી વધુ હિસ્સો ઘટાડી શકે છે.

ટેક અને મીડિયા સેક્ટરમાં છટણીનો આ દોર ફક્ત મેટા પૂરતો સીમિત નથી. તાજેતરના મહિનાઓમાં એમેઝોને પણ તેના લગભગ 30,000 કોર્પોરેટ કર્મચારીઓ (લગભગ 10% વ્હાઈટ-કોલર સ્ટાફ)ને બહારનો રસ્તો બતાવ્યો છે. જ્યારે ડિઝનીના સીઈઓ જોશ ડી'અમારોએ પણ ટીવી બિઝનેસ, ESPN અને ટેકનોલોજી વિભાગમાંથી લગભગ 1,000 કર્મચારીઓને હટાવવાની જાહેરાત કરી છે.

ટેક કંપનીઓમાં નોકરીઓની કપાત પર નજર રાખતી વેબસાઈટ Layoffs.fyi અનુસાર, આ વર્ષે અત્યાર સુધીમાં 73,000થી વધુ કર્મચારીઓ પોતાની નોકરી ગુમાવી ચૂક્યા છે.

ગયા વર્ષે એટલે કે 2024માં આ આંકડો 1.53 લાખને પાર હતો. મેટાએ ગયા વર્ષે AI પર ભારે ખર્ચ કરવા છતાં 200 બિલિયન ડોલરની આવક અને 60 બિલિયન ડોલરનો નફો કમાયો હતો.

## હવે દેશમાં લક્ઝરી ક્રુઝનો અનુભવ લઈ રહ્યા છે લોકો: ગંગટોકથી લઈને યુરોપ સુધી પસંદ બદલાઈ, યુદ્ધની અસરને કારણે પ્રવાસીઓનો ઝુકાવ બદલાયો

મુંબઈ, તા.19

ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે વૈશ્વિક તણાવ, યુદ્ધના માહોલ વચ્ચે પ્રવાસીઓની પસંદગીમાં મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. એક તરફ લોકો ગંગટોક, ગોવા, કેરળ અને દાર્જિલિંગ જેવા ઘરેલું પર્યટન સ્થળોને પ્રાધાન્ય આપી રહ્યા છે. જ્યારે, આંતરરાષ્ટ્રીય સ્તરે યુરોપ, દક્ષિણ આફ્રિકાના બુકિંગમાં ઉછાળો આવ્યો છે. આ પાછળનું મોટું કારણ યુદ્ધને કારણે સર્જાયેલી અસ્થિરતા અને સુરક્ષાને લઈને વધેલી ચિંતા છે.



જે સ્થળો પહેલાં વધુ લોકપ્રિય નહોતા, તે હવે ઝડપથી પ્રવાસીઓની પસંદ બની રહ્યા છે. ટ્રાવેલ એજન્સીના માલિક રોહિત ખુરાનાએ જણાવ્યું કે આ સિઝનમાં યુરોપના દેશો ઈટાલી, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ અને ફિનલેન્ડ માટે લગભગ 200 થી 300 એડવાન્સ બુકિંગ થઈ ચૂક્યા છે. જ્યારે, દક્ષિણ આફ્રિકા માટે પણ 40 થી 50 બુકિંગ કરવામાં આવ્યા છે. આનાથી વિપરીત, મિડલ ઈસ્ટના દેશોમાં પર્યટનને મોટો ફટકો પડ્યો છે. લોકો લક્ઝરી ક્રુઝનો અનુભવ લેવા માટે દુબઈ જવાનું પસંદ કરતા હતા, હવે સુરક્ષા અને ખર્ચને ધ્યાનમાં રાખીને દેશમાં જ ક્રુઝ યાત્રાને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. ઓછા ખર્ચ, સરળ પહોંચ અને સુરક્ષિત વાતાવરણને કારણે લોકો હવે દુબઈને બદલે દેશમાં જ લક્ઝરી ક્રુઝ જેવો અનુભવ લેવાનું પસંદ કરી રહ્યા છે. ગોવા, મુંબઈ, કેરળ માટે એડવાન્સ બુકિંગ કરાવી રહ્યા છે. નિષ્ણાતોનું માનવું છે કે જ્યાં સુધી વૈશ્વિક સ્થિતિ સામાન્ય નહીં થાય, ત્યાં સુધી ઘરેલું પર્યટનને પ્રોત્સાહન મળતું રહેશે.

યુદ્ધની અસર હવાઈ યાત્રા પર પણ પડી છે. પહેલા યુરોપ માટે ફ્લાઈટ ટિકિટ 60 થી 70 હજાર રૂપિયામાં મળી જતી હતી, પરંતુ હવે તે વધીને 1.20 લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એરલાઈન્સે રૂટમાં ફેરફાર કર્યો છે. પહેલા ફ્લાઈટ્સ અબુ ધાબી અને દુબઈના રસ્તે જતી હતી, પરંતુ હવે સીધા રૂટ અપનાવવામાં આવી રહ્યા છે, જેના કારણે ભાડું વધી ગયું છે.

## HDFC બેંકનો નફો 9% વધીને ₹19,221 કરોડ થયો: માર્ચ ક્વાર્ટરમાં રેવન્યુ પણ 5% વધ્યો, બેંક દરેક શેર પર ₹13નું ડિવિડન્ડ આપશે

મુંબઈ, તા.19

દેશની સૌથી મોટી પ્રાઈવેટ બેંક HDFC બેંકે નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટર (Q4)ના પરિણામો જાહેર કર્યા છે. 31 માર્ચ 2026ના રોજ પૂરા થયેલા આ ક્વાર્ટરમાં બેંકનો સ્ટેન્ડઅલોન નેટ પ્રોફિટ 9% વધીને 19,221 કરોડ રૂપિયા રહ્યો. ગયા નાણાકીય વર્ષના આ જ ક્વાર્ટરમાં તે 17,616 કરોડ રૂપિયા હતો.

બેંકે નાણાકીય વર્ષ 2026 માટે શેર દીઠ 13 રૂપિયાના ફાઈનલ ડિવિડન્ડની જાહેરાત કરી છે. તેની ચુકવણી માટે રેકોર્ડ ડેટ 19 જૂન 2026 નક્કી કરવામાં આવી છે. આ પહેલા બેંકે ઓગસ્ટ 2025માં શેર દીઠ 2.5 રૂપિયાનું સ્પેશિયલ વચગાળાનું ડિવિડન્ડ પણ ચૂકવ્યું છે. આ રીતે રોકાણકારોને આખા વર્ષમાં કુલ 15.5 રૂપિયાનું ડિવિડન્ડ મળશે. HDFC બેંકની કુલ નેટ રેવન્યુ વાર્ષિક ધોરણે 5% વધીને 46,280 કરોડ રૂપિયા થઈ ગઈ છે. ગયા વર્ષે માર્ચ ક્વાર્ટરમાં તે 44,090 કરોડ રૂપિયા હતી.





બેંકની મુખ્ય આવક એટલે કે નેટ ઈન્ટરેસ્ટ ઈનકમ (NII) પણ 3.2% વધીને 33,080 કરોડ રૂપિયા રહી. બેંકનું નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM) કુલ એસેટ્સ પર 3.38% નોંધાયું. ચોથા ક્વાર્ટરમાં બેંકની એસેટ ક્વોલિટીમાં સુધારો થયો છે. બેંકનું ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPA) ઘટીને 1.24%થી 1.15% પર આવી ગયું છે.

જ્યારે નેટ NPA માર્ચ 2026 સુધીમાં 0.38% રહ્યું. બેંકે આ ક્વાર્ટર માટે પ્રોવિઝન્સ અને કન્ટિન્જન્સી તરીકે 2,610 કરોડ રૂપિયા અલગ રાખ્યા છે. બેંકનો કુલ ક્રેડિટ કોસ્ટ રેશિયો 0.35% રહ્યો. બેંકના સરેરાશ ડિપોઝિટ્સમાં સારો વધારો જોવા મળ્યો છે. માર્ચ 2026 ક્વાર્ટરમાં સરેરાશ ડિપોઝિટ્સ 28.5 લાખ કરોડ રૂપિયા રહ્યા, જે ગયા વર્ષની સરખામણીમાં 12.8% વધુ છે.

આ જ રીતે બેંકના સરેરાશ CASA (કરન્ટ એકાઉન્ટ અને સેવિંગ્સ એકાઉન્ટ) ડિપોઝિટ્સ પણ 10.8%ના ગ્રોથ સાથે 9.18 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયા છે.

બેંકનો કેપિટલ એડિક્વસી રેશિયો (CAR) 19.7% રહ્યો, જે નિયમનકારી જરૂરિયાત 11.9% થી ઘણો વધારે છે. આ બેંકની મજબૂત નાણાકીય સ્થિતિ દર્શાવે છે.

બેંકનો ટીયર-1 CAR 17.7% અને કોમન ઈક્વિટી ટીયર-1 કેપિટલ રેશિયો 17.3% નોંધાયો છે. બેંકે તેના ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કનું પણ વિસ્તરણ કર્યું છે. 31 માર્ચ 2026 સુધીમાં બેંકની કુલ શાખાઓ વધીને 9,689 થઈ ગઈ છે, જે એક વર્ષ પહેલા 9,455 હતી.

તેવી જ રીતે, ATMની સંખ્યા પણ 21,139 થી વધીને 21,172 થઈ ગઈ છે. બેંક હવે દેશના 4,175 શહેરો અને નગરોમાં તેની સેવાઓ આપી રહી છે.

HDFC બેંક, બેંકિંગ અને ફાઈનાન્સિયલ સેવાઓ પૂરી પાડે છે. બેંકના સ્થાપક હસમુખભાઈ પારેખ છે. તેમણે આ બેંકની સ્થાપના 1994માં કરી હતી.

NIM: આ બેંકની કમાણીનો એક મહત્વપૂર્ણ માપદંડ છે. બેંક જે દરે લોન આપે છે અને જે દરે થાપણદારોને વ્યાજ આપે છે, તે બંનેના તફાવતને નેટ ઈન્ટરેસ્ટ માર્જિન કહેવાય છે.

CASA: આનો અર્થ છે 'કરન્ટ એકાઉન્ટ અને સેવિંગ્સ એકાઉન્ટ'. તેમાં જમા થયેલા પૈસા બેંક માટે સસ્તો ભંડોળ હોય છે કારણ કે તેના પર તેને ઓછું વ્યાજ ચૂકવવું પડે છે. જે બેંકનો CASA રેશિયો વધુ હોય છે, તેનો નફો વધવાની શક્યતા વધુ રહે છે. જ્યારે કોઈ વ્યક્તિ કે સંસ્થા કોઈ બેંક પાસેથી લોન લઈને તેને પાછી નથી ચૂકવતી, ત્યારે તેને બેડ લોન અથવા નોન-પર્ફોર્મિંગ એસેટ અથવા NPA કહેવાય છે. એટલે કે, આ લોનની વસૂલાતની આશા ઘણી ઓછી હોય છે. પરિણામે બેંકોના પૈસા ડૂબી જાય છે અને બેંક ખોટમાં જાય છે.

ભારતીય રિઝર્વ બેંક (RBI)ના નિયમો અનુસાર, જો કોઈ બેંક લોનનો હપ્તો 90 દિવસ સુધી એટલે કે ત્રણ મહિના સુધી ચૂકવવામાં ન આવે, તો તે લોનને NPA જાહેર કરવામાં આવે છે. અન્ય નાણાકીય સંસ્થાઓના કિસ્સામાં આ મર્યાદા 120 દિવસની હોય છે. બુક ક્લિયર કરવા માટે બેંકોને આવું કરવું પડે છે.

## ગત નાણાકીય વર્ષે બેંક લોનમાં વૃદ્ધિ કોર્પોરેટ, MSME ક્ષેત્રની માંગ વધી

અમદાવાદ, તા.19

નાણાકીય વર્ષ ૨૦૨૫ માં મંદી પછી, નાણાકીય વર્ષ ૨૦૨૬ માં બેંક ક્રેડિટ વૃદ્ધિ ૧૬.૦૮% થઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪ પછી આ સૌથી ઝડપી ગતિ છે, જ્યારે સિસ્ટમમાં ક્રેડિટ વૃદ્ધિ ૨૦% થી વધુ વધી હતી. રિઝર્વ બેંકના તાજેતરના ડેટા અનુસાર, એક વર્ષ પહેલાની સરખામણીમાં આ સમયગાળા દરમિયાન થાપણોમાં પણ ૧૩.૪૭%નો વધારો થયો છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૪ પછીનો સૌથી વધુ વધારો છે. ડેટા દર્શાવે છે કે બેંકિંગ સિસ્ટમમાં કુલ લોન રૂ. ૨૧૩.૬૧ લાખ કરોડ હતી, જ્યારે થાપણો રૂ. ૨૬૨.૩૦ લાખ કરોડ હતી. ૩૧ માર્ચના રોજ પૂરા થયેલા પખવાડિયામાં લોન વિતરણમાં ૨.૮ ટકા અથવા રૂ. ૫.૯૨ લાખ કરોડનો વધારો થયો છે. જોકે, પાછલા પખવાડિયા દરમિયાન, લોન વિતરણમાં માત્ર ૦.૧ ટકા અથવા રૂ. ૧૮,૬૭૨ કરોડનો વધારો થયો છે. આ પખવાડિયા દરમિયાન થાપણોમાં ૪.૮૭ ટકા અથવા રૂ. ૧૨.૧૮ લાખ કરોડનો વધારો થયો છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે રિપોર્ટિંગ તારીખોમાં ફેરફારને કારણે આંકડાઓ ફુગાવાવાળા હોઈ શકે છે. જોકે, છેલ્લા કેટલાક મહિનામાં લોન વિતરણમાં ખાસ કરીને કોર્પોરે લોન





અને એમએસએમઈ ક્ષેત્રે સ્પષ્ટપણે વધારો થયો છે. રિટેલ ક્ષેત્રની વાત કરીએ તો, ગોલ્ડ લોનમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. છેલ્લા કેટલાક મહિનામાં બેંક ક્રેડિટમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી છે, જે મુખ્યત્વે વ્યાજ દરમાં ઘટાડાને કારણે છે. આમ, બોન્ડ માર્કેટ કરતાં બેંકો પાસેથી ઉધાર લેવાનું વધુ આકર્ષક બન્યું છે. બોન્ડ માર્કેટમાં ઉપજ કેટલાક સમયથી વધી રહી છે. વધુમાં, વિનિમય દરમાં વધઘટ અને વધતી વૈશ્વિક ઉપજને કારણે સ્થાનિક બેંક લોન કરતાં વિદેશમાંથી ભંડોળ એકત્ર કરવાનું થોડું મોંઘું બન્યું છે. રિપોર્ટિંગ તારીખોમાં ફેરફાર પણ લોન વૃદ્ધિના કેટલાક આંકડાઓમાં વધારો કરવામાં ફાળો આપે છે. સ્ટેટ બેંક , એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા બેંક અને અન્ય મુખ્ય બેંકોએ નાણાકીય વર્ષ ૨૦૨૬ ના ત્રીજા ક્વાર્ટર સુધીમાં તેમના કોર્પોરેટ લોન પોર્ટફોલિયો તેમજ તેમના એમએસએમઈ લોન પોર્ટફોલિયોમાં મજબૂત વૃદ્ધિ નોંધાવી છે.

## NSEના અનલિસ્ટેડ શેર ₹2,075 થી ઘટીને ₹1,885 પર આવ્યા: નવા રોકાણકારો OFSમાં ભાગ લઈ શકતા નથી, જૂનમાં IPO આવવાની અપેક્ષા

મુંબઈ, તા.19

NSEના IPO ના સમાચાર વચ્ચે તેના અનલિસ્ટેડ શેર 2,075 ની ઊંચી સપાટીથી ઘટીને 1,885 પર આવી ગયા છે. તેનું સૌથી મોટું કારણ SEBI નો તે નિયમ છે જેના હેઠળ ફક્ત તે જ રોકાણકારો IPO માં શેર વેચી શકે છે જેમણે ઓછામાં ઓછા એક વર્ષ પહેલાથી NSE ના શેર ધારણ કર્યા હોય.

NSE તેના IPO દ્વારા 20,000 કરોડથી વધુ એકત્ર કરવા માંગે છે. આ સંપૂર્ણપણે ઓફર ફોર સેલ (OFS) હશે એટલે કે NSE પોતે કોઈ નવા પૈસા એકત્ર કરશે નહીં. બધી રકમ હાલના શેરધારકોને મળશે જેઓ તેમની હિસ્સેદારી વેચવા માગે છે. NSE આ માર્ગે લગભગ 4 થી 4.5% ઈક્વિટી વેચશે. ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ એટલે કે DRHP જૂન સુધીમાં દાખલ થવાની અપેક્ષા છે.

NSE એ પહેલીવાર 2016 માં IPO માટે DRHP ફાઈલ કર્યું હતું, પરંતુ રેગ્યુલેટરી અને કાનૂની મુદ્દાઓને કારણે તેને પાછું ખેંચવું પડ્યું હતું. ત્યારથી કો-લોકેશન અને ડાર્ક ફાઈબર જેવા મામલાઓમાં તપાસ ચાલી રહી હતી, જેના કારણે IPO અટકી ગયો હતો.





NSE એ પહેલીવાર 2016 માં IPO માટે DRHP ફાઈલ કર્યું હતું, પરંતુ રેગ્યુલેટરી અને કાનૂની મુદ્દાઓને કારણે તેને પાછું ખેંચવું પડ્યું હતું. ત્યારથી કો-લોકેશન અને ડાર્ક ફાઈબર જેવા મામલાઓમાં તપાસ ચાલી રહી હતી, જેના કારણે IPO અટકી ગયો હતો.

SEBIના નિયમ મુજબ OFS માં શેર વેચવા માટે રોકાણકારે ડ્રાફ્ટ પેપર દાખલ થયાના ઓછામાં ઓછા એક વર્ષ પહેલાથી શેર હોલ્ડ કરવા પડશે. એટલે કે જૂન 2025 પહેલાના ખરીદદારો જ ભાગ લઈ શકે છે. જે રોકાણકારો આજે અનલિસ્ટેડ માર્કેટમાંથી શેર ખરીદશે, તેઓ IPO માં શેર વેચી શકશે નહીં. શેરધારકોએ OFS માં સામેલ થવા માટે 27 એપ્રિલ સુધી પોતાની સંમતિ પણ આપવી પડશે.

પહેલું કારણ: OFS ની પાત્રતા શરતે છેલ્લી ઘડીના રોકાણકારોને બહાર કરી દીધા છે. પહેલા લોકો મોડા શેર ખરીદીને IPO નો ફાયદો ઉઠાવતા હતા, હવે તે શક્ય નથી.

બીજું કારણ: વેલ્યુએશનને લઈને સવાલો ઉઠી રહ્યા છે. અનલિસ્ટેડ કિંમતો પહેલાથી જ ઘણી વધી ગઈ છે. હવે જેમ જેમ IPO નું માળખું સ્પષ્ટ થઈ રહ્યું છે, બજાર કિંમતોનું ફરીથી મૂલ્યાંકન કરી રહ્યું છે.

ત્રીજું કારણ: પ્રાઈમરી માર્કેટમાં હવે રોકાણકારો ફક્ત હાઈપ પાછળ નથી ભાગી રહ્યા, પરંતુ લિસ્ટિંગ પછીના પ્રદર્શન પર ધ્યાન આપી રહ્યા છે. NSE નો શેરધારક આધાર છેલ્લા એક વર્ષમાં ઝડપથી વધ્યો છે. 2025 ની શરૂઆતમાં જ્યાં લગભગ 39,000 રોકાણકારો હતા, ત્યાં વર્ષના અંત સુધીમાં આ સંખ્યા વધીને 1.8 લાખને પાર પહોંચી ગઈ.

આટલા મોટા અને વિખરાયેલા આધારને કારણે OFS ની પ્રક્રિયા જટિલ બની ગઈ છે. એક્સચેન્જે આ આખી પ્રક્રિયાને સંભાળવા માટે બેંકર્સ અને કાનૂની સલાહકારોની એક મોટી ટીમ નિયુક્ત કરી છે.

લાયક શેરધારકો માટે સૌથી મોટી અનિશ્ચિતતા કિંમતને લઈને છે, કારણ કે અંતિમ કિંમત બુક-બિલ્ડિંગ પ્રક્રિયા દ્વારા જ નક્કી થશે. આ ઉપરાંત, જો ઓફર કરાયેલા શેર સંપૂર્ણપણે વેચાતા નથી, તો બાકી રહેલા શેર પર લિસ્ટિંગ પછી 6 મહિનાનો લોક-ઈન પિરિયડ લાગુ થઈ શકે છે.

OFS: કંપનીના પ્રમોટરો અથવા જૂના રોકાણકારો તેમનો હિસ્સો સામાન્ય જનતાને વેચે છે. આમાંથી મળેલા પૈસા કંપની પાસે નહીં, પરંતુ શેર વેચનાર રોકાણકારો પાસે જાય છે.

અનલિસ્ટેડ માર્કેટ: અહીં એવી કંપનીઓના શેરની ખરીદ-વેચાણ થાય છે જે NSE અથવા BSE જેવા સ્ટોક એક્સચેન્જ પર સૂચિબદ્ધ નથી. આમાં રોકાણકારો કંપનીનો IPO આવે તે પહેલાં જ તેના શેર ખરીદી શકે છે, પરંતુ અહીં જોખમ અને ઉતાર-ચઢાવ વધુ હોય છે.

## અખાત્રીજથી અખાત્રીજ: સોનામાં વર્ષમાં રૂ.58000, ચાંદીમાં રૂ.161000 નો ઉછાળો

મુંબઈ, તા.19

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે વિશ્વબજાર પાછળ સોના-ચાંદીના ભાવ આંચકા પચાવી ફરી વધી આવ્યાના નિર્દેશો મળ્યા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૪૮૨૧થી ૪૮૨૨ વાળા વધી છેલ્લે સપ્તાહના અંતે ૪૮૩૦થી ૪૮૩૧ ડોલર રહ્યાના સમાચાર મળ્યા હતા. ઈરાન- અમેરિકા વચ્ચે થનારી વાટાઘાટો પર બજારના ખેલાડીઓની નજર રહી હતી. ઈઝરાયલ તથા લેબેનોન વચ્ચે યુધ્ધ વિરામ વચ્ચે ઈરાને સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ ખોલવાનું નક્કી કર્યા પછી અમેરિકાએ ઈરાનના પોર્ટો પર બ્લોકેડ ચાલુ રાખતાં તેના પગલે ઈરાને હોર્મુઝને ફરી બંધ કરી દીધાની ચર્ચા વિશ્વબજારમાં સંભળાઈ હતી. આના પગલે વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ ઘટયા મથાળેથી ફરી વધી આવ્યાના સમાચાર મળ્યા હતા. દરમિયાન, વિશ્વબજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ નીચામાં ૯૭.૬૩ થયા પછી ઉંચામાં ૯૮.૨૯ થઈ ૯૮.૨૩ છેલ્લે રહ્યાના સમાચાર હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૨.૯૫ વાળા રૂ.૯૨.૯૦ આસપાસ રહ્યા હતા. વિશ્વબજારમાં



બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ બેરલના નીચામાં ૮૬.૦૯ ડોલર થયા પછી છેલ્લે ભાવ ૯૦.૩૮ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રૂડના ભાવ નીચામાં ૮૦.૫૬ ડોલર થઈ છેલ્લે ભાવ ૮૩.૮૫ ડોલર રહ્યા હતા. હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પર ઈરાન દ્વારા ગનફાયર થતાં આવા જહાજો ઓમાન તરફ વળી રહ્યાના નિર્દેશો પણ મળ્યા હતા. ભારતમાં ઈરાન સુપર ટેન્કર દોરના ૨૦ લાખ બેરલ્સ ક્રૂડ ઓઈલ લઈ આવી પહોંચ્યાના વાવડ મળ્યા હતા. અમેરિકાએ રશિયાનું ઓઈલ આયાત કરવાની છૂટની મુદત ૧૬મી મે સુધી લંબાવ્યાના વાવડ પણ મળ્યા હતા. દરમિયાન, અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૫૬૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૫૭૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૧૦ હજાર વધી રૂ.૨૫૫૦૦૦ રહ્યા હતા.

# 'હવે તો સમજો, લઈ આવો પંજો': સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે કોંગ્રેસનું વિઝન ડોક્યુમેન્ટ જાહેર

## બારેમાસ શુદ્ધ પીવાનું પાણી, કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરી કાયમી ભરતીનું વચન

અમદાવાદ, તા.19

ગુજરાત કોંગ્રેસ વિઝન ડોક્યુમેન્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ વિઝન ડોક્યુમેન્ટની જાહેરાત કરી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અનુલક્ષીને રાજ્યના શહેરો માટે વિઝન ડોક્યુમેન્ટ રજૂ કરવામાં આવ્યું છે. 15 મહાનગરપાલિકા માટે કોંગ્રેસે વિઝન ડોક્યુમેન્ટ જાહેર કર્યું છે. પરિવર્તનનો સંકલ્પ કોંગ્રેસ જ વિકલ્પ, હવે તો સમજો... લઈ આવો પંજો ના નારા સાથે કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારો સુધી જવાની છે. નાગરિકોના સ્વપ્ન મુજબ શહેરોના વિકાસ કરવાની કોંગ્રેસ દ્વારા કમિટનમેન્ટ આપવામાં આવ્યું છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કમલમ, કટકી અને કૌભાંડ જ ચાલતો હોવાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. જ્યાં સુધી કમલમ સુધી ટકાવારી નથી પહોચતી ત્યાં સુધી ટેન્ડર બહાર ન પડતું હોવાનો પણ કોંગ્રેસ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. જેથી કોંગ્રેસ દ્વારા કમિટમેન્ટ આપવામાં આવ્યું છે કે હવે જે પણ ટેન્ડરની પ્રક્રિયા થશે તે લોકો જોઈ શકે તે રીતે કરવામાં આવશે. તેમજ ટેન્ડરની તમામ પ્રક્રિયા નાગરિકો માટે જાહેર કરવાની પણ કોંગ્રેસ કમિટમેન્ટ આપવામાં આવ્યું છે. તેમજ રાજ્યમાં થયેલા ભ્રષ્ટાચાર મુદ્દે સોશિયલ મીડિયાના માધ્યમથી પણ કોંગ્રેસ પ્રચાર કરશે.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાત પ્રગતિશીલ વિચારધારા સાથે એક એક ગુજરાતીએ ગુજરાતની સ્થાપનાથી લઈને આજ દિન સુધી સહિયારા પુરુષાર્થ સાથે ગુજરાત વસાવ્યું છે. ગુજરાતની સ્થાપનાથી લઈને આજદિન સુધી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સ્થાનિક લોકો દ્વારા વહીવટ કરવામાં આવે છે અને સ્થાનિક લોકો દ્વારા લોકોના પ્રશ્નોની ચિંતા પણ કરવામાં આવતી હતી. સત્તાનો કેન્દ્રીકરણ નહીં પણ સત્તાનું વિકેન્દ્રીકરણ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના માધ્યમથી જે પણ વહીવટ છે જે પણ નિર્ણયો છે



જે પણ વ્યવસ્થાઓ છે જે પણ વિકાસ છે એની સંપૂર્ણ સત્તા સ્વરાજની સંસ્થાઓના માધ્યમથી સ્થાનિક લોકોને આપવા માટેનું કોંગ્રેસનું વિઝન પણ કહ્યું છે કોંગ્રેસની વિચારધારા પણ રહી છે.

વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, 15 મહાનગરો અને 84 જેટલી નગરપાલિકા વિસ્તારોમાં મતદાન થવાનું છે. જ્યાંથી પ્રજા પોતાના આવનારા પાંચ વર્ષ માટેના પ્રતિનિધિ ચૂંટીને મોકલવાના છે. ત્યારે કોંગ્રેસનું આ શહેરી વિસ્તારો માટેનું જે વિઝન છે ત્યાં સ્થાનિક મુદ્દાઓને લઈને અને જનતા તરફથી જે અભિપ્રાયો મળ્યા છે સૂચનો મળ્યા રજૂઆતો મળી એના આધારે જનતાનો મેનિફેસ્ટો અને કોંગ્રેસનું કમિટમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. ગુજરાતના કે વધતા જતા શહેરી વિસ્તારોના આવનારા ભવિષ્ય સાથે અને સારું જીવન ધોરણ સાથે વિકાસ થાય એ કમિટમેન્ટ સાથે વિઝન જાહેર કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તારમાં માત્ર વિકાસની સાથે લોકોના સ્વપ્નનું કમિટમેન્ટ હોય તેવું વિઝન કોંગ્રેસનું છે. શાસકો પાસે નાગરિકો જ્યારે હિસાબ માંગે છે ત્યારે ભાજપના નેતાઓ હિસાબ આપી શકતા નથી અને જગ્યા છોડીને ભાગી જાય છે. નાગરિકો ટેક્સ ભરે છે છતાં પણ નાગરિકોને જોઈએ તેવી સુવિધા મળતી નથી.

વિઝન જાહેર કરી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં તમામ મહાનગરમાં નાગરિકોને બારેમાસ શુધ્ધ પીવાનું પાણી મળી રહે તેવું કોંગ્રેસનું કમિટમેન્ટ છે. જે લોકો રોડ રસ્તાની સમસ્યાથી પરેશાન છે અને ટ્રાફિકની સમસ્યા હોય તેનું પણ નિરાકરણ લાવીશું. વરસાદમાં કારણે અનેક પોસ વિસ્તારમાં પાણી ભરાઈ જાય છે જેથી વરસાદી પાણી ભરાવાનું નિરાકરણ આવે તેવી વ્યવસ્થા કરવાનું કોંગ્રેસનું વિઝન છે. તેમજ વરસાદમાં તબાહી ન થાય તેવું આયોજન કરવાની કોંગ્રેસ દ્વારા તૈયારી કરવામાં આવશે. સરકારી શિક્ષણ અને સારી આરોગ્ય સેવા મળે તેવું કોંગ્રેસનું કમિટમેન્ટ છે. નાગરિકો ગૌરવ સાથે વ્યવસ્થા મેળવી શકે તેવું આયોજન અને તેવું વ્યવસ્થા આપવાનું કામ કોંગ્રેસ દ્વારા કરવામાં આવશે.

માત્ર કૌભાંડ ચાલતા હોવાના આક્ષેપ સાથે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, અત્યારે કટકી કમિશન અને કૌભાંડ ભાજપ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કરી રહી છે. જ્યાં સુધી ટેન્ડરનું પેમેન્ટ કમલમ સુધી ન પહોંચે ત્યાં સુધી ટેન્ડર બહાર પાડવામાં આવતુ નથી. સમયાંતરે કમિશનની ટકાવારી પણ વધી જાય છે. તેમજ ટેન્ડરની તમામ પ્રક્રિયા લોકો જોઈ શકે તે રીતે કોંગ્રેસમાં શાસનમાં કરવામાં આવશે. ભાજપના ભ્રષ્ટાચારના કારણે અનેક દુર્ઘટનામાં માસુમ લોકોએ જીવ ગુમાવ્યો છે. પારદર્શિકતાની સાથે સાથે કામગીરી કરવાની જવાબદારી કોંગ્રેસ લેશે.

# PSIની 858 જગ્યા માટે લેખિત પરીક્ષા પૂર્ણ: અમદાવાદ શહેર અને ગ્રામ્યમાં 45 હજારથી વધુ ઉમેદવારો આવ્યા

## ઉમેદવારે કહ્યું- પરિણામ વહેલું જાહેર થાય તો ફાયદો થઈ શકે

અમદાવાદ, તા.19

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા PSIની 858 જગ્યા માટે બહાર પાડેલી ભરતીની લેખિત પરીક્ષા યોજવામાં આવી હતી. શારીરિક પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારો લેખિત પરીક્ષા આપી રહ્યા હતા. અમદાવાદ શહેર અને ગ્રામ્યમાં નક્કી કરાયેલા પરીક્ષા કેન્દ્ર પર 45 હજારથી વધુ ઉમેદવારોની લેખિત પરીક્ષા યોજાઈ હતી. બે સેશનમાં પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પહેલા સેશનમાં 9.30થી 12.30 સુધી પરીક્ષા લેવામાં આવી અને ત્યારબાદ બીજા સેશનમાં 3થી 6 વાગ્યા સુધી પરીક્ષા લેવાઈ હતી.

દરેક પરીક્ષા સેન્ટર પર ભરતી બોર્ડના પ્રતિનિધિને હાજર રાખવામાં આવ્યા હતા. પરીક્ષા કેન્દ્ર પર PI/ PSI કક્ષાના અધિકારીને ભરતી બોર્ડના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી તેમજ પરીક્ષા કેન્દ્ર પર કોઈ ગેરરીતિ ન થાય તે માટે CCTVની સાથે સાથે PI અને PSI સહિત દરેક કેન્દ્ર પર 6 પોલીસ કોન્સ્ટેબલ તેમજ ટ્રાફિક પોલીસ પણ રાખવામાં આવી હતી તેમજ કરાઈમાં આવેલા પોલીસ ભરતી



બોર્ડ સેન્ટ્રલ કંટ્રોલ રૂમ ખાતે તમામ પરીક્ષા સેન્ટર પરના CCVTનું મોનિટરિંગ કરવામાં આવ્યું હતું.

રાજ્યભરમાં શારીરિક પરીક્ષામાં પાસ થયેલા 1,10,680 ઉમેદવારો કુલ 371 જેટલા પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપી હતી, જેમાં અમદાવાદ શહેર અને ગ્રામ્યમાં 100 કરતા પણ વધુ કેન્દ્રો પર PSI ભરતી માટેની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં અમદાવાદ શહેર અને ગ્રામ્યમાં કુલ 45,910 ઉમેદવારોએ માટે પરીક્ષા યોજાઈ છે. પરીક્ષા સેન્ટર ઉમેદવારોના એરિજિનલ ડોક્યુમેન્ટ અને કોલ લેટર ચેક કરીને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

તેમજ શારીરિક કસોટી દરમિયાન ઉમેદવારોના મેળવવામાં આવેલ બાયોમેટ્રીક/ફોટોગ્રાફને લેખિત પરીક્ષા પહેલા બે વખત વેરીફીકેશન કરવામાં આવ્યા હતા તેમજ Facial recognition technologyનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે બાદ ઉમેદવારોને વર્ગખંડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. વહેલી સવારથી જ ઉમેદવારોના સાથે-સાથે તેમના પરિવારજનો પણ પરીક્ષા સેન્ટર પહોંચી ગયા હતા. 858 જેટલી જગ્યા માટે પરીક્ષા લેવાતી હોવાથી ઉમેદવારોના ચહેરા પર ઉત્સાહ જોવા મળી રહ્યો હતો તેમજ પરીક્ષા સરળ રહેશે એવી આશા સાથે ઉમેદવારો પરીક્ષા આપી હતી.

મોડાસાથી આવેલા રોહિત ભરવાડે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષથી સરકારી પરીક્ષા માટેની તૈયારીઓ કરી રહ્યો છું. ગઈ વખતે પણ PSIની પરીક્ષા આપી હતી. પરંતુ કેટલીક ભૂલોના કારણે તેમના પાસ થઈ શક્યો નહતો. જો કે આ વખતે તેમાં જે ભૂલ થઈ છે તે સુધારવા માટેનો પ્રયાસ કર્યો છે. જૂની બધી ભૂલી સુધારી પરીક્ષા માટેની તૈયારીઓ કરી છે. આ વખતે મેઈન્સની તૈયારીમાં સૌથી વધુ ફોકસ કર્યું છે. પરીક્ષાની તૈયારીઓ સારી કરી છે. ઉમેદવાર વૈશાલીબેને જણાવ્યું હતું કે, ગયા વખત કરતા આ વખતે પરીક્ષાની તૈયારીઓ ઘણી સારી કરી હતી.

# 'જેવા આવ્યા છો એવા અહીંયાથી નીકળી જાઓ': રામોલ-હાથીજણમાં ખાડાઓને લઈને ભાજપના ઉમેદવાર પર મહિલા વિફરી, '10 વખત કહ્યું છતાં કામ ના કર્યું'

અમદાવાદ, તા.19

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ચાલી રહી છે, ત્યારે ઉમેદવારો હવે દોડતું ડોર પ્રચારમાં નીકળી રહ્યા છે. ત્યારે પ્રજા પોતાનો રોષ તેમની સામે ઠાલવી રહી છે. અમદાવાદમાં એક બાદ એક ભાજપના ઉમેદવારોનો વિરોધ થઈ રહ્યો છે. રામોલ- હાથીજણ વોર્ડમાં મત માંગવા ગયેલા ભાજપના પૂર્વ કોર્પોરેટર અને ઉમેદવાર એવા મૌલિક પટેલ અને કાર્યકર્તાઓનો મહિલાએ વિરોધ કર્યો હતો.

મહિલાએ રોડ પર પડેલા ખાડા અને અન્ય સમસ્યાઓને લઈને જ્યારે 10 વખત રજૂઆત કરી ત્યારે જોવા આવ્યો નહીં અને હવે મત માંગવા માટે આવ્યા છો એટલે જેવા આવ્યા છો એવા અહીંયાથી નીકળી જાઓ એમ કહી વાત કરી હતી. મહિલા ઉગ્ર વિરોધ કરી રહી હતી ત્યારે કાર્યકર્તા વચ્ચે બોલતા દારૂડિયાઓને લઈને આવો છો એવું પણ બોલી હોવા અંગેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

અમદાવાદના રામોલ-હાથીજણ વોર્ડમાં ભાજપના ઉમેદવાર મૌલિક પટેલ તેમના કાર્યકર્તાઓની સાથે રાત્રે ડોર પ્રચારમાં નીકળ્યા હતા. વોર્ડમાં પ્રચાર દરમિયાન એક સોસાયટીમાં જતા મહિલાએ વિરોધ કર્યો હતો. મહિલાએ કહ્યું હતું કે, પાંચ વર્ષમાં તમે અત્યારે દેખાયા છો પછી અમને ઓળખતા નથી. જ્યારે અમે તમને ફરિયાદ કરીએ છીએ ત્યારે તમે અમને કોઈ સપોર્ટ કરતા નથી. ખાડા ટેકરા માટે અનેક વખત રજૂઆત કરી છે. મૌલિક પટેલને 10 વખત કહ્યું છે. મૌલિક પટેલને તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો તો તેમણે કહ્યું હતું કે જેવા આવ્યા છે એવા અહીંયાથી નીકળી જાઓ.

મહિલા જ્યારે બોલી રહી હતી ત્યારે ભાજપના કાર્યકર્તા સામે બોલતા મહિલાએ કહ્યું હતું કે, બધા પીધેલાને લઈને તમે આવી જાવ



છો. જેથી કાર્યકર્તાઓએ કહ્યું હતું, અમે કોઈ પીધેલાઓને લઈને નથી આવતા. તમે પીધેલા હશો એવી રીતે પણ વાત કરી હતી. મૌલિક પટેલ સામે ઉગ્રતાથી મહિલાએ વિરોધ કર્યો હતો.

મહિલા ઉગ્રતાથી વિરોધ કરી રહી હતી અને અમારી સોસાયટીમાં નહીં આવવાનું એવું કહ્યું ત્યારે એક કાર્યકર્તા બોલ્યો હતો અને કહ્યું હતું કે સોસાયટી તમારા બાપની નથી. કાર્યકર્તા ઉગ્ર થઈને કહ્યું હતું કે મત ના આપવો હોય તો કંઈ નહીં. એમાં શું છે.

મહિલા ઉગ્રતાથી વિરોધ કરી રહી હતી અને સંભળાવી રહી હતી ત્યારે ભાજપના કાર્યકર્તા બોલ્યા હતા કે, અમે ખબર અંતર પૂછવા માટે આવ્યા હતાં. ત્યારે મહિલાએ કહ્યું હતું કે, અહીંયા નહીં હોસ્પિટલમાં પૂછવા જવાનું હોય. શાંતિથી વાત કરવાનું કહેતા મહિલાએ કહ્યું હું શું કરવા શાંતિથી વાત કરું. મહિલાએ ભાજપના ઉમેદવાર અને કાર્યકર્તાઓને કામ ન કર્યા હોવા બાબતે સંભળાવ્યું હતું જેને ભાજપના કાર્યકર્તાઓ સાંભળી શક્યા નહોતા અને મહિલાને પણ સામે બોલવા લાગ્યા હતા.

અમદાવાદના લાંભા વિસ્તારમાં અપક્ષ ઉમેદવાર કાળુભાઈ ભરવાડનો પણ વિરોધ પ્રજા દ્વારા કરવામાં આવી રહ્યો છે. લાંભાના અલગ અલગ વિસ્તારોમાં અપક્ષ ઉમેદવાર 'કાળુભાઈ ભરવાડ અહિયાં વોટ માંગવા આવવું નહીં'એવા બેનર લગાવવામાં આવ્યા છે. અપક્ષના કોઈપણ ઉમેદવારે વોટ માંગવા આવવું નહીં એવા બેનર લગાવીને વિરોધ કર્યો છે. જ્યારે સોસાયટીમાં 'કાળુભાઈ ભરવાડ ભાજપના દલાલ બનીને પ્રજાના હિતના ચેડા કરવા મત માંગવા આવવું નહીં' એવા બેનર લગાવવામાં આવ્યા છે. લાંભા વોર્ડમાં અપક્ષના ઉમેદવાર કાળુભાઈ ભરવાડ નો ઠેર ઠેર વિરોધ પણ થઈ રહ્યો છે.

અમદાવાદના લાંભા વોર્ડમાં ભાજપના ઉમેદવારોનો લોકોએ ખૂબ જોરશોરથી વિરોધ કર્યો હતો. લાંભાના મોતીપુરા ચોક વિસ્તારમાં સુંદરમ નગર સોસાયટીમાં ભાજપની મીટીંગ ચાલતી હતી જે દરમિયાનમાં સ્થાનિક લોકો દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. હોબાળો થતાં પોલીસ બોલાવી પડી હતી. જેથી નારોલ પોલીસની ગાડીઓ સુંદરમ નગર સોસાયટી ખાતે પહોંચી હતી. ત્યારબાદ ભાજપના લાંભા વોર્ડના ઉમેદવાર ડો. ચાંદની પટેલ, અંજુ ઠાકોર અને રાહુલ માટિયા (ભરવાડ) સહિતના ઉમેદવારને ગાડીમાં બેસીને નીકળી જવું પડ્યું હતું. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભાજપના લાંભા વોર્ડના ચારે ઉમેદવાર મોતીપુરા ચોક વિસ્તારમાં આવેલી સુંદરમ નગર સોસાયટીમાં ગ્રુપ મીટીંગ કરવા માટે પહોંચ્યા હતાં, જ્યાં મોટી સંખ્યામાં લોકો ભેગા થયેલા હતા.

# APK ફાઈલ ડાઉનલોડ કરતા સાવધાન: સિવિલ હોસ્પિટલના નર્સે RTO ચલણના નામની APK ફાઈલ ડાઉનલોડ કરતા 7 લાખ ઉપડી ગયા

અમદાવાદ, તા.19

અમદાવાદના સિવિલ હોસ્પિટલના નર્સ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. નર્સને અજાણ્યા નંબર પરથી RTO ચલણની APK ફાઈલ આવી હતી. આ APK ફાઈલ ડાઉનલોડ કર્યાં બાદ નર્સના ખાતામાંથી 7 લાખ રૂપિયા ઉપડી ગયા હતા. નર્સે સમગ્ર મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.




નવા નરોડામાં રહેતા 55 વર્ષીય મહિલા સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. નર્સને 26 ઓક્ટોબરથી 29 ઓક્ટોબર દરમિયાન અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં RTO ચલણની APK ફાઈલ હતી. RTO ચલણ હોવાથી નર્સે ફાઈલ ડાઉનલોડ કરી હતી. આ ફાઈલ ડાઉનલોડ કર્યાં થોડા દિવસમાં જ નર્સના બેંકના ખાતામાંથી 5 અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા 7 લાખ રૂપિયા ઉપડી ગયા હતા.

નર્સને જ્યારે બેન્કનો મેસેજ આવ્યો ત્યારે તેમને તપાસ કરી હતી. નર્સ બેંકમાં ગયા ત્યારે તેમને જાણ થઈ હતી કે અજાણ્યા વ્યક્તિએ તેમની જાણ બહાર તેમણે બેંક એકાઉન્ટમાંથી 7 લાખ ઉપાડી દીધા છે. નર્સે આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

# વટવામાં ભાજપની કેસરિયા પદયાત્રા: ઉમેદવારોએ સાફો પહેરી વિજયના વિશ્વાસ સાથે પ્રચાર કર્યો, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી પણ જોડાયા

અમદાવાદ, તા.19

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને ભાજપ દ્વારા પ્રચાર જોરશોરથી કરવામાં આવી રહ્યો છે. આજે 19 એપ્રિલના રોજ રવિવારે વટવા વોર્ડમાં પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રા રણછોડ રાયજી મંદિર થઈને વટવા વોર્ડના અલગ અલગ વિસ્તારોમાં ફરી હતી. વટવા વોર્ડના ભાજપના ચારેય ઉમેદવારનું લોકોએ સ્વાગત કર્યું હતું અને ઠેર-ઠેર જગ્યાએ ઉમેદવારોએ લોકોનું અભિવાદન



ઝીલ્યું હતું. યાત્રામાં પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ અને વટવા ધારાસભ્ય બાબુસિંહ જાદવ પણ જોડાયા હતા. વટવામાં છેલ્લા ઘણા ટર્મથી ભાજપ માટે એક ગઢ સમાન રહ્યું છે, તેવા સમયે આ ગઢ જાળવી રાખવા અને વિકાસ વધે તેવો પ્રયાસ ઉમેદવાર કરી રહ્યા છે. ઉમેદવારોએ શહેરના પશ્ચિમની જેમ જ પૂર્વનો પણ વિકાસ થાય તેવો વિશ્વાસ લોકોને અપાવ્યો હતો. ભાજપના ઉમેદવાર પ્રતિક પટેલે જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા છેલ્લા 12 વર્ષમાં વટવામાં જે વિકાસ કર્યો છે, તેના આધારે ભવ્ય જીત મેળવવા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું કે, વટવા વિધાનસભામાં વિકાસની હરણફાળ ભરી છે અને આ વિકાસ અવિરત રહેશે. ભાજપના ચારે ઉમેદવારો માથા ઉપર સાફો પહેરી અને પ્રચારમાં નીકળ્યા હતાં. પૂર્વગ્રહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ભાજપના ઝંડા સાથે આકરી ગરમીમાં પ્રચારમાં નીકળ્યા હતા. વટવાના અલગ-અલગ વિસ્તારોમાં આ રેલી નીકળી હતી અને ઉમેદવારોએ પોતાની ભવ્ય જીતનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.





